


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 19 SEPTEMBER, 2025 Vol. 23, No. 36 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ટ્રમ્પે યુએસ કોંગ્રેસને અહેવાલ સુપ્રત કરતાં ટ્રાન્ઝિટ રુટ તરીકે ઉપયોગમાં લેવાતા દેશોની યાદી સોંપી

# ભારત, પાક., ચીન ડ્રગ્સ ઉત્પાદન કેન્દ્રો : ટ્રમ્પનો આરોપ

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે નવો ફણગો ફોડયો છે. તેણે, ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીનને વિશ્વના અગ્રણી ડ્રગ્સ ઉત્પાદન કેન્દ્ર ગણાવ્યા છે, જે અમેરિકાના યુવાધનને પાયમાલ કરે છે. ટ્રમ્પે યુએસ કોંગ્રેસ સમક્ષ રજૂ કરેલા પ્રેસિડેન્સિટલ ડિટરમિનેશન વિશ્વના કુલ ટોચના 23 ડ્રગ ઉત્પાદન કરતાં દેશો, કેન્દ્રો અને ટ્રાન્ઝિટ રુટ તરીકે ઉપયોગમાં લેવાતા દેશોની યાદી સોંપી હતી.



ટ્રમ્પના જણાવ્યા મુજબ આ દેશોમાં ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીન ઉપરાંત બહામાસ, બેલિઝ, બોલિવિયા, બર્મા, કોલંબિયા, કોસ્ટારિકા, ડોમિનિકન રિપબ્લિકન, અલ સાલ્વાડોર, ગ્વાટેમાલા, હૈતી, હોન્ડુરાસ, જમૈકા, લાઓસ, મેક્સિકો, નિકારાગુઆ, પનામા, પેરુ અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે. ટ્રમ્પે આ દેશોના નામ કોંગ્રેસને સોંપ્યા છે. આ દેશો અમેરિકા અને અમેરિકન નાગરિક માટે જોખમી હોવાનું જણાવ્યું છે. આ દેશો અમેરિકામાં ગેરકાયદે ડ્રગ્સ ઘૂસાડવા અને ક્યાં તો તેમના પરિવહન કે ઉત્પાદન માટે જાણીતા છે.

પ્રેસિડેન્સિયલ ડિટરમિનેશનમાં વિદેશ વિભાગે જણાવ્યું હતું કે આ ૨૩ દેશોમાંથી પાંચ દેશો અફઘાનિસ્તાન, બોલિવિય, બર્મા, કોલંબિયા અને વેનેઝુએલા તો ડ્રગ્સના દૂષણને નાથવામાં સદંતર નિષ્ફળ ગયા હતા. આના પગલે તાજેતરમાં જ અમેરિકાએ આવા જ એક વેનેઝુએલાના ડ્રગ્સની તસ્કરી કરતા જહાજ પર હુમલો કરવો પડયો હતો.

## ભારતીય બિઝનેસ અને કોર્પોરેટ અધિકારીઓના વિઝા રદ કરાયા

અમેરિકાએ ડ્રગ્સની હેરાફેરીના આરોપ લગાવી ભારતના કેટલાક બિઝનેસ તથા કોર્પોરેટ અધિકારીઓના વિઝા રદ કર્યા છે. અમેરિકાનો આરોપ છે કે આ અધિકારીઓ અમેરિકામાં ફેન્ટાનીલની હેરફેરમાં સામેલ હતા. ભારતમાં અમેરિકાની એમ્બેસીએ આ અંગે પ્રેસ રીલીઝ જાહેર કરી જાણકારી આપતા કહ્યું, કે અમેરિકાના લોકોને ખતરનાક સિન્થેટિક પદાર્થોના ખતરાથી બચાવવા માટે અમુક ભારતીય કંપનીઓના વિઝા રદ કર્યા છે. બિઝનેસ સાથે જોડાયેલા લોકો તથા તેમના પરિવાર અમેરિકાની યાત્રા કરી શકશે નહીં. ભવિષ્યમાં પણ ફેન્ટાનીલની હેરફેર કરતી કંપનીના અધિકારીઓને ઓળખી તેમને વિઝા આપવામાં આવશે નહીં.

# દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોના રક્ષક બની ગયા છે : રાહુલ ગાંધી

### દિલ્હીમાં પત્રકારો સમક્ષ રાહુલે કર્ણાટકમાં ડિલીટ થયેલા મતદારોની વિગત જાહેર કરી

**નવી દિલ્હી**

રાહુલ ગાંધીએ ગુરૂવારે ફરી વોટ ચોરી મુદ્દે વધુ એક સનસનીખેજ આક્ષેપ કર્યો હતો. તેમણે ફરી એકવાર પ્રેસ કોન્ફરન્સ યોજીને વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ દરમિયાન તેમણે કેટલાક પુરાવા રજૂ કરીને દાવો કર્યો હતો કે, 'દેશમાં એક એવી તાકાત છે, જેણે વોટિંગ સિસ્ટમને હાઈજેક કરી વોટ ડિલીટ કરી દીધા છે, નવા વોટ ઉમેરાઈ રહ્યા છે. દેશની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. દેશના વોટ ચોરોને મુખ્ય ઈલેક્શન કમિશર જ છાવરી રહ્યા છે, જેના મારી પાસે સચોટ પુરાવા છે. હવે હું 'વોટ ચોરી' મુદ્દે ટૂંક સમયમાં જ 'હાઈડ્રોજન બોમ્બ' ફોડવાનો છું.' રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારતના ઈન્સ્ટિટ્યુશન્સ આ કામ કરી રહ્યા નથી. તેથી હું તેમનું કામ કરી રહ્યો છું. મારું કામ સત્ય બહાર લાવવાનું છે. ભારતની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. રાહુલ ગાંધીએ આ તકે કર્ણાટકની આલંદ મત વિસ્તારમાં ડિલીટ થયેલા મતદારોની વિગત જાહેર કરી હતી.

### રાહુલ ગાંધી ભારતમાં બાંગ્લાદેશ-નેપાળ જેવી સ્થિતિ પેદા કરવા માંગે છે : ભાજપ



કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે રાહુલ ગાંધીના "વોટ ચોરી"ના આરોપોની ટીકા કરતાં અનુરાગ ઠાકુરે કહ્યું કે રાહુલ ગાંધી ભારતમાં બાંગ્લાદેશ અને નેપાળ જેવી પરિસ્થિતિ ઊભી કરવા માંગે છે. ભારતનું ચૂંટણી પંચ કોઈપણ પક્ષપાત વિના કામ કરી રહ્યું છે. રાહુલ ગાંધી લોકશાહીને નબળી પાડી, નાગરિકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

### દેશના Gen Z બંધારણ બચાવશે, હું તેમની સાથે છું : રાહુલ ગાંધી



રાહુલ ગાંધીએ એક્સ પર લખ્યું છે કે, 'દેશના યુવા, દેશના વિદ્યાર્થીઓ, દેશની Gen Z બંધારણને બચાવશે, લોકશાહીની રક્ષા કરશે અને વોટ ચોરીને રોકશે. હું તેમની સાથે હંમેશા ઉભો છું. જય હિંદ!' આ પહેલા તેમણે કોંગ્રેસ મુખ્યાલય 'ઈન્દિરા ભવન'માં મીડિયા સાથે વાતચીત કરતાં કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનરે બહાના બનાવવાનું બંધ કરીને કર્ણાટકની સીઆઈડીને વોટ ચોરીના પુરાવા સોંપવા જોઈએ.

### આરોપો પાયાવિહોણા અને ખોટા છે : ઈલેક્શન કમિશનર

રાહુલ ગાંધીના 'વોટ ચોરી'ના દાવાઓને ચીફ ઈલેક્શન કમિશ્નર જ્ઞાનેશ કુમારે ખોટા અને આધારહિન ગણાવ્યા છે. જ્ઞાનેશ કુમારે કહ્યું કે, રાહુલ ગાંધીના તમામ આરોપો ખોટા છે. ક્યારે પણ વોટ ઓનલાઈન ડિલીટ થઈ શકે નહીં. આલંદમાં વોટ ડિલીટના પ્રયાસની જાણ થતાં અમે પોતે જ એફઆઈઆર નોંધાવી હતી. ચૂંટણી પંચે જણાવ્યું કે, કોઈપણ વોટ ઓનલાઈન ડિલીટ થઈ શકે જ નહીં. તેમાં પણ જે રીતે રાહુલ ગાંધીએ સમજાવ્યું છે, તે મુજબ સામાન્ય પ્રજા આવું કરી શકે નહીં. વોટ ડિલીટ કરતાં પહેલાં પ્રભાવિત વ્યક્તિને પોતાનો પક્ષ રજૂ કરવાની પૂરેપૂરી તક મળે છે.

# બાંગ્લાદેશમાં હવે સ્કૂલમાં નૃત્ય અને સંગીતના વિરોધથી અજંપો

**ઢાકા**

બાંગ્લાદેશમાં શિક્ષણ વ્યવસ્થા હાલમાં વિવાદનું કેન્દ્ર બની છે. મોહમ્મદ યુનુસ વહીવટીતંત્રની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) મુજબ, પ્રાથમિક શાળાઓમાં સંગીત અને નૃત્યના શિક્ષકોની નિમણૂક કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ પગલાનો હેતુ બાળકોને કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મક શિક્ષણ સાથે જોડવાનો છે, પરંતુ જમાત-એ-ઈસ્લામી, ખિલાફત મજલિસ અને બાંગ્લાદેશ ખિલાફત આંદોલન જેવા કટ્ટરવાદી જૂથોએ આ પ્રસ્તાવનો સખત વિરોધ શરૂ કર્યો છે.

કટ્ટરવાદી સંગઠનોનું કહેવું છે કે નાની ઉંમરે સંગીત અને નૃત્ય શીખવાથી ધાર્મિક શિક્ષણ નબળું પડી શકે છે. તેમનો મત છે કે આનાથી બાળકો નાસ્તિક બની શકે છે અને ભવિષ્યની પેઢી ઈસ્લામમાં શ્રદ્ધા ગુમાવી શકે છે. તેથી, તેઓ માંગ કરી રહ્યા છે કે શાળાઓમાં ધાર્મિક અને નૈતિક શિક્ષણને ફરજિયાત બનાવવું જોઈએ. ઈસ્લામિક મૂવમેન્ટ બાંગ્લાદેશના વડા સૈયદ રેજાઉલ કરીમના જણાવ્યા મુજબ, સંગીત અને નૃત્ય બાળકોમાં ભ્રષ્ટાચાર અને નૈતિક અધઃપતનને પ્રોત્સાહન આપશે. કટ્ટરવાદી જૂથોએ યુનુસ વહીવટીતંત્રને સીધી ચેતવણી આપતા જણાવ્યું છે કે જો પ્રાથમિક શાળાઓમાં કલા શિક્ષકોની ભરતી થશે, તો તેઓ રસ્તા પર ઉગ્ર વિરોધ પ્રદર્શનો કરશે.









# ઈન્ડો-કનેડિયન હ્યુમન રાઈટ્સ એસેમ્બલી દ્વારા યુનિટી બીચ મેરેથોન

## ૨૦૦થી વધુ ઉત્સાહીઓએ ભાગ લીધો, તમામ ઉંમરના લોકો દ્રશ્યમય લેકસાઈડ ટ્રેલ પર દોડયા



**સ્કારબોરો**

ગત તા.૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ઈન્ડો-કનેડિયન હ્યુમન રાઈટ્સ એસેમ્બલીએ ગૌરવપૂર્વક પાંચમી વાર્ષિક પદ્ધ યુનિટી બીચ મેરેથોનનું આયોજન રૂઝ હિલ વોટરફ્રન્ટ ટ્રેલ ખાતે કર્યું હતુ. જેમાં ૨૦૦થી વધુ ઉત્સાહીઓએ ભાગ લીધો હતો. જ્યારે પુત્રીઓ ઉંચે ઉઠે, ત્યારે રાષ્ટ્રો ફલે છે, થીમ હેઠળ યોજાયેલી આ મેરેથોન, **CIBC Run for the Cure Terry Fox Run** અને વિકસિત ભારત રન જેવી કેનેડાની અર્થસભર દોડ પરંપરામાં ઉમેરાઈ હતી. સૌ પ્રથમ પ્રણવ પટેલ (બેરિસ્ટર અને ઈન્ડોકનેડિયન હ્યુમન રાઈટ્સ એસેમ્બલીના ડિરેક્ટર)એ સૌનું સ્વાગત કર્યું હતુ. કાર્યક્રમ સવારે ૧૦:૦૦ વાગ્યે સહભાગી તમામની નોંધણી બાદ સમુદાયના અગ્રણી નેતાઓ અને વ્યાવસાયિકોના પ્રેરણાદાયી ભાષણો થયા હતા. જેમાં ધવલ વેદિયા (ડિરેક્ટર, ઈન્ડોકનેડિયન હ્યુમન રાઈટ્સ એસેમ્બલી અને સિનિયર ડિરેક્ટર કેનેડિયન ઈમ્પિરિયલ બેંક ઓફ્ કોમર્સ), ગીતીકા શર્મા (એમ્પ્લોયમેન્ટ કોચ), વિજયભાઈ પટેલ (પ્રમુખ, સોલેસ ફઉન્ડેશન અને પાટીદાર કેનેડા), વીથા કૃષ્ણમૂર્તિ (સંસ્કૃત વક્તા, સંસ્કાર ભારતી), નવલ બજાજ, ઋતેશ મલિક, ચેર, કેનેડા ઈન્ડિયા ફઉન્ડેશન),

ડૉ. ઋતુવી અને સુહાંગી બ્રહ્મભટ્ટ (મેડિકલ પ્રોફ્રેશનલ અને મેડિકલ સ્ટુડન્ટ), સન્ની પટેલ (સ્ટુડન્ટ લીડ, શુલિચ સ્કૂલ ઓફ્ બિઝનેસ જ યોર્ક યુનિવર્સિટી) વગેરે મહાનુભાવોનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિપુલ પટેલ (CEO વિદ્યાફૂડ્સ), ઋતેશ પટેલ, નરેશ કે પટેલ, ફ્રેનિલ પટેલ, ધનંજય શાહ, ચૈતાલી દેસાઈ, નિસાર પટેલ અને અનેક લોકો સામેલ હતા. કાર્યક્રમની સફળતા પાછળ સ્વયંસેવકોનું મોટું યોગદાન રહ્યું હતુ, જેમાં પન્નાબેન પટેલ, કેતકી પટેલ, રિપલ પટેલ, દેવાંગ પટેલ, વૈભવી વેદિયા, નિમિત વેદિયા અને ઘણા અન્યનો સમાવેશ થાય છે. સવારે ૧૧:૧૫ વાગ્યે દોડની સત્તાવાર શરૂઆત થઈ, જેમાં તમામ ઉંમરના લોકો દ્રશ્યમય લેકસાઈડ ટ્રેલ પર દોડયા અને ચાલ્યા હતા. બપોરે ૧૨:૩૦ વાગ્યે, સૌ ભાગ લેનારાઓને વધાવવા માટે ભીડ ફ્રી એકવાર ફિનિંશ લાઈન પર એકત્ર થઈ હતી. કાર્યક્રમનું એક વિશેષ આકર્ષણ હતું.

સશક્ત પુત્રીઓ માટે પ્રતીકાત્મક કેક કાપવાની વિધિ થઈ હતી. દરેકના યોગદાનને સન્માન આપવા માટે સર્ટિફિકેટ્સ ઑફ્ કમ્પ્લિશન વિતરણ કરાયા હતા. જે બાદ સૌને હળવો નાસ્તા અને પાર્ટિસિપેશન બેગ્સ આપવામાં આવ્યા હતા. આયોજકો પ્રણવ પટેલ અને ધવલ વેદિયાએ જણાવ્યું કે, આ મેરેથોન વૈશ્વિક પરંપરાનો એક ભાગ છે. જ્યાં દોડ મજબૂતાઈ, એકતા અને આશાનું પ્રતિક છે.

જેમ કે, **CIBC Run for the Cure Terry Fox Run** અને વિકસિત ભારત રન, તેમ આજે ડ્લગૂબ ાેમપ શોીૂપદલ આપણને યાદ અપાવે છે કે જ્યારે આપણે પુત્રીઓને સશક્ત બનાવીએ છીએ, ત્યારે આપણે પેઢીઓને સશક્ત બનાવીએ છીએ. ઈન્ડોકનેડિયન હ્યુમન રાઈટ્સ એસેમ્બલી તમામ વક્તાઓ, સ્વયંસેવકો અને ભાગ લેનારાઓનો આભાર માને છે. અંતે વર્ષે ૬મી વાર્ષિક યુનિટી બીચ મેરેથોનને વધુ ભવ્ય બનાવવાની જાહેરાત કરાઈ હતી.

# ટોરોન્ટો હાઈસ્કૂલ નજીક નાનું વિમાન ક્રેશ થયું, 3 લોકોનો આબાદ બચાવ

**ટોરોન્ટો**

સોમવારે રાત્રે ટોરોન્ટોના પૂર્વ છેડે એક હાઈ સ્કૂલ નજીક એક નાનું વિમાન ક્રેશ થયું હતુ, જો કે, તેમાં સવાર ત્રણ લોકો સુરક્ષિત રીતે બહાર નીકળી જતા બચી ગયા હતા. ટોરોન્ટોના ફાયર ચીફ જીમ જેસોપના જણાવ્યા અનુસાર હેન્સન સ્ટ્રીટ અને કોક્સવેલ એવન્યુ વિસ્તારમાં મોનાર્ક પાર્ક કોલેજિયેટ ઈન્સ્ટિટ્યૂટની બહાર વિમાન ક્રેશ થયું હતુ. રાત્રે 8:15 વાગ્યા પછી તરત જ ફાયર ફાઈટર્સને ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા. જ્યારે ક્રૂ પહોંચ્યા, ત્યારે તેઓએ જોયું કે, વિમાન ગ્રાન્ડસ્ટેન્ડની બાજુમાં પાર્કિંગ લોટમાં વાડ સાથે અથડાયું હતું. 30થી 40 વર્ષની વયના ત્રણ લોકો બોર્ડ પર હતા. ટોરોન્ટો પેરામેડિક્સ દ્વારા તેમનું સ્થળ પર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતુ. જેસોપે ઘટનાસ્થળની નજીક પત્રકારોને જણાવ્યું હતું કે, ક્રેશ સ્થળ ફૂટબોલ મેદાનની નજીક છે, પરંતુ ફૂટબોલ રમી રહેલા મેદાન પર કોઈને ઈજા થઈ નથી. વિમાન વાડ સાથે અથડાયું હતુ. મને લાગે છે કે, તે ઝાડમાંથી પસાર થયું અને પછી જમીન પર પડ્યું અને વાડ સાથે લપસી ગયું હતુ.

તેથી અમે ખૂબ જ ભાગ્યશાળી હતા કે તે બધા લોકો ફૂટબોલ રમતા મેદાન પર ઉતર્યું નહીં અથવા ક્રેશ થયું નહીં, જેસોપે કહ્યું કે જનતા માટે કોઈ જોખમ નથી. ટોરોન્ટો ફાયર સર્વિસે ટ્રાન્સપોર્ટ કેનેડા અને ટોરોન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડને જાણ કરી હતી.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992
Email :- info@swadesh.news


# કેનેડામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર કબજો કરવાની ખાલિસ્તાનીઓની ધમકી

## નવા ભારતીય હાઈ કમિશનર દિનેશ પટનાયક પર જાસૂસીના આરોપો મુકતા બેનરો મુકાયા, અન્ય ભારતીયોને દૂતાવાસ પાસે ન જવા ચેતવણી

**વાનકુવર**

કેનેડામાં ભારત વિરુદ્ધ ખાલિસ્તાન સમર્થકોનો વિરોધ ફરી એકવાર ભડકી ઉઠ્યો છે. અહેવાલ છે કે SFJ એટલે કે શીખ્સ ફોર જસ્ટિસે વાનકુવરમાં ભારતીય કોન્સ્યુલેટ (વાણિજ્ય દૂતાવાસ) પર કબજો કરવાની ધમકી આપી છે. એટલું જ નહીં, ભારતીયોને તે વિસ્તારમાં ન જવાની ચેતવણી પણ આપવામાં આવી છે. જોકે, ભારત કે કેનેડિયન સરકાર દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખાલિસ્તાની જૂથે ગુરુવારે કોન્સ્યુલેટની મુલાકાત લેવાનું આયોજન કરી રહેલા લોકોને અલગ તારીખ પસંદ કરવા કહ્યું છે. SFJ દ્વારા એક પોસ્ટર પણ બહાર પાડવામાં આવ્યું છે, જેમાં કેનેડામાં નવા ભારતીય હાઈ કમિશનર દિનેશ પટનાયકનો ફોટો છે. તેમના ચહેરા પર નિશાન બનાવવાના ચિહ્નો છે. આરોપો લગાવવામાં આવી રહ્યા છે કે ભારતીય કોન્સ્યુલેટ દ્વારા જાસૂસી નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે.

ખાલિસ્તાની જૂથનો આરોપ છે કે, કોન્સ્યુલેટ દ્વારા ખાલિસ્તાનીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમની દેખરેખ રાખવામાં આવી રહી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'બે વર્ષ પહેલા 18 સપ્ટેમ્બર, 2023ના રોજ વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ સંસદમાં કહ્યું હતું કે, હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની ભૂમિકાની તપાસ ચાલી રહી છે. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'બે વર્ષ થઈ ગયા છે અને ભારતીય કોન્સ્યુલેટ ખાલિસ્તાની જનમતના પ્રચારકોને નિશાન બનાવીને જાસૂસી નેટવર્ક ચલાવી રહ્યું છે.

# મહિલાઓ સાથે જાતીય હુમલાની ઘટનામાં કાઉન્સિલર માઈકલ થોમ્પસન દોષી નહીં

## બે મહિલાએ નિવેદન આપી આરોપો મુક્યા હતા

**ટોરોન્ટો**

માઈકલ થોમ્પસન 2022માં કેનેડા ડે સપ્તાહના અંતે મુસ્કોકા કોટેજમાં બે મહિલાઓ પર જાતીય હુમલો કરવાના દોષિત ઠર્યા નથી. જસ્ટિસ ફિલ બ્રિસેટે મંગળવારે પોતાનો ચુકાદો આપ્યો કે, કોર્ટ વાજબી શંકાથી આગળ વધી નથી કે થોમ્પસન દોષિત છે. 2022માં મુસ્કોકા કોટેજમાં બે મહિલાઓ સાથે સંકળાયેલા આરોપો માટે થોમ્પસન પર જાતીય હુમલાના બે આરોપો હતા. ટ્રાયલની કાર્યવાહી દરમિયાન એક મહિલાએ અગાઉ જુબાની આપી હતી કે થોમ્પસન સનસ્ક્રીન લગાવતી વખતે તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો, જ્યારે બીજી મહિલાએ કહ્યું હતું કે તેણે મધ્યરાત્રિએ તેના પર બળજબરી કરી હતી. જેની સામે થોમ્પસને બંને આરોપો માટે દોષિત ન હોવાની કબૂલાત કરી હતી. બ્રિસેટે મંગળવારે જણાવ્યું હતું કે, જ્યારે તેમણે ત્રણ મહિલાઓ પૈકી બે ફરિયાદીઓ અને ત્રીજી મહિલાને તે સપ્તાહના અંતે કોટેજમાં હાજર જોયા હતા. તેમણે કહ્યું કે જ્યારે તેઓ માનતા હતા કે થોમ્પસને મહિલાના શરીર પર સનસ્ક્રીન લગાવ્યું હતું, ત્યારે થોમ્પસ અને મહિલાની સ્થિતિ અને પ્રક્રિયામાં કેટલો સમય લાગ્યો તે અંગે વિરોધાભાસી અહેવાલો હતા. તેમણે કહ્યું કે, તેમને એ માનવું મુશ્કેલ લાગ્યું કે નજીકના અન્ય લોકોએ તે બનતું જોયું નથી.

# ગેરહાજર વિદ્યાર્થીઓને ટ્રેક ન કરવા બદલ ટોરોન્ટોની શાળાઓને ફેઈલિંગ ગ્રેડ મળ્યા

## ઓક્ટોબર 2024 અને જૂન 2025 વચ્ચે ટોરોન્ટો બોર્ડની 25 શાળાઓમાં ઓડિટ કરાયું



**ટોરોન્ટો**

એક નવા ઓડિટ મુજબ ટોરોન્ટોની કેટલીક શાળાઓમાં હાજરી ટ્રેકિંગ ઘણી વખત એટલું ઢીલું રહ્યું છે કે, માતા-પિતાને યોગ્ય રીતે જાણ કરવામાં આવી નથી કે તેમનું બાળક વર્ગમાં હાજર નથી. કેટલાક કિસ્સાઓમાં ટોરોન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડના 2024-25 સલામત અરાઈવલ પ્રોટોકોલના આંતરિક ઓડિટ મુજબ શાળા હંમેશા ગેરહાજર વિદ્યાર્થીનું ઠેકાણું જાણતી નથી. ઓડિટ ઓક્ટોબર 2024 અને જૂન 2025 વચ્ચે હાથ ધરવામાં આવેલી વ્યાપક તપાસનો એક ભાગ હતો, જેમાં ગેરહાજર વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરવા સહિત સેંકડો ક્ષેત્રોમાં શાળાઓ કેવી રીતે કાર્ય કરે છે, તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રોબિન પિલ્કી, ભૂતપૂર્વ ટ્રસ્ટી જે હવે બોર્ડની ઓડિટ સમિતિના અધ્યક્ષ છે, તેમણે આ તારણને "મુશ્કેલીજનક" ગણાવ્યું હતુ. ઓડિટમાં પાંચ માધ્યમિક અને 20 પ્રાથમિક એમ 25 શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પિલ્કીએ નિર્દેશ કર્યો કે, ઓડિટ એ પણ દર્શાવે છે કે, અભ્યાસ કરાયેલી શાળાઓમાંથી ફક્ત 10 ટકા શાળાઓ બોર્ડની નીતિઓનું પાલન કરતી નથી, જે 2023-24ના ઓડિટમાં 17 ટકા હતી. પિલ્કીના મતે શાળાઓ પહેલા સવારની હાજરી લે છે, જે દર્શાવે છે કે, કયા વિદ્યાર્થીઓ વર્ગમાં નથી. પછી તે નામો એવા વિદ્યાર્થીઓની યાદી સાથે મેળ ખાય છે, જેમના માતાપિતાએ ફોન કરીને કહ્યું છે કે તેમનું બાળક બોર્ડના સલામત અરાઈવલ પ્રોટોકોલ અનુસાર તે દિવસે ગેરહાજર રહેશે. કોઈપણ વિસંગતતાઓની જાણ શાળાના સ્ટાફને કરવાની રહેશે અને બાળકની ગેરહાજરી સમજાવવા માટે માતાપિતાને 10 મિનિટના અંતરાલ પર ત્રણ વખત ફોન કરવાનો રહેશે. ઓડિટના તારણો પાંચ વર્ષ પછી આવ્યા છે. જ્યારે એક 14 વર્ષીય છોકરાનું એક સવારે ઉત્તર યોર્કમાં ન્યૂટનબ્રુક માધ્યમિક શાળામાં જતા સમયે અપહરણ કરવામાં આવ્યું હતું, પરંતુ તેના માતાપિતાને શાળાના કર્મચારીઓ દ્વારા તેની ગેરહાજરી વિશે જણાવવામાં આવ્યું ન હતું. જ્યારે તે સાંજે 6 વાગ્યે શાળાએથી ઘરે પહોંચ્યો ન હતો, ત્યારે માતાપિતાએ પોલીસને ફોન કર્યો હતો. કથિત અપહરણકારોએ તેને છોડી મૂક્યા પછી 24 કલાકથી વધુ સમય પછી પણ તે સુરક્ષિત મળી આવ્યો હતો.

# ઓન્ટેરિયોમાં કામદારોને લઘુત્તમ વેતન મળશે

**ઓન્ટેરિયો**

સમગ્ર પ્રાંતના લઘુત્તમ વેતન કામદારોને આવતા મહિને પગારમાં વધારો મળશે. ઓન્ટેરિયોનું લઘુત્તમ વેતન 1 ઓક્ટોબરથી $17.20થી વધીને $17.60 પ્રતિ કલાક થવાનું છે. આ ગોઠવણ અઠવાડિયામાં 40 કલાક કામ કરતા લઘુત્તમ વેતન કામદારો માટે વાર્ષિક $835નો પગાર વધારો છે.

પ્રાંતના જણાવ્યા અનુસાર આ ગોઠવણ અઠવાડિયામાં 40 કલાક કામ કરતા લઘુત્તમ વેતન કામદારો માટે વાર્ષિક $835નો પગાર વધારો છે, પરંતુ ઓન્ટેરિયો લિવિંગ વેજ નેટવર્ક (OLWN)ના સંચાર નિર્દેશક ક્રેગ પિકથોર્ને મીડિયા સમક્ષ જણાવ્યું કે તે હજુ પણ પૂરતું નથી. પ્રાંતીય સરકાર ઓન્ટેરિયો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI)ના આધારે વાર્ષિક લઘુત્તમ વેતન વધારો નક્કી કરે છે. આ વર્ષનો વધારો 2.4 ટકાનો છે અને ઓન્ટેરિયોના લઘુત્તમ વેતનને બ્રિટિશ કોલંબિયા પછી કેનેડામાં બીજો સૌથી વધુ પ્રાંતીય દર બનાવે છે, જે જૂનમાં $17.85 પ્રતિ કલાક થયો હતો. આ વસંતમાં એક સમાચાર પ્રકાશનમાં સરકારે સમજાવ્યું કે તે CPIનો ઉપયોગ કરે છે. કારણ કે તે "ફુગાવાનું માપ છે, જે ઓન્ટેરિયોના ગ્રાહકો દ્વારા અનુભવાતા ભાવમાં ફેરફારનું પ્રતિનિધિત્વ કરે છે.







તંત્રી સ્થાનેથી

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધ : રઝળતા અને હતાશ લાખો લોકોને માથે મોતનું સંકટ



તંત્રી - સ્વદેશ

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે બે વર્ષથી ચાલી રહેલો સંઘર્ષ અટક્યો નથી. ગાઝાવાસીઓને ખસેડવાની કવાયત વચ્ચે ઈઝરાયેલે યેમેન અને ગાઝામાં ભીષણ હુમલા જારી રાખ્યા છે. યમને મિસાઈલ છોડયા પછી ઈઝરાયેલે કરેલી એરસ્ટ્રાઈકમાં ૩૫ લોકોના મોત થયા હતા. જયારે ગાઝામાં બે દિવસ પહેલાં હુમલો કરીને ૪૧ લોકોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. આટલું ઓછું હોય તેમ ઈઝરાયેલે દસ લાખ ગાઝાવાસીઓને શહેર છોડવાનો આદેશ પણ આપ્યો છે. ઈઝરાયેલે અપનાવેલું આ આક્રમક વલણ ફરીં ચિંતાજનક લેખાવાઈ રહ્યું છે.હુથી બળવાખોરો દ્વારા ઈઝરાયેલના એરપોર્ટ પર થયેલા હુમલા પછી ઉશ્કેરાયેલા ઈઝરાયેલે વળતો પ્રહાર કર્યો હતો. ઈઝરાયેલે યમનની રાજધાની સના પર હુમલો કર્યો હતો, અહીં મુખ્યત્વે હુથીઓના મિલિટરી હેડક્વાર્ટર અને ફ્યુઅલ સ્ટેશન છે. આ સાથે ઈઝરાયેલની સેનાએ ગાઝાના શહેર ઉપર કરેલા હુમલા પહેલાં ત્યાંના લોકોને ત્યાંથી નીકળી જવા આદેશ આપ્યો હતો. જેમાં ગાઝાના બીજા સૌથી મોટા શહેર ખાન યુનિસમાંથી ૨.૫૦ લાખ વિસ્થાપિત લોકોને ત્યાંથી ચાલ્યા જવા કહેવાયું હતુ.

હકીકતમાં ઉત્તર ગાઝાના શુજાયેયા શહેરમાં અને આસપાસના વિસ્તારમાં પેલેસ્ટાઈન સાથે ઈઝારેયલની લડાઈ ચાલી રહી છે. ત્યાં તેણે હવે ગાઝા પટ્ટીના દક્ષિણમાં હુમલા કરવાનું શરૂ કરી દીધું છે. દક્ષિણમાં પણ રાફાહ ખાતે પેલેસ્ટાઈન સાથે સંઘર્ષ ચાલુ જ છે. ગાઝાપટ્ટી ખાલી કરાવવાની કવાયત ઈઝરાયેલની નવી રણનીતિનો ભાગ છે. પરંતુ આ કવાયતથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા જન્મી છે.

ઈઝરાયેલે થોડા સમય પહેલાં ચેતવણી આપી હતી કે, હમાસ દ્વારા તેના બંધકોને છોડવામાં નહીં આવે તો તે ગાઝા પટ્ટીની દક્ષિણે અને અન્ય વિસ્તારોમાં હુમલા વધારી દેશે. તેના કારણે દસ લાખની વસતી ધરાવતા શહેર ઉપર જોખમ સર્જાયું છે. જાણકારો માને છે કે, હમાસને સદંતર પૂરું કરવા ગાઝાના લોકોને બીજે ખસેડવા અને જીવ બચાવવા ભાગવાની ધમકી આપવામાં આવી હતી. નેતન્યાહુએ ચેતવણી જાહેર કરતા કહ્યું હતું કે, ગાઝાવાસીઓ સમયસર પોતાના શહેર છોડી દે. નહીંતર પરિણામ ભોગવવા તૈયાર રહે. ઈઝરાયેલની આ ચેતવણીને કારણે ગાઝાપટ્ટીના સૌથી મોટા શહેરમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. લોકો પાસે દક્ષિણ પટ્ટીમાં જવા સિવાય કોઈ વિકલ્પ જ બચ્યો નથી. બીજી તરફ મોટાભાગના લોકોનું માનવું છે કે, હાલમાં તેઓ જ્યાં રહે છે તે સુરક્ષિત સ્થાને છે. દક્ષિણમાં જવાથી પણ કોઈ લાભ થવાનો નથી. ઈઝરાયેલ ત્યાં પણ હુમલા કરી જ રહ્યું છે. ઈઝરાયેલ આ સમગ્ર વિસ્તારને વિખેરી નાખવા માગે છે અને ત્યાંથી હમાસ અને અન્ય સૈન્યોને ખદેડીને સમગ્ર વિસ્તારનું સંચાલન પોતાને હસ્તક કરવા માંગે છે. તેના કારણે ૨૨ લાખ લોકો મૃત્યુના ભય તળે જીવી રહ્યા છે. હાલમાં લાખો લોકો દુકાળ અને ભુખમારાથી બેહાલ છે. તેમાં હવે ઈઝરાયલની જગ્યા ખાલી કરવાની ચેતવણીએ તેની ચિંતામાં વધારો કર્યો છે. ૨૦૨૩માં આ યુદ્ધ શરૂ થયું, ત્યારથી ગાઝાના લોકો ઉત્તર અને દક્ષિણ પટ્ટી વચ્ચે સતત પલાયન કરતા આવ્યા છે. લાખો લોકો આ રીતે વિસ્થાપિત થઈને ફર્યા કરે છે.

આ સાથે જ ઈઝરાયેલની નીતિથી એવો સવાલ ઉઠી રહ્યો છે કે, પહેલેથી જ જેને સુરક્ષિત વિસ્તાર કહેવાય છે તેને ખાલી કરવા માટે કેમ ઈઝરાયેલી સેના આટલી ઉતાવળી અને આકરી થઈ છે. જાણકારો માને છે કે, ગાઝામાંથી હમાસનો કાયમી ખાતમો બોલાવવામાં નિષ્ફળ જવાના કારણે ઈઝરાયેલ અકળાયું છે. તે ગાઝામાં પેલેસ્ટાઈનની વસતીને ખતમ કરવા માંગે છે. તે રાજકીય અને લશ્કરી રીતે હમાસનું અસ્તિત્વ મિટાવવા માંગતું હતુ. પણ તે હજી શક્ય બન્યું નથી. હવે તેઓ યુદ્ધ જીતવા માટે સામાન્ય લોકોને ખસેડવાના નામે ટાર્ગેટ કરીને ગાઝાનો ખાતમો બોલાવવા માગે છે, જે વધારે જોખમી છે. માત્ર યુદ્ધ જીતવાના નામે નિર્દોષ લોકોનો ભોગ લેવાય તેવી સ્થિતિ આવી ગઈ છે.

હાલમાં પણ લોકો પંદર દિવસથી માંડીને એક મહિનાથી વધુ સમય એક જગ્યાએ રહી શકતા જ નથી. તેમાંય સતત માઈગ્રેશન કરવાનું આવે તો મુશ્કેલી વધે છે. ઈઝરાયેલ દ્વારા ખાન યૂનિસના દક્ષિણે આવેલા અલ-મવાસી વિસ્તારને માનવીય વિસ્તાર જાહેર કરાયો છે. તે ગાઝા શહેરના લોકોને આ જગ્યાએ ચાલ્યા જવા કહી રહ્યું છે. સૌથી ચિંતાનજક બાબત એવી છે કે, ઈઝરાયેલે પહેલાં જ્યારે લોકોને સ્થળાંતર માટે ચેતવણી આપી હતી ત્યારે જણાવ્યું નહોતું કે લોકોએ ક્યાં જવાનું છે. તેણે માત્ર માનવીય વિસ્તારમાં જતા રહે તેવું જણાવ્યું હતું. તેણે હુમલા કર્યા બાદ લોકોએ ક્યાં જવાનું છે તેની સલાહ તે આપી રહ્યું છે.

અલમવાસીની વાત કરીએ તો તે એક સમુદ્ર કિનારે આવેલો પટ્ટી જેવો વિસ્તાર છે. તે ઉત્તરમાં ડેર અલ બલાહ સુધી ફેલાયેલો છે. ઈઝરાયેલ તેને માનવીય વિસ્તાર કહે છે. હકિકત એવી છે કે, ઈઝરાયેલે ત્યાં પણ હુમલા કરેલા જ છે. પેલેસ્ટાઈનના અધિકારીઓએ થોડા સમય પહેલાં જ જણાવ્યું હતું કે, મે અને જૂન મહિનામાં ઈઝરાયેલે આ વિસ્તારમાં હુમલા કર્યા જ હતા.

ખાન યૂનિસના લોકોને યુદ્ધ દરમિયાન ઘણી વખત શહેર ખાલી કરીને જવું પડયું હતું. ઈઝરાયેલ દ્વારા ગમે ત્યારે અને ગમે ત્યાં હુમલા કરવામાં આવે છે. આથી પેલેસ્ટાઈને હવે ઈઝરાયેલની નીતિ સામે નવી સ્ટ્રેટેજી અપનાવવી આવશ્યક થઈ ગયું છે. જાણકારો માને છે કે, ડેર અલ બલાહમાં હવે ઈંધણ પણ વધ્યું નથી. ફ્યૂઅલની અછતને કારણે અને નષ્ટ થવાના કારણે લોકોને કિલોમીટરો સુધી ચાલતા જવું પડી રહ્યું છે. લોકો અવરજવર કરવા માટે ઘોડાગાડીઓ અને ઉટગાડીઓ કે ગધેડાઓનો ઉપયોગ કરી રહ્યા છે. પણ તેનાથી ખાસ મોટી હેરફેર થઈ શકતી નથી.

વારંવાર હુમલા, વારંવાર વિસ્થાપન અને વારંવાર ફરતા રહેવાના કારણે લોકો હતાશામાં આવી ગયા છે. બે વર્ષ પહેલાં નેતન્યાહુએ કહ્યું હતું કે, હમાસને ખતમ કરવા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ નથી. આ કટ્ટરવાદીઓએ શરણાગતિ સ્વીકારી નહીં અને તેમનો અલગ સ્વતંત્ર પેલેસ્ટાઈન લેવાનો જંગ ચાલુ રાખ્યો. તેના જવાબમાં ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલ દ્વારા હમાસ ઉપર અને ગાઝા પટ્ટી ઉપર હુમલા શરૂ કરી દેવામાં આવ્યા હતા. આ યુદ્ધ દરમિયાન ઈઝરાયેલી ગાઝાના ૭૫ ટકા ભાગ ઉપર કબજો જમાવી લીધો છે. સૂત્રોના મતે આ યુદ્ધમાં ઈઝરાયેલના ૧૨૦૦ લોકોનાં મોત થયા છે અને ૨૫૧ને બંધક બનાવવાં આવ્યા છે. તેમાંથી મોટાભાગના છોડાવી લેવાયા છે પણ ૫૦થી ૬૦ જેટલા બંધક હતા પણ ગાઝામાં છે. તેમાંથી કદાચ પચાસ ટકા જ જીવતા હોવાની આશા છે. બીજી તરફ ગાઝાએ જણાવ્યું કે, ઈઝરાયેલના અમાનુષી હુમલા અને અત્યાચારોને કારણે ગાઝામાં ૬૪,૦૦૦ પેલેસ્ટાનીઓના મોત થયા છે.

manoj1968@yahoo. ca





# નડિયાદ પોલીસ અધિક્ષકની કચેરીમાં દારૂના ગુનાનો આરોપી એલસીબીના જાપ્તામાંથી ફરાર

## ફિંગરપ્રિન્ટ લેવા લઈ જતી વખતે આરોપી તરસનું બહાનું કાઢી દીવાલ કૂદી ગયો

**નડિયાદ**

વડતાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગત તા. ૧૩મી સપ્ટેમ્બરે આરોપી સતીષ શંકરભાઈ ભાથીભાઈ પરમારને રૂા. ૩.૮૪ લાખના વિદેશી દારૂની ૨૪૦૦ બોટલ અને ક્વાટરિયા સાથે ઝડપી પાડયો હતો. આ ગુના બદલ વડતાલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઇ), ૮૧, અને ૧૧૬(બી) હેઠળ આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી અટકાયત કરવામાં આવી હતી. ગુનાની તપાસની જવાબદારી હેડ કોન્સ્ટેબલ ભાવેશકુમાર અશ્વિનભાઈ બ.નં. ૭૫૦ને સોંપવામાં આવી હતી. તપાસના ભાગરૂપે આરોપીને તા. ૧૪મીના રોજ બપોરે ૩ વાગ્યાની આસપાસ પોલીસ અધિક્ષકની કચેરીમાં લોકલ ક્રાઈમ બ્રાંચની ઓફિસમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં આરોપી સતીષને ફોટો અને ઓનલાઈન ફિંગરપ્રિન્ટ લેવા માટે લઈ જવામાં આવી રહ્યો હતો. પોલીસ કર્મચારી ઈશ્વર યુવરાજભાઈ આરોપીનો હાથ પકડી સીડી ઉતરી રહ્યા હતા. ત્યારે આરોપીએ પાણી પીવાનું બહાનું કાઢયું હતું. દરમિયાન, અચાનક તેણે ઝાટકો મારીને હાથ છોડાવી પોલીસ કર્મચારીને ધક્કો મારી કચેરીના પાછળના ભાગે ભાગી ગયો હતો. પોલીસે બૂમો પાડી તેનો પીછો કર્યો હતો પરંતુ, સરકારી સ્કૂલનો વરંડો કૂદીને સામેના રોડ તરફ આરોપી ભાગી ગયો હતો.

# આણંદમાં નશામાં વકીલ ભાન ભૂલ્યો પોલીસને કહ્યું, તાકાત હોય એ કરી લે

## દારૂના નશામાં સિગ્નલ પર કરી લઘુશંકા: આરોપી જેલભેગો

**આણંદ**

શહેરમાં એક વકીલે દારૂના નશામાં તમાશો કર્યો હતો. રોંગસાઈડમાં કાર ચલાવતી વખતે પોલીસે તેને રોક્તાં સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતાં વાહન બેરિકેડ્સ સાથે અથડાયું હતું. જે બાદ પોલીસે તપાસ કરતાં તે પીધેલી હાલતમાં જોવા મળ્યો હતો. તેણે પોલીસ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું અને હું હંમેશા નશામાં હોઉ છું, તાકાત હોય એ કરી લે તેમ કહ્યું હતું.

ગણેશ ચોકડી પાસે ચિખોદરા ચોકડી તરફથી રોંગ સાઈડમાં કાર આવતી હતી. તે ભયજનક રીતે વાહન ચલાવતો હતો, જેતી ફરજ પરના ટ્રાફિક પોલીસે વાહન થોભાવવા ઈશારો કર્યો હતો. આ સમયે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતાં કાર લોખંડના બેરિકેડ્સ સાથે અથડાઈ હતી. જેથી પોલીસે કાર ચાલકની અટકાયત કરી હતી.

કારચાલકે નશાની હાલતમાં હોવાથી તેને ઉભા રહેવાના પણ હોશ નહોતા. આ દરમિયાન કોઈ વ્યક્તિએ તેનો વીડિયો ઉતાર્યો હતો.

# દિપેન મર્ડર કેસમાં કોર્ટમાંથી ભાગેલા સૂત્રધારને મદદ કરનાર મિત્ર પકડાયો

**વડોદરા**

કોર્ટમાંથી ભાગી ગયા બાદ સુરતથી પકડાયેલા દિપેન મર્ડર કેસમાં હાર્દિકને આર્થિક મદદ કરનાર તેના મિત્રની પોલીસે અટકાયત કરી હતી. દરજીપુરાના ચકચારી દિપેન મર્ડર કેસમાં પકડાયેલો સૂત્રધાર હાર્દિક પ્રજાપતિ કોર્ટની કેન્ટીનમાંથી ફરાર થઇ જતાં પોલીસે સીસીટીવી ફૂટેજ મારફતે તેને સુરત ખાતે બહેનને મળવા જતાં ઝડપી પાડયો હતો.

હાર્દિકે કોર્ટમાંથી ભાગ્યા બાદ બાઈક પર લિફ્ટ લઈ કાલાઘોડા ઉતર્યો હોવાની અને ત્યાંથી ફતેગંજ,નિઝામપુરા,છાણી થઈ દુમાડ પહોંચ્યો હોવાની કબૂલાત કરી હતી. જ્યાં ફુટવાળા મારફતે ફોન કરીને રવિને દુમાડ બોલાવતાં તે બાઈક પર આવી રૃ.૨હજાર આપી ગયો હોવાનું કબૂલ્યું હતું.

અકોટાના પીઆઇ ડીવી બલદાનિયાએ સાવલીમાં રહેતા રવિ માળીને ઝડપી પાડી પૂછપરછ કરતાં હાર્દિકનું જુઠ્ઠાણું પકડાયું હતું.હાર્દિક કોર્ટમાંથી ભાગીને સાવલી ગયો હતો અને ત્યાં રવિને મળી રૃ.૨હજાર લઇ ફરાર થઇ ગયો હતો.જેથી પોલીસે રવિની પણ ધરપકડ કરી હતી. મર્ડર કેસમાં પકડાયેલા હાર્દિક પ્રજાપતિ અને તેના ભાઇ હિતેશને વડોદરા સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં PM મોદીના જન્મ દિવસે સિદ્ધપુરમાં હીરાબા સરોવરનું લોકાર્પણ, પાણીનો સંગ્રહ થશે

## માતા હીરાબાનું નામ સરોવર સાથે જોડાયું, નરેન્દ્ર મોદીએ પીવા માટે પાણી પહોંચાડ્યું

**સિદ્ધપુર**

ગુજરાતમાં પીએમ મોદીના જન્મ દિવસે સિદ્ધપુરમાં હીરાબા સરોવરનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકાર્પણ કર્યું હતું. રાજ્ય સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા હીરાબા સરોવરનું નિર્માણ થયું છે.

આ ઉપરાંત ધોળકિયા ફાઉન્ડેશનના ફુલીબા ટ્રસ્ટના સહયોગથી સરસ્વતી નદીના નવસર્જનની હાથ ધરાયેલી કામગીરીને પરિણામે માધુપાવડીયા ચેકડેમના નીચાણવાળા વિસ્તારોનું ધોવાણ અટકશે. જયારે 450 લાખ ઘનફૂટથી વધુ પાણીનો સંગ્રહ થવાથી આસપાસના 150 હેક્ટર વિસ્તારને સિંચાઈનો પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ મળતો થશે. આ ઉપરાંત આજુબાજુના 20થી વધુ રિચાર્જ વેલના ભૂગર્ભ જળ પણ ઊંચા આવશે. તેમણે વડાપ્રધાનનું સંસ્કાર સિંચન કરનારા તેમના માતા હીરાબાનું નામ આ સરોવર સાથે જોડવાના પ્રસંગને પુત્રના જન્મદિવસે માતાનું શ્રેષ્ઠ ભાવ સ્મરણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ઉમેર્યુ કે, વડાપ્રધાને પોતાના બાળપણમાં માતા હીરાબાને પાણી માટે સંઘર્ષ વેઠતા જોયા તેની વેદનામાંથી જ ઉત્તર ગુજરાત સહિત સમગ્ર ગુજરાતને પાણીની સમસ્યાથી મુક્ત કરવાનો નિર્ધાર મુખ્યમંત્રી તરીકે તેમણે કર્યો હતો. અભાવમાં પણ અર્થપૂર્ણ જીવન કેવી રીતે જીવી શકાય તેના જે સંસ્કાર માતા હીરાબાએ વડાપ્રધાનને આપ્યા છે તેના જ પરિણામે જીવનની હરેક પળ છેવાડાના માનવીના કલ્યાણ માટે ખપાવી દેવા વડાપ્રધાન સમર્પિત છે.

# વડોદરામાં વરસાદ બાદ ગરમી: બે દિવસમાં 4ના શંકાસ્પદ મોત, ગભરામણના કિસ્સા વધ્યા

## વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં લોકોની હાલત કથળી, અનેક હોસ્પિટલમાં

**વડોદરા**

વડોદરામાં બે દિવસના વરસાદી વિરામ બાદ અચાનક ગરમી અને બફારાએ હાહાકાર મચાવ્યો છે. જેના પગલે ગભરામણ અને બેભાન થવાના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. ગરમી સંબંધિત કારણોસર ચાર વ્યક્તિઓના મોત થયાની આશંકા સેવાઈ રહી છે. માંજલપુર વિસ્તારમાં રહેતા પ્રવિણભાઈ પરમાર અને વેમાલી ગામના મયુરભાઈ પટેલનું ગભરામણ થવાથી અચાનક મૃત્યુ નીપજ્યું હતું. બંને કિસ્સાઓમાં, પ્રાથમિક તપાસમાં ગરમીના કારણે જ મોત થયું હોવાનું પોલીસ માની રહી છે.

વેમાલીમાં રામા સ્કાય સોસાયટીમાં રહેતા મૂળ અમદાવાદના મયુર રમેશચન્દ્ર પટેલ (ઉ.વ.52) લિફ્ટમાં બેસી નીચે જતા હતા. ત્યારે લિફ્ટમાં જ અચાનક છાતીમાં દુઃખાવો થયા બાદ બેભાન થઈ જતા તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ અને બાદમાં સયાજી હોસ્પિટલમાં ખસેડતા તેમનું મોત નિપજ્યું હતું. અન્ય બનાવમાં માંજલપુર જીઆઈડીસી વિસ્તારમાં ગંગાબાનગરમાં રહેતા પ્રવિણ દેવજીભાઈ પરમાર (ઉ.વ.67)ને ઘેર ગભરામણ થતાં તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જતા તેમનું મોત નિપજ્યું હોવાનું તબીબોએ જાહેર કર્યું હતું. આ ઉપરાંત સમા વિસ્તારના 40 વર્ષીય અશોક દેવીપૂજક અને અલકાપુરી વિસ્તારના ટીકા દેવાભાઈને પણ ગભરામણની ફરિયાદ બાદ તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# બનાસ ડેરીની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર: 11 ઓક્ટોબરે મતગણતરી

## 22 સપ્ટેમ્બર સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે

**બનાસકાંઠા**

બનાસ ડેરીની ચૂંટણીનો કાર્યક્રમ આજે જાહેર કરવામાં આવ્યો છે. 11 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરવામાં આવશે. આ વખતે પણ હરીફ પેનલ ઊભી થવાની શક્યતાઓ સેવાઈ રહી છે, જેના કારણે બનાસ ડેરીના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. વિવિધ પક્ષો અને સહકારી આગેવાનો વચ્ચે બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે. ચૂંટણી વધુ રસપ્રદ બની છે. બનાસ ડેરીના રાજકારણ પર નજીકથી નજર રાખતા રાજકીય પંડિતોનું બનાસ ડેરીમાં ભારે રસાકસી જોવા મળી શકે છે. તો બીજી તરફ બનાસ ડેરીના સભાસદો અને સમર્થકોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ**

■ ઉમેદવારી ફોર્મ ભરવાનો સમય: 16 સપ્ટેમ્બરથી 22 સપ્ટેમ્બર સુધી ■ ઉમેદવારી પત્રોની ચકાસણી: 23 સપ્ટેમ્બર ■ માન્ય ઉમેદવારી પત્રોની યાદી: 24 સપ્ટેમ્બર ■ ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ: 29 સપ્ટેમ્બર ■ હરીફ ઉમેદવારોની આખરી યાદી: 30 સપ્ટેમ્બર ■ મતગણતરી: 11 ઓક્ટોબર

# મહેમદાવાદમાં સગીરા સામે નગ્ન થઈ જાતીય હરકત કરવા બદલ આરોપીને 3 વર્ષની કેદ

## મોબાઈલ આપવાના બહાને આરોપીએ સગીરાને ઘર પાસે બોલાવી હતી

**નડિયાદ**

મહેમદાવાદમાં સગીરા સામે નગ્ન થઈ જાતીય હરકત કરવા બદલ આરોપીને ૩ વર્ષની સખત કેદ અને ૧૦ હજારનો દંડ નડિયાદ પોક્સો કોર્ટે ફટકાર્યો છે.

મહેમદાવાદના ખાત્રજ દરવાજા ટાવરની બાજુમાં ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ આરોપી સિકંદર મન્સુરીએ ફરિયાદીની ૧૦ વર્ષ અને ૫ મહિનાની દીકરીને મોબાઈલ આપવાની લાલચ આપી પોતાના ઘર પાસે બોલાવી હતી. ત્યાં તેણે પોતાનો જાતીય ઈરાદો પાર પાડવા માટે પોતાના કપડાં ઉતારી નગ્ન થઈ ગયો હતો અને બાળકીને ધમકી આપી હતી કે જો તે આ વાત કોઈને કહેશે તો તેને જાનથી મારી નાખશે. આ ઘટના બાદ બાળકીના પરિવારે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે પોક્સોની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ કેસ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલની દલીલો, સાક્ષીઓની જુબાની અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખીને સ્પેશિયલ પોક્સો જજ પી. એમ. ત્રિવેદીએ આરોપી સિકંદર મન્સુરીને દોષિત ઠેરવી ૩ વર્ષની સખત કેદ સજા અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

Cook & Part-Time Caregiver
Experienced Cook & Part-Time Caregiver
» Looking for delicious daily meals or snacks? I've got you covered!
» Home-style cooking in Gujarati, Punjabi, Chinese, Diet-friendly meals
» Fresh juices, shakes, sandwiches, drinks, desserts & more
» Hygienic cooking in your kitchen – I follow your menu & instructions
» I clean all used areas after duty
Available for kids & elder care support (part-time)
minimum 5 hours to babysit or elder care
Can commute to your location | 30$ / hour ... cooking | Daily full meals | Healthy & customized options
Contact : - Tisha khanderia +1 (416) 898-5190

# તારી શું ઓકાત, ફોર્ચ્યુનર ફેરવે છે, કારમાં જાતિના લખાણનું બોર્ડ ન હટાવતા વિદ્યાર્થીને માર મરાયો

## જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપીઓ ભાગી છૂટ્યા, 19 સામે ફરિયાદ

ભરૂચ

અંકલેશ્વરના કોસમણી ખાતે સરગમ સોસાયટીમાં રહેતો તનુજ વસાવા કોસંબા ખાતે પી.પી સવાણી કોલેજમાં સાયન્સના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેણે ફરિયાદમાં કહ્યું હતું કે, 'સોમવારે હું મારી કાર લઈ મિત્રો સાથે કોસંબા કોલેજ ગયો હતો. જ્યાંથી પરત ઘરે આવતા હતા તે વખતે કોલેજના ગેટ પાસે કાર ઉભી રખાવી મારી કોલેજમાં સાયન્સમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા મંથન તથા ખુશએ "તારી શું ઓકાત છે આ ફોર્ચ્યુનર કાર ફેરવે છે, જાતિવાળા લખાણનું બોર્ડ તારી કારમાંથી કાઢી નાખજે, નહીં તો કોલેજની બહાર કાઢી મારશું." અને મને જાતિ વિરુદ્ધના શબ્દો કહ્યા હતા. અને મને કારમાંથી બોર્ડ હટાવવા માટે ધમકી આપી હતી.'

આ વિશે વધુમાં તેણે જણાવ્યું કે, 'મેં કારમાંથી બોર્ડ ન હટાવતા મને તથા મારા મિત્રોને માર માર્યો હતો. ત્યારબાદ મે કારમાં મારા મિત્રને અંકલેશ્વર જીઆઈડીસી ગાર્ડન સિટી તેના ઘરે મૂકવા જતા ઈએસઆઈસી હોસ્પિટલ પાસે ત્રણથી ચાર કારમાં તેઓ ઘુસી આવ્યા હતા. અને મને તથા મારા મિત્રને માર માર્યો હતો. ફરિયાદના આધારે પોલીસે અંકલેશ્વરના ખુશ ઘડિયા, મંથન પટેલ, દીપ શિયાણી, તીર્થ પટેલ, મીત તાધાણી, વેદ, વિશ્વ પટેલ, ગોપાલ ભરવાડ, ભાવેશ સાટીયા અને ભરૂચના રુદ્ર પટેલ, પરમ પટેલ, ક્રિશ પટેલ, આદિત્ય મનાણી, અમન, રાહુલ વણઝારા તેમજ સુરતના ધ્રુવ ઠાકોર અને અજાણ્યા ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# વાપીમાં કિશોરી સાથે બળાત્કારના આચરનાર આરોપીને 20 વર્ષની કેદ

## માતા-પિતા વતન જતાં આરોપીએ તકનો લાભ ઉઠાવ્યો

વાપી

વાપીના ચણોદ વિસ્તારમાં રહેતા પરિવારની કિશોરી સાથે દુષ્કર્મ કરવાના કેસમાં વાપી એડિશનલ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીને 20 વર્ષની કેદની સજા અને રૂ.10 હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. વર્ષ 2018માં કિશોરીના માતા-પિતા વતન ગયા તે વેળા આરોપીએ ગંભીર કૃત્ય કર્યું હતું. વાપીના ચણોદ ગામે પરિવાર રહે છે.

ગત તા.07-06-2018ના રોજ દંપતિ માદરે વતન ભાવનગર ગયું હતું. દંપતિને સગીર વયની પુત્રી કામીની (નામ બદલ્યું છે) ને બિલ્ડિંગમાં જ રહેતા સંબંધીને ત્યાં મુકી ગયા હતા. ગત તા.08-06-2018ના રોજ બિલ્ડિંગમાં જ રહેતા અનિકેત હરેન્દ્ર સિંઘે કામીનીને ઈસારો કરી બોલાવી રૂમમાં લઈ ગયો હતો. બાદમાં દરવાજો બંધ કરી અનિકેતે કામીનીનું શારીરિક શોષણ કર્યુ હતું. એટલું જ નહી પણ અનિકેતે આ વાત કોઈને કરશે તો બિહાર ઉપાડી લઈ જઈ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. કામીની માતા વતનથી આવ્યા બાદ આખી બીના જણાવી હતી.

# સુરતમાં વિદ્યાર્થીએ 12મા ધોરણના વિદ્યાર્થી પર સળિયા વડે હુમલો કર્યો

સુરત

સુરતમાં એક શાળામાં અમદાવાની સેવન્થ ડે સ્કૂલ જેવી થઈ છે. સુરતમાં આવેલી શેઠ ધનજીશા રુસ્તમજી ઉમરીગર મેમોરીયલ સ્કૂલમાં આ ઘટના બની હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ધોરણ 11ના વિદ્યાર્થીએ ધોરણ 12ના વિદ્યાર્થી પર લોખંડના સળિયા વડે હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ સમગ્ર ઘટનાની જાણ થતા વાલીઓ ઘટના સ્થળે દોડી આવ્યાં હતા. ઘટનાને ગંભીરતાને જોતા શાળાના આચાર્યે બંને વિદ્યાર્થીઓના વાલીઓને શાળામાં બોલાવ્યાં હતાં.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે પહેલા સામાન્ય ઝઘડો થયો હતો. ઝઘડો વધારે ઉગ્ર બન્યો અને 11મા ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ સળિયા વડે હુમલો કરી દીધો હતો. આ હુમલામાં વિદ્યાર્થીને હાથ અને માથાના ભાગે ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે.

જેથી વિદ્યાર્થીના માતા-પિતા સીટી સ્કેનનો રિપોર્ટ અને સળિયો લઈને શાળામાં ફરિયાદ કરવા માટે પહોંચ્યાં હતાં. આ દરમિયાન બીજા વાલીઓ પણ શાળામાં આવી પહોંચ્યાં હતા.

અત્યારે તમામ વાલીઓએ

# સુરતમાં પરિવાર સાથે હોટલમાં ગયેલા દોઢ વર્ષના માસૂમ બાળકનું કુંડમાં ડુબી જતાં મોત

સુરત

સુરત શહેરના પાલ વિસ્તારમાં આવેલી જાણીતી યુફોરિયા હોટલમાં બનેલી એક અત્યંત કરુણ ઘટનામાં દોઢ વર્ષના માસૂમ બાળકનું વોટર પોન્ડમાં ડૂબી જવાથી મોત થયું છે. બાળક તેના માતા-પિતા સાથે હોટલમાં જમવા માટે ગયું હતું, ત્યારે રમતા-રમતા તે બેન્કવેટ હોલની બહાર આવેલા વોટર પોન્ડમાં પડી ગયું હતું.

વિજયભાઈ સાવલિયા તેમના પત્ની અને દોઢ વર્ષના પુત્ર ક્રિસીવ સાથે શહેરની યુફોરિયા હોટલમાં જમવા માટે




ગયા હતા. આ હોટલ તેના આકર્ષક વોટર ફીચર્સને કારણે 'પાણીવાળી હોટલ' તરીકે પણ ઓળખાય છે. આ દરમિયાન ક્રિસીવ રમતા રમતા બેન્કવેટ હોલની બહાર નીકળી ગયો અને ત્યાં આવેલા વોટર પોન્ડમાં અચાનક પડી ગયો. આસપાસ કોઈની નજર ન પડતાં, નિર્દોષ બાળક લગભગ 15 મિનિટ સુધી પાણીમાં તરફડિયાં મારતું રહ્યું હતું. આખરે, બેન્કવેટ હોલની બહાર બેઠેલા એક અન્ય ગ્રાહકની નજર આ માસૂમ પર પડી અને તેમણે તાત્કાલિક બૂમાબૂમ કરી હતી. ઘટનાની જાણ થતાં જ હોટલનો સ્ટાફ અને ક્રિસીવના માતા-પિતા ત્યાં દોડી આવ્યા હતા. તાત્કાલિક બાળકને પાણીમાંથી બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું.

# દૂધધારા ડેરીની ચૂંટણી : ભાજપે નવ નેતા સસ્પેન્ડ કર્યા છતાં ધારાસભ્યએ પક્ષ સામે જ મોરચો માંડ્યો

ભરૂચ

ભરૂચ દૂધધારા ડેરીની ચૂંટણી પહેલા જ જિલ્લા ભાજપમાં મોટો ભડકો થયો છે. વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રાણેની સહકાર વિકાસ પેનલના 9 ઉમેદવારોને પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ભાજપના જ ધારાસભ્ય અરુણસિંહ રાણાએ પક્ષ સામે મોરચો માંડ્યો છે અને ભાજપના ઉમેદવારોની પેનલ સામે વિકાસ પેનલ ચૂંટણી મેદાને ઉતારી છે. બીજી તરફ દૂધધારા ડેરીમાં ચેરમેન ઘનશ્યામ પટેલે વાગરાના ધારાસભ્ય પર આરોપ લગાવ્યા છે.

મળતી માહિતી અનુસાર, ભરૂચ દૂધધારા ડેરીની ચૂંટણીમાં વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રા ણા એ ભાજપના ઉમેદવારોની પે ન લ સામે વિકાસ પેનલ ચૂંટણી મે દાને ઉતારી છે. તેમણે કહ્યું કે, 'સસ્પેન્ડ કરવાનો કોઈ અર્થ નથી. આનાથી કોઈ ફરક પડે નહીં. દૂધધા રા ડેરીની મલાઈદાર ચૂંટણી માટે અરુણસિંહ રાણાની પેનલના 3 ઉમેદવારો અને ઘનશ્યામ પટેલની પેનલના 12 ઉમેદવારોને પ્રદેશ ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવ્યું હતું. તેમ છતાં વાગરા ધારાસભ્યએ મેન્ડેટ વિરૂદ્ધ જઈ પોતાની પેનલ ઉતારી હતી. ચૂંટણી લડનાર સભ્યો પર કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

સસ્પેન્ડ થયેલા ઉમેદવારોમાં સાયખાના હેમતસિંહ રાજ, જંબુસરના જગદીશ પટેલ, કાવીઠાના જીગ્નેશ પટેલ, જંબુસરના નટવરસિંહ પરમાર, હાંસોટના શાંતાબેન પટેલ અને હાંસોટના જ વિનોદ પટેલ, સોમા વસાવા, દિનેશ બારીયા અને સુનિલ પટેલનો સમાવેશ થાય છે. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ આ સભ્યોને તાત્કાલિક અસરથી પક્ષમાંથી તથા પ્રાથમિક સભ્ય પદેથી બરતરફ કર્યા હતા.

# લસકાણામાં કચરામાંથી કપાયેલું માથું મળવાના કેસમાં મિત્ર હત્યારો નીકળ્યો

## સીસીટીવીની મદદથી આરોપીની GIDCમાંથી ઝડપાયો

સુરત

સુરતના લસકાણા વિસ્તારના વિપુલનગરમાંથી એક યુવકનું કપાયેલું માથું મળી આવતા ભારે ચકચાર જાગી હતી. આ મામલે પોલીસ દ્વારા તપાસ કરતા માથું મળ્યાના ઘટનાસ્થળથી થોડે દૂર એક રૂમમાંથી ધડ મળી આવ્યું હતું. હવે આ મામલે પોલીસે આરોપીની GIDC વિસ્તારમાંથી ધરપકડ કરી છે અને હાલ તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

11મી સપ્ટેમ્બરના રોજ લસકાણાના વિપુલનગર તળાવ નજીક કચરાના ઢગમાંથી કપાયેલું માથું મળી આવ્યું હતું. માથું મળ્યાના ઘટનાસ્થળથી થોડે દૂર એક રૂમમાંથી ધડ મળી આવ્યું હતું. આ મામલે પોલીસ દ્વારા તપાસ કરતા મૃતકની ઓળખ દિનેશ મહંતો તરીકે થઈ હતી. હવે પોલીસે સીસીટીવી ફૂટેજની મદદથી મુન્ના બિહારી નામના આરોપીની સુરતના GIDC વિસ્તારમાંથી ધરપકડ કરી છે. તેની સઘન પૂછપરછ કરતા સામે આવ્યું છે કે, તે મૃતકનો મિત્ર હતો. હત્યા કરનાર અને મૃતકનો મિત્ર છે અને બંને બિહારના વતની બહાર છે.

# ભરૂચમાં મિલ્કત વિવાદ ભાઈ-ભાઈએ ઘરનો સામાન બહાર ફેંકી દેતાં મામલો પોલીસમાં

## કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવા છતાં બબાલ, 1.34 લાખનું નુકસાન થયું

ભરૂચ

મિલ્કત વિવાદમાં મહિલાનો રૂ.1.34 લાખ ઉપરાંતની કિંમતનો ઘરવખરીનો સામાન મકાનમાંથી બહાર ફેંકી દઈ નુકસાન પહોંચાડવા મામલે ફરિયાદના આધારે ભરૂચ સીટી સી ડિવિઝન પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ભરૂચના રચનાનગર ખાતે રહેતા શોભાબેન મોદીએ ફરિયાદમાં કહ્યું હતું કે, અમારા વડીલોપાર્જીત આ મકાનની માલિકીના હિસ્સા માટે મારા ભાઈ યોગેશસિંગ સામે સિવિલ કોર્ટમાં દીવાની દાવો ચાલી રહ્યો છે. ગ્રાઉન્ડ ફ્લોર ઉપર અમે રહીએ છીએ જ્યારે ઉપરના માળે યોગેશનો પરિવાર રહે છે. ડ્રેનેજની કામગીરી ચાલતી હોવાથી અમે અન્ય મકાનમાં રહેવા માટે ગયા હતા. જ્યાંથી ગઈ તા.5 જુલાઈના રોજ ઘરે પરત આવતા ઘરનો સામાન ગાયબ હતો. યોગેશને આ બાબતે કહેતા જણાવ્યું હતું કે, મારી પત્ની રીતુએ તમારો સામાન ફેંકી દીધો છે. ફ્રીજ, ઓવન, ટીવી, એસી તથા ઘરવખરી સહિત રૂ.1,34,500ની કિંમતનો સામાન આજ દિન સુધી પરત આપ્યો નથી. ઉપરોક્ત ફરિયાદના આધારે પોલીસે દંપતિ સામે નુકસાન પહોંચાડવા બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વાપીમાં ખૂની ખેલ : પ્રેમિકા બીજા યુવક સાથે વાત કરતા દેખાતાં પ્રમી દ્વારા બંનેની હત્યા

## ઘટનામાં પ્રણય ત્રિકોણી આશંકા, આરોપીની ધરપકડ કરવામાં આવી

વાપી

વાપી વિસ્તારમાં રહેતા પરિવારની 18 વર્ષીય યુવતી આજે મંગળવારે સવારે રેલવે સ્ટેશન નજીક આવેલી ઓફિસમાં નોકરી પર જવા ઘરેથી નીકળી હતી. આ દરમિયાન એક યુવતી અને મૃતક દિલીપ ઉર્ફે કરણ છગનભાઈ નકુમ (ઉ.વ.24, રહે. માકડા, કામરેજ, સુરત) જૂના રેલવે ફાટક નજીક ઉભા હતા. બંને યુવક-યુવતી વાતચીત કરતા હતા. તેવામાં ટાંકી ફળિયામાં રહેતો ચંદન લાલબાબુ ગુપ્તા નામનો વ્યક્તિ ધસી આવ્યો હતો. દિલીપને જોઈ ચંદન ઉશ્કેરાઈ ગયો હતો અને ચપ્પુ વડે શરીર પર ઉપરાછાપરી ઘા ઝિંક્યાં હતા. તેમજ યુવતી પર પણ ચપ્પુ વડે હુમલો કર્યો હતો.

ઘટનાને પગલે આસપાસના લોકોએ આરોપી ચંદનને પકડી પાડ્યો હતો. જોકે, દિલીપ નકુમને ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે મોત થયું હતું. પોલીસે દિલીપની લાશનો કબજો લઈ હોસ્પિટલ મોકલી દીધી હતી. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવતીને બેભાન અવસ્થામાં એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી. જ્યાં યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. યુવતી અને આરોપી ચંદન ગુપ્તા વચ્ચે ત્રણ વર્ષ અગાઉ પ્રેમ સંબંધ બંધાયો હતો. પરંતુ યુવતીએ લગ્ન કરવાની ના પાડી હતી.

# ગુજરાત રાજ્યમાં કોંગ્રેસના વિરોધ વચ્ચે મતદાર યાદી થશે અપડેટ

## 2022 અને 2025ની મતદાર યાદીની સરખામણી થશે

**ગાંધીનગર**



રાજ્ય સરકાર દ્વારા આગામી ખાસ સઘન સુધારણા (SIR) 2026ના ભાગરૂપે મતદાર યાદીને અપડેટ કરવા માટે એક મહત્વપૂર્ણ અને સંભવિત વિવાદાસ્પદ કવાયત હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રક્રિયા અંતર્ગત વર્ષ 2002 અને 2025ની મતદાર યાદીઓની ઝીણવટભરી સરખામણી કરવામાં આવશે, જેની સામે કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. આ સમગ્ર કામગીરી પૂર્ણ કરવા માટેની અંતિમ તારીખ 24 સપ્ટેમ્બર, 2025 નક્કી કરવામાં આવી છે.

સરકારી આદેશો અનુસાર, આ અભિયાન માટે બૂથ લેવલ ઑફિસર્સ(BLO)ને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. આ કામગીરી માટે 2002ની છાપેલી મતદાર યાદી, 2025ની અંતિમ મતદાર યાદી, તેમજ એપ્રિલ અને જુલાઈ 2025ની પૂરક યાદીઓનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને 2002ની યાદીને યુનિકોડમાં રૂપાંતરિત કરી તેનો પણ સહારો લેવાશે.

આ અંગે સરકાર દ્વારા કરવામાં આવેલા આદેશ મુજબ ગામના BLOએ 2002ની મતદાર યાદી સાથે બેઠક કરવી, 2002 અને 2025ની મતદાર યાદીના સામાન્ય વિભાગોને ઓળખવા. BLOનું મુખ્ય કાર્ય 2002ની યાદીમાં સામેલ મતદારોને 2025ની વર્તમાન યાદીમાં શોધવાનું રહેશે. આ માટે 2025ની મુખ્ય યાદી, તેની પૂરક યાદીઓ અને BLO એપમાં તાજેતરમાં ઉમેરાયેલા નામોની પણ ચકાસણી થશે.

# બિસ્માર રસ્તાની યાદીનો આદેશ, કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ થશે બ્લેકલિસ્ટ

**ગાંધીનગર**

ગુજરાતમાં રોડ અને રસ્તાની હાલત ખૂબ જ ખરાબ છે તેવી અનેક ફરિયાદો થતી રહે છે. રોડ રસ્તા ખરાબ હોવાના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. આ મામલે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કોન્ટ્રાક્ટરો સામે લાલ આંખ કરી છે. છેલ્લા એક વર્ષમાં નિષ્ફળ ગયેલા ખરાબ રસ્તાના કામ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય ભૂપેન્દ્ર પટેલે લીધો છે. આ માટે સર્વે કરવાના આદેશ પણ આપી દેવામાં આવ્યાં છે. મંગળવારે મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

એક વર્ષમાં જે રસ્તાઓ બનાવવામાં આવ્યા છે અને બિસ્માર હાલતમાં થઈ ગયાં છે, તેની યાદી તૈયાર કરવા માટે ભૂપેન્દ્ર પટેલે આદેશ આપ્યો છે. એટલું જ ન નહીં પરંતુ આમાંથી કેટલા રસ્તાઓ માર્ગ અને મકાન વિભાગ દ્વારા અને કેટલા માર્ગો ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વાર બનાવવામાં આવ્યાં છે તેની યાદી તૈયાર કરવા માટે પણ કહેવામાં આવ્યું છે.

# બાળકો મોબાઇલથી હિંસા શીખે છે ગુજરાત હાઈકોર્ટે વ્યક્ત કરી ચિંતા

**અમદાવાદ**



સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા મુદ્દે હાઈ કોર્ટમાં સુનાવણી થઈ હતી. આ મામલે ડીઈઓએ સ્કૂલને નોટિસ આપી હતી. જેને લઈ સ્કૂલ હાઈ કોર્ટમાં પહોંચી હતી. જોકે હાઈ કોર્ટે સ્કૂલને તપાસમાં ખાતરી આપવા જણાવ્યું હતું. કોર્ટ સુનાવણી દરમિયાન મહત્ત્વની ટિપ્પણી કરતાં કહ્યું કે, બાળકો મોબાઈલથી હિંસા શીખે છે.

કોર્ટે પૂછ્યું હતું કે સેવન્થ ડે સ્કૂલમાં આરટીઈના વિદ્યાર્થી અથવા સ્કોલરશિપ ઉપર ભણતા વિદ્યાર્થીઓ છે? જેના જવાબમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષથી આ સ્કૂલમાં આરટીઈ નિયમો પાળવા પ્રયત્ન કરાઈ રહ્યા છે, પણ સફળતા મળી નથી. સ્કૂલે કહ્યું હતું કે મૃતક વિદ્યાર્થીની યાદમાં સ્કૂલે સ્કોલરશિપની જાહેરાત કરી છે. કોર્ટે સૂચન કર્યું હતું કે સ્કૂલમાં 10 ટકા બાળકોને મૃતકની યાદમાં આરટીઈની જેમ એડમિશન આપવામાં આવે. આ મુદ્દે વધુ સુનાવણી 24 સપ્ટેમ્બરે યોજાશે.

આ સુનાવણીમાં મૃતક વિદ્યાર્થીના વાલી વતી વકીલે આ સુનાવણીમાં જોડાવા માંગ કરી હતી. જેમાં કોર્ટે કહ્યું હતું કે કોર્ટને તેમનાથી પૂરી હમદર્દી છે. આવું કોઈ પણ વાલી સાથે થવું જોઈએ નહીં, પરંતુ શાળાના 10 હજાર બાળકોનો ભવિષ્યને અનિશ્ચિતતામાં મૂકી શકાય નહીં. આરોપીને ઝડપી લેવાયા છે, તેમની સામે કાયદા અનુસાર પગલાં લેવાશે.

અમદાવાદમાં 19 ઓગસ્ટે ખોખરાની સેવન્થ ડે સ્કૂલમાં ધક્કામુક્કી જેવી નજીવી બાબતમાં ધો-10ના વિદ્યાર્થીએ ધો-10ના સ્ટુડન્ટને છરી મારી દીધી હતી. જેના કારણે વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો હતો.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

WWW.SWADESH.NEWS

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ઈમિગ્રેશન સમસ્યા : સલાયાના 40 વહાણ વિદેશ જતા અટક્યાં

## 1000 કરોડનો વેપાર સ્થગિત, સૌરાષ્ટ્રના જુદા જુદા બંદરોની જેમ સલાયામાં પણ 2015ની સાલથી ઈમિગ્રેશન પ્રોસેસ ચાલતી હતી

**પોરબંદર**

ગુજરાતમાં 200થી 1000 ટનની ભાર વહન શકિત ધરાવતા લાકડાના 280 યાંત્રિક વહાણો મુખ્યત્વે વિદેશમાં ભારતીય માલનું પરિવહન કરવામાં જોડાયેલા છે, જેમાં સલાયા, મુંદ્રા, પોરબંદર, માંડવી અને બેડી બંદરના વહાણોનો સમાવેશ થાય છે. એમાં એકલા સલાયાના 150 વહાણો કાર્યરત છે. તાજેતરમાં દરિયામાં જવાની છુટ મળતા જ સલાયાના વહાણો ક્રમે ક્રમે સૌરાષ્ટ્રના જુદાં જુદાં બંદરોએથી માલ ભરીને વિદેશમાં જવા લાગ્યા છે પરંતુ તાજેતરમાં સલાયાના વહાણોની ઈમિગ્રેશન પ્રક્રિયા અચાનક કોઈ કારણ વગર બંધ કરી દેવામાં આવતા સલાયાના 40 વહાણો પોરબંદર, મુંદ્રા જતા



અટકી જતાં આશરે એક હજાર કરોડનો વિદેશ વેપાર સ્થગિત થઈ ગયો છે.

ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિએશનના પ્રમુખ આદમભાઈ ભાયાના જણાવ્યા મુજબ, વિદેશમાં જતાં હોય એ વહાણોને સલાયા બંદર છોડીને જો ભારતના કોઈ બંદરે જવું હોય કે વિદેશના બંદરે જવું હોય તો ઈમિગ્રેશન પ્રોસેસ કરવી પડે છે. આ માટે સૌરાષ્ટ્રના જુદા જુદા બંદરોની જેમ સલાયામાં પણ 2015ની સાલથી ઈમિગ્રેશન પ્રોસેસ ચાલતી હતી. આ માટે ઓખા અને સલાયામાં સી ચેકપોસ્ટ બનાવવામાં આવી હતી. તાજેતરમા દરિયાઈ વેકેશન પુરૂ થતાં તા. 1 સપ્ટેમ્બરે 4થી 5 વહાણો માલ ભરીને વિદેશ રવાના થયા હતા. એ પછી સલાયામાં ઈમિગ્રેશન પ્રોસેસ પાવર ખેંચાઈ જતાં સિક્કામાંથી કામગીરી કરાતી હતી અને એ પછી ત્યાંથી રાજકોટ આઈ.બી. વિભાગને આ પાવર સોંપાયો હતો. જે તા. 8 સુધી ચાલ્યું હતું, એ પછી તા. 9થી બંધ કરી દેતા સલાયાના 40 વહાણોને સલાયા છોડીને પોરબંદર બેડી વગેરે બંદરોએથી હજારો ટન ચોખા, ખાંડ અને મગફળી તેમજ એસેન્સિયલ કોમોડીટી ભરીને ગલ્ફ દેશો તેમજ આફ્રિકન દેશોમાં જવાનું હતુ પણ ઈમિગ્રેશન પ્રોસેસ ન થતાં આ બધા વહાણો સલાયાથી ક્યાંય આગળ જઈ શકતા નથી અને આ પ્રક્રિયા પુરી જઈ જાય એની રાહમાં સમય વિતાવી રહ્યા છે. સામાન્ય નિયમ એવો છે કે ઈમિગ્રેશન કે અન્ય પ્રક્રિયામાં મૂળ બંદરે કામગીરી કોઈ કારણસર ન થાય તો આજુબાજુના બંદરોએ કરવાની રહે પણ એ બધાએ 'આ અમારામાં ન આવે, અમને કોઈ પાવર એલોટ થયા નથી' વિગેરે બહાના બતાવી કામગીરી કરી દેતા નથી.

# યુવાને પારકી પરિણીતા સાથે પ્રેમલગ્ન કરી લેતાં પ્રેમીના ભાઈ ઉપર હુમલો થયો

## જામનગરના મુંગણી ગામની ઘટના, ત્રણ સામે ફરિયાદ

**જામનગર**

જામનગર નજીક મુંગણી ગામમાં રહેતા અને કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા હરપાલસિંહ જીતેન્દ્રસિંહ કયોર નામના 31 વર્ષના યુવાને પોતાના ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કરી છરી વડે કપડાં ફાડી નાખી માર મારવા અંગે મુંગણી ગામના સંજય સિંહ કેર, સિધ્ધરાજસિંહ કંચવા, અને ઈન્દુબા કંચવા સહિત 3 સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી હરપાલસિંહ કયોરના ભાઈ મહિપાલસિંહ કે જેણે આજથી ત્રણ મહિના પહેલા આરોપી સંજયસિંહ કેરની પત્ની સાથે પ્રેમ સંબંધ હોવાથી ભાગી જઈ મૈત્રી કરાર કરી લીધા હતા, અને હજુ સુધી લાપત્તા છે, જેનો ખાર રાખીને ત્રણેય આરોપીઓ એક કારમાં આવ્યા હતા, અને ફરિયાદી યુવાન પર હુમલો કરી દેતાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. હાલ ત્રણે આરોપીઓ ભાગી છુટ્યા હોવાથી સિક્કાના એ.એસ.આઈ. સી.ડી.ગાંભવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# મોરબી અને રાજકોટમાં આવકવેરાના દરોડા ૨.૫ કરોડની રોકડ મળી, બેંક લોકરો સીલ

## મોરબીના લેવીસ અને મેટ્રો ગ્રુપ સાથે સંકળાયેલાં ધંધાર્થીઓને ત્યાં તપાસ જારી

**રાજકોટ**

નવરાત્રિના આગમન પૂર્વે મોરબીના જાણીતા સિરામિક ગ્રુપ ઉપરાંત બિલ્ડીંગ કન્સ્ટ્રકશન અને કોટનના ધંધાર્થીઓને ત્યાં હાથ ધરવામાં આવેલી આવકવેરા વિભાગની તપાસ દરમિયાન લાખો રૂપિયાના શંકાસ્પદ આર્તિક વ્યવાહોર મળી આવ્યા હતાં. તેમજ રૂ. 2.5 કરોડની રોકડ રકમ રકમ સાથે બેંકના તમામ લોકરો આવક વેરા વિભાગ દ્વારા સીલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. હજુ બે દિવસ સુધી તપાસ ચાલશે ત્યારબાદ કરચોરીની સાચી વિગતો બહાર આવશે. તેમ આવકવેરા વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

મોરબીમાં સિરામિક ઈન્ડસ્ટ્રીઝમાં જાણીતા એવા લેવીસ અને મેટ્રો ગ્રુપની ઓફિસ, ફેકટરી અને રહેણાંક સહિત કુલ 45 સ્થળોએ આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશનમાં આ પેઢીઓ સાથે સંકળાયેલાં રાજકોટના ધંધાર્થીઓના ઘર ઓફિસ સહિતના સ્થળોએ આવકવેરા વિભાગના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી. આજે મોડી રાત્રિ સુધી હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન મળી આવેલી અઢી કરોડની રોકડ રકમ અને બિન હિસાબી આર્થિક વ્યવહારો સાથેનું સાહિત્ય કબજે કરવામાં આવ્યું હતું. હજુ આ સર્ચ ઓપરેશન વધુ બે દિવસ સુધી ચાલશે. વધુમાં મોરબી અને રાજકોટ ખાતે ધંધાર્થીઓનાં બેંક લોકરો પણ વકવેરા વિભાગ દ્વારા સીઝ કરવામાં આવ્યા હતાં.

# સુરેન્દ્રનગર મનપામાં 16 બેઠક સામાન્ય, 36 અનામત બેઠક, નવું સીમાંકન જાહેર કરાયું

## 13 વોર્ડમાં કુલ 2.66 લાખની વસ્તીનો સમાવેશ કરાયો : વોર્ડ દિઠ સરેરાશ 20518ની વસ્તી

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાનું નવું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. નવા સીમાંકન અનુસાર ૧૩ વોર્ડમાં કુલ ૨,૬૬,૭૩૩ની વસ્તીનો સમાવેશ કરાયો છે જે અનુસાર વોર્ડ દિઠ સરેરાશ ૨૦,૫૧૮ની વસ્તી રહેશે. તેમજ ૫૪ બેઠક પૈકી ૧૬ બેઠક સામાન્ય, ૩૬ અનામત બેઠકો ફાળવવામાં આવી છે. ચૂંટણી આયોગ દ્વારા નવું સીમાંકન જાહેર થતાં જ રાજકીય ગતિવિધિઓ તેજ બની




છે.મહાનગરપાલિકા બન્યા બાદ ચૂંટણી સહિતની પ્રક્રિયાઓ અંગે સરકાર દ્વારા વિવિધ વોર્ડ, બેઠક, બેઠકનો પ્રકાર, વસ્તી, મતદારો, જ્ઞાતિ આધારીત માહિતી, સીમાંકન વગેરે માહિતીના આધારે નવું સીમાંકન વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરીના છેલ્લા આંકડાને ધ્યાને લઈ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. તે મુજબ મહાનગરપાલિકાની કુલ વસ્તી ૨,૬૬,૭૩૩ થાય છે.

જાહેરનામા મુજબ મહાનગરપાલિકાને ૧૩ વોર્ડમાં વિભાજીત કરવામાં આવી છે અને દરેક વોર્ડની સરેરાશ વસ્તી ૨૦,૧૫૮ થાય છે. આ ઉપરાંત મહાનગરપાલિકા માટે પાંચ બેઠકો અનુ.જાતિ માટે ફાળવવામાં આવી છે. તે પૈકી બે બેઠક અનુ.જાતિ મહિલા માટે અનામત રહેશે.

# મહુવામાં હિંમત હારેલા ખેડૂતે ટ્રેક્ટરથી 25 વિઘાનું કેળાના પાકનો નાશ કર્યો

**ભાવનગર**

ભાવનગરના મહુવામાં હાલમાં કેળાનો પાક લેનારા ખેડૂતો બેહાલ બની ગયાં છે. બાગાયતી ખેતી કરનારા ખેડૂતોની હાલત કફોડી બની છે. ત્યારે પોતાના ૨૫ વિઘાના ખેતરમાં કેળની ખેતી કર્યા બાદ કેળાનો પાક તૈયાર થઈ રહ્યો હતો. આ દરમિયાન પાકને ખરીદનાર નહીં મળતાં ખેડૂત મુંઝવણમાં મુકાયા હતાં. ખેતરમાં ઉભો કેળાનો પાક બગડી રહ્યો હતો. ત્યારે હિંમત હારીને આખરે તેમણે ટ્રેક્ટરથી ૨૫ વિઘાનું ખેતર ખેડી નાંખી કેળાના પાકનો સંપૂર્ણ નાશ કરી નાંખ્યો હતો.

ખેડૂત ભગવાનભાઈ માળિયા અને ભરત ભાઈ કોરડિયાએ કહ્યું હતું કે, અમારે એક વિઘાના કેળાના વાવેતરમાં ૬૦ હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો. ત્યારે ૨૫ વિઘામાં ૧૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ પાકની માવજત રાત દિવસ કરીને ૧૮ મહિના કરતાં વધારે સમય સુધી મહેનત કરી હતી. જ્યારે ઉપજ આવવા લાગી ત્યારે પાકની ખરીદી કરવા માટે કોઈ વેપારી તૈયાર નહોતો. આ પાક તૈયાર થઈને બગડી રહ્યો હતો. ત્યારે ના છુટકે દિલ પર પથ્થર મુકીને ૨૫ વિઘા ખેતરમાં ઉભા પાક પર ટ્રેક્ટર ફેરવી પાકનો સંપૂર્ણ નાશ કરી નાંખ્યો છે.

# દેવાયત ખવડ સહિત 7ને મળ્યા જામીન, બે જિલ્લામાં તડીપારનો આદેશ

**સુરેન્દ્રનગર**

સતત વિવાદમાં રહેતા એવા જાણીતા ડાયરા કલાકાર દેવાયત ખવડને સહિતના સાત આરોપીના વેરાવળ ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટે જામીન મંજૂર કર્યા છે. સાતેય આરોપીઓને અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

કોર્ટે દેવાયત ખવડને 1 લાખના અને અન્ય આરોપીને 25-25 લાખના બોન્ડ પર જામીન આપવામાં આવ્યા છે. વેરાવળ કોર્ટે દેવાયત ખવડ સહિતના આરોપીના જામીન મંજૂર કર્યા છે. કોર્ટે જામીન આપવાની સાથે કેટલીક શરતો મૂકી છે. જેમાં આરોપીઓએ દર 15 દિવસે તાલાલા પોલીસ સ્ટેશનમાં ફરજિયાત હાજર રહેવા સૂચન કર્યુ છે.

# રામપરા અને સુરકા ગામે કુદરતી તળાવ તોડવા સામે વિરોધ-ધરણાં

## કોંગ્રેસના આગેવાનો અને સરપંચો દ્વારા નારા લગાવાયા

**ભાવનગર**

ભાવનગર તાલુકાના રામપર અને સુરકા ગામે કુદરતી તળાવને તોડવાનું કામ શરૂ કરાતા કોંગ્રેસ અને સ્થાનિક ગામના સરપંચોએ વિરોધ નોંધાવી આગેવાનો પ્રાંત કચેરી ખાતે ધરણાં પર બેસી ગયા હતા.

રામપર અને સુરકા ગામના સરપંચોએ ગઈકાલે પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરી બન્ને ગામમાં આવેલા કુદરતી તળાવને તોડવાનું કામ અટકાવવા માંગણી કરી હતી. પરંતુ તેમની રજૂઆતને ધ્યાને ન લેવાતા ભાવનગર જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ, તાલુકા સદસ્યો, આગેવાનો અને સરપંચો પ્રાંત કચેરી ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમને મળવા દેવામાં ન આવતા આગેવાનો અઢી કલાક સુધી ધરણાં પર બેસી ગયા હતા. જિ.પં.ના વિપક્ષના નેતા બળદેવ સોલંકીએ જણાવ્યું હતું કે, ધરણાં સમયે મામલો ગરમ થતાં પોલીસ દોડી આવી હતી. પ્રાંત અધિકારીએ મામલતદારે સ્થળ તપાસ માટે મોકલ્યા બાદ આખરે તળાવને ખોદવાનું કામ બંધ કરાયું હતું.

# રાજકોટ સહિત તમામ કોર્પોરેશન શહેરોમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનશે

**ગાંધીનગર**

ગુજરાત સરકારે હવે તમામ 17 મ્યુનિસિપલ કોર્પોરેશન ધરાવતાં શહેરોમાં સ્પોર્ટસ કોમ્પ્લેકસ ઉભા કરવાની યોજના તૈયાર કરી છે. રમત ગમતને પ્રોત્સાહન આપવા તથા આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે સ્થાનિક યુવાનોને આગળ વધવાની તક મળી રહે તે માટે જુના આઠ કોર્પોરેશન શહેરો તથા નવી જાહેર થયેલી 9 કોર્પોરેશનના શહેરોમાં નવા સ્પોર્ટસ કોમ્પ્લેકસનું નિર્માણ કરવામાં આવશે. શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજયના રમત ગમત મંત્રાલય દ્વારા આ બીડુ ઝડપવામાં આવ્યું છે. સરકાર 2030 ના કોમનવેલ્થ ગેમ્સ તથા 2036 ના ઓલિમ્પિક માટે યજમાની કરવા પ્રયાસ કરી રહી છે. તેવા સમયે આ પ્રોજેક્ટ મહત્વનો બની શકે છે. કેન્દ્ર સરકારનાં સહયોગથી અમદાવાદમાં તો રમતગમત માટેના નવા સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચર નિર્માણ પામી રહ્યા જ છે.



## ઘાટી ફિલ્મ ફલોપ જતાં અનુષ્કાનું સોશિયલ મીડિયાને બાયબાય

મુંબઇ : અનુષ્કા શેટ્ટીની તાજેતરની ફિલ્મ 'ઘાટી' બોક્સ ઓફિસ પર ફલોપ જતાં તેણે થોડા સમય માટે સોશિયલ મીડિયા પરથી બ્રેક લેવાનુ ંનક્કી કર્યું છે. તેણે પોતે જ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે હવે તે ફક્ત કામ પર ફોક્સ કરવા માગે છે એટલે થોડા સમય માટે સોશિયલ મીડિયા પરથી બ્રેક લઈ રહી છે. અનુષ્કાએ તેની પોસ્ટમાં આડકતરી કબૂલાત કરી છે કે સોશિયલ મીડિયા સ્ક્રોલ કરવામાં તેનો બહુ સમય વેડફાઈ રહ્યો છે.

સ્વદેશ



FRIDAY, 19 SEPTEMBER 2025

## મને વિરાટ કોહલીની બાયોપિક બનાવવામાં રસ નથી : અનુરાગ



ભારતીય ક્રિકેટ ટીમના ઘણા દિગ્ગજ ખેલાડીઓની બાયોપિક બનાવવામાં આવી છે, જેમાં પૂર્વ કેપ્ટન એમએસ ધોની, માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર અને મિતાલી રાજના નામ ટોપ પર છે. આજના યુગમાં વિરાટ કોહલીનો પણ એવો જ ક્રેઝ છે. ભારતીય ક્રિકેટમાં તેનું ખાસ સ્થાન છે. અનુરાગને એક ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે, શું તમે વિરાટ કોહલીની બાયોપિક બનાવવા માગો છો? તેના જવાબમાં ડાયરેક્ટરે કહ્યું કે, ના મને વિરાટ કોહલીની બાયોપિક બનાવવામાં રસ નથી. અનુરાગ કશ્યપે કહ્યું કે, 'મને નથી લાગતું કે, હું આ કરવા માગીશ, કારણ કે, તે પહેલાથી જ ઘણા લોકોનો, ઘણા બાળકોનો હીરો છે. જો મારે કોઈ બાયોપિક બનાવવી હશે તો હું મુશ્કેલ સબ્જેક્ટ પસંદ કરીશ, કોઈ વ્યક્તિનું જીવન.' વિરાટ કોહલી અંગે ડાયરેક્ટરે કહ્યું કે, 'તે ખૂબ જ શાનદાર માણસ છે. હું તેને પર્સનલી જાણું છું. તે ખૂબ જ ઓથેન્ટિક વ્યક્તિ છે. તે ખૂબ જ ઈમોશનલ છે. તે એક અદ્ભુત વ્યક્તિ છે.

## ઓક્ટોબર કે નવેમ્બરમાં કેટરિના કૈફ માતા બને તેવી અટકળો



મુંબઇ : કેટરિના કૈફ પ્રેગનન્ટ હોવાની અટકળો ફરી શરુ થઈ છે. આ વખતે તો કેટરિના અને વિકીના નજીકના સૂત્રોના હવાલાથી એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટરિનાની ડિલિવરી આગામી ઓક્ટોબર કે નવેમ્બર મહિનામાં થઈ શકે છે. જોકે, આ ચર્ચાઓને કેટરિના કે વિકી તરફથી કોઈ સમર્થન અપાયું નથી. કેટરિના અને વિકીનાં લગ્નને ચાર વર્ષ થઈ ગયાં છે. તે પછી એકથી વધુ વખત કેટરિનાની પ્રેગનન્સીની અટકળો ફેલાઈ ચૂકી છે. જોકે, સૂત્રોના દાવા અનુસાર આ વખતે અટકળોમાં તથ્ય છે. કેટરિના છેલ્લા કેટલાય સમયથી ભાગ્યે જ જાહેરમાં દેખાય છે. તે ક્યારેક ક્યાંક બહાર જોવા મળે છે તો પણ તેણે એકદમ લૂઝ વસ્ત્રો ધારણ કર્યા હોય છે. કેટરિનાએ છેલ્લા કેટલાય સમયથી બોલીવૂડમાં કોઈ નવો પ્રોજેક્ટ પણ સ્વીકાર્યો નથી. તેના પરથી તે આ વખતે ખરેખર પ્રેગનન્ટ હોવાની અટકળો વ્યાપક બની છે.

# મેં હંમેશા મારી શરતો પર જિંદગી જીવી છે : મલાઈકા



બોલિવૂડની એક્ટ્રેસ મલાઈકા અરોરા તેના હોટ અંદાજ અને ડાન્સ સિવાય કોઈ પણ મુદ્દે બિંદાસ અભિપ્રાય આપવા માટે જાણીતી છે. મલાઇકા તેની પર્સનલ લાઈફ અને રિલેશનશિપ અને ફેશનના મુદ્દે કોઈપણ જાતના ભય વગર પોતાની પ્રતિક્રિયા આપે છે. હવે ફરી એકવાર મલાઈકાએ જણાવ્યું કે કેવી રીતે તે ટ્રોલર્સનો સામનો કરે છે. એક ઇન્ટરવ્યૂમાં મલાઈકાએ જણાવ્યું કે, 'લોકો તમને હંમેશા કહેતા રહે છે કે તમે શું હોવા જોઈએ અને શું ન હોવા જોઈએ. લોકોએ તો મારી કારકિર્દીથી લઈને મારા કપડાં અને મારા સંબંધો દરેક બાબતમાં મને જજ કરી છે. પરંતુ, જે દિવસે મેં પોતાને સમજાવવાનું બંધ કરી દીધું, એ જ દિવસે મને સાચી આઝાદી મળી હોય તેવો અનુભવ થયો. મારી સૌથી મોટી શીખ એ છે કે માત્ર એ જ વાર્તા મહત્ત્વની છે, જે તમે તમારા માટે જાતે લખો છો. મલાઈકાએ વધુમાં જણાવ્યું કે, 'મેં મારી લાઈફ પોતાની શરતો મુજબ જીવી છે, પછી તે ફેશન હોય, ફિટનેસ હોય કે વ્યક્તિગત નિર્ણયો હોય. મારૂં માનવું છે કે સાચો આત્મવિશ્વાસ પોતાના પ્રત્યે ઈમાનદાર રહેવાથી આવે છે. હા, આત્મસંદેહ સ્વાભાવિક છે. પણ મારા માટે આત્મવિશ્વાસનો અર્થ મુશ્કેલીઓ હોવા છતાં પણ શાલીનતા સાથે આગળ વધવું એ છે. મલાઈકા હંમેશા તેના સંબંધોને લઈને ચર્ચામાં આવે છે. વર્ષ 2017માં અરબાઝ ખાન સાથે છૂટાછેડા લીધા બાદ એક્ટર અર્જુન કપૂર સાથે મલાઈકાના રિલેશનશિપની ચર્ચા થવા લાગી. રિપોર્ટ પ્રમાણે બંનેએ અમુક વર્ષ સુધી એકબીજાને ડેટ કરતા રહ્ય, પણ ગયા વર્ષે મલાઇકાનું અર્જુન સાથે બ્રેકઅપ થઈ ગયું.

## 'અમારી ચિંતા ના કરશો, મજાકથી ફરક નથી પડતો', Jolly LLB 3 વિવાદ મુદ્દે બોમ્બે હાઈકોર્ટની ટિપ્પણી

ફિલ્મ Jolly LLB 3 માટે બોમ્બે હાઈકોર્ટ દ્વારા મોટી રાહત મળ્યાના સમાચાર આવ્યા છે. બોમ્બે હાઈકોર્ટ એ જાહેર હીતની અરજીની સુનાવણી કરી હતી, જેમાં અપકમિંગ ફિલ્મ Jolly LLB 3ની રિલીઝ પર પ્રતિબંધ લગાવવાની માંગ કરવામાં આવી હતી. અરજીકર્તાનું કહેવું છે કે, ફિલ્મમાં ન્યાયપાલિકાની મજાક ઉડાવવામાં આવી છે. પરંતુ કોર્ટે અરજીની સુનવણી કરતાં કહ્યું હતું કે, 'ચિંતા ન કરશો, ઘણીવાર અમારી મજાક ઉડાવવામાં આવે છે, તેનાથી અમને કોઈ ફરક નથી પડતો.' આ ફિલ્મ દેશભરના સિનેમાઘરોમાં 19 સપ્ટેમ્બરની રોજ રિલીઝ થવાની છે. Jolly LLB 3 નું નિર્દેશન સુભાષ કપૂર દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મમાં અક્ષય કુમાર, અરશદ વારસી, સૌરભ શુક્લા, અમૃતા રાવ અને હુમા કુરેશીનો અભિનય જોવા મળશે. આ ફિલ્મનું ટ્રેલર સાત દિવસ પહેલા આવ્યું હતું અને અત્યાર સુધી 2 કરોડથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે. ચીફ જસ્ટિસ ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અનખડની બેન્ચ સામે હાઈ કોર્ટમાં અરજીકર્તા તરફથી રજૂઆત કરતાં વકીલે કહ્યું કે, આ ન્યાયની મજાક છે. અરજીકર્તાના વકીલ દિપેશ સિરોયાએ કહ્યું કે, આ ફિલ્મ અને ગીતમાં માત્ર વકીલોની જ નહીં પરંતુ, ન્યાયાધીશોની પણ મજાક ઉડાવવામાં આવી છે.



## 'હું દારૂ-સિગારેટ પીને કોઈની ચાપલૂસી નથી કરતી', અમીષા પટેલે ખોલી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પોલ!

હૃતિક રોશન સાથે 'કહો ના... પ્યાર હૈ' ફિલ્મથી શાનદાર શરૂઆત કરનાર અભિનેત્રી અમીષા પટેલે તાજેતરમાં એક ઇન્ટરવ્યૂમાં પોતાના સંઘર્ષો વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે ફિલ્મ ઇન્ડસ્ટ્રીના લોકો મને પસંદ નથી કરતા, કારણ કે હું ચાપલૂસી નથી કરતી.' એક ઇન્ટરવ્યૂમાં અમીષા પટેલે જણાવ્યું કે, 'ઓડિયન્સનો પ્રેમ સૌથી વધુ મહત્ત્વનો છે, પછી ભલે તમે કોઈ પણ ગ્રુપનો ભાગ હોવ. હા, હું અમુક ગ્રુપનો ભાગ નહોતી, હું શરાબ-સિગારેટ નથી પીતી, કામ માટે ચાપલૂસી નથી કરતી. મને જે પણ કામ મળે છે તે મારી મહેનતથી મળે છે. આ જ કારણથી કેટલાક લોકો મને પસંદ નથી કરતા. હું કોઈની પાછળ નથી ફરતી.' અમીષાએ આ અંગે વધુમાં કહ્યું કે, 'જ્યારે કરીના કપૂરે ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' છોડી, ત્યારે મને તક મળી. જો હું ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાંથી જ હોત, તો કદાચ હું પહેલી પસંદ હોત.'

પોતાને 'આઉટસાઇડર' ગણાવતા અમીષાએ કહ્યું, 'ઇન્ડસ્ટ્રીમાં તમારા માટે ત્યારે વધુ મુશ્કેલીઓ આવે છે, જ્યારે તમારો પતિ કે બોયફ્રેન્ડ આ ઇન્ડસ્ટ્રીમાંથી ન હોય. તેમજ જયારે તમે પાવર કપલ તરીકે તમને રજૂ નથી કરતા ત્યારે પણ ઘણી વાર મુશ્કેલી સર્જાય છે. અન્ય લોકોની સરખામણીમાં ઓછો સપોર્ટ મળે છે, તેમજ તમને સપોર્ટ કરવાનું કોઈ ખાસ કારણ પણ નથી હોતું કારણ કે તમે એક આઉટસાઇડર છો.'

અમીષા પટેલ છેલ્લે ફિલ્મ 'ગદર 2'માં સની દેઓલ સાથે જોવામાં આવી હતી, જે વર્ષ 2023માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ 2001માં આવેલી 'ગદરઃ એક પ્રેમ કથા'નો સીક્વલ હતી.



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### દેશ માટે સર્વસ્વ અર્પણ કરનારને શિરપાવ, નેપાળવાસીઓએ ઋણ ચુકવ્યું

# સુશીલા કાર્કી : નિડર અને સ્વચ્છ છબીએ પીએમ બનાવ્યા

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

બે અઠવાડિયા પહેલા નેપાળમાં હિંસક આદોલને આખી દુનિયાનું ધ્યાન ખેચ્યું હતુ. કારણ કે, આ આંદોલનથી નેપાળમાં વર્તમાન સત્તા ધરાશાયી થઈ હતી. જો કે, હવે નેપાળમાં રાજકીય ક્રાંતિ હવે ધીમે ધીમે શાંત પડી રહી છે. ગત શુક્રવારે પાંચ હજારથી વધારે સભ્યોની હાજરીમાં મળેલી બેઠકમાં સુશીલા કાર્કીને દેશના વચાગાળાના પીએમ જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે જ તેઓ નેપાળના પહેલા મહિલા વડા પ્રધાન બની ગયા છે. એક જાણીતા ન્યાયાધિશ, દેશના પહેલાં મહિલા ચીફ જસ્ટિસ, લેખિકા સુશીલા કાર્કી હવે દેશના પહેલા મહિલા વડાપ્રધાન પણ છે. વી નેપાલી ગ્રુપ તથા જેનઝીના વિવિધ સમુહોનું તેમને પ્રચંડ સમર્થન મળ્યું છે.

સુશીલા કાર્કીનો જન્મ નેપાળના વિરાટનગરમાં ૧૯૫૨માં ખેડૂત પરિવારના ઘરે થયો હતો. સુશીલા કાર્કીએ પોતાનું પ્રારંભિક શિક્ષણ નેપાળમાં જ લીધું હતું. ત્યારબાદ તેઓ પોલિટિકલ સાયન્સનો અભ્યાસ કરવા માટે ભારત આવ્યા હતા. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી તેમણે અહીંયા પોલિટિકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. અહીંયા બે વર્ષ અભ્યાસ દરમિયાન તેમની જિંદગીમાં ઘણા ફેરફાર આવ્યા હતા. એક તરફ તેઓ ભારત, ભારતીય સંસ્કૃતિ અને ગંગા નદીના પ્રેમમાં પડયા હતા. તેના પ્રત્યે તેમનો વિશેષ લગાવ વધ્યો હતો. બીજી તરફ નેપાળમાંથી જ એક યુવાન નેતા બીએચયુમાં અભ્યાસ માટે આવ્યો હતો. તેનું નામ હતું દુર્ગા પ્રસાદ સુબેદી. નેપાળમાં તે સમયે રાજાશાહી ચાલતી હતી. બનારસમાં અભ્યાસ કરવા આવેલા આ યુવાનોમાંથી એક વર્ગ રાજાશાહી અને પંચાયતી રાજનો વિરોધ કરનારા હતા. સુબેદી તેમાં મોખરે હતા. રાજાશાહીનો વિરોધ કરનારા વિદ્યાર્થીઓએ એક જૂથ બનાવ્યું હતું. તેઓ નક્કી કરેલા સમયે અને દિવસે મળીને નેપાળમાં લોકશાહી લાવવા માટે ચર્ચા કરતા હતા. દરરોજ જૂથમાં પોતાના દેશને આગળ વધારવા, રાજાશાહીનો અંત લાવવા અને લોકશાહી સ્થાપિત કરવા માટે ક્રાંતિકારી યોજનાઓ બનાવતા હતા. સુશીલા કાર્કી પણ ક્રાંતિકારી વિચારો ધરાવતી યુવતી હતા. તેઓ પણ જૂથમાં જોડાયા હતા. તેમાં વારંવાર મુલાકાત દરમિયાન તેમનો સુબેદી સાથે ગાઢ પરિચય થવા લાગ્યો હતો. તેઓ વૈચારિક રીતે એકબીજાથી



પ્રભાવિત હતા અને ક્રાંતિકારી વિચારના સમર્થક હતા. બંને ધીમે એકબીજાના પ્રેમમાં પડયા. કેટલાક લોકો માને છે કે, તેમણે ભારતમાં જ બનારસમાં જ લગ્ન કરી લીધા હતા. બંને પ્રેમ બાદ લગ્ન કરીને જોડાયા ત્યારે તેમના પ્રત્યે સમાજને આશા વધારે હતી. બંને સામાજિક અને રાજકીય ક્રાંતિ માટે મહત્ત્વપૂર્ણ ગણાતા હતા. બીએચયુથી અભ્યાસ પૂરો કર્યા બાદ સુશીલા કાઠમાંડુ પાછા ફર્યા અને ત્રિભુવન યુનિવર્સિટીમાં કાયદાશાસ્ત્રના અભ્યાસમાં જોડાયા હતા. બીજી તરફ દુર્ગા પ્રસાદ સુબેદી નેપાળના રાજકારણમાં સક્રિય થઈ ગયા હતા.

લગ્ન બાદ એક તરફ સુબેદી રાજકારણમાં સક્રિય થયા હતા, ત્યાં સુશીલા કારકિર્દી ઉપર વધારે ફોકસ કરતા હતા. તેણે એકાદ-બે વર્ષ શિક્ષક તરીકે પણ કામગીરી કરી હતી. ત્યારબાદ તેમણે વકીલાત શરૂ કરી દીધી હતી. આ દરમિયાન તેમણે સક્રિય રાજકારણમાં પણ ઝંપલાવ્યું હતું. તે કામ તેમને વધારે કઠિન લાગતા તેમણે રાજકારણથી ડિસ્ટન્સ રાખ્યું અને વકીલાત ઉપર ભાર મુક્યો. નેપાળના ન્યાયતંત્રમાં તેમણે પોતાની આગવી અને નિડર વકીલ તથા જજ તરીકેની છાપ ઊભી કરી હતી. તેઓ ક્યારેય કોઈના દબાણમાં આવ્યા નહોતા.

તેમણે ૧૯૭૯માં પોતાની વકીલ તરીકેની પ્રેક્ટિસ શરૂ કરી હતી. તેઓ ૧૯૮૮થી ૧૯૯૦ સુધી કોશી ઝોનલ બારના અધ્યક્ષ તરીકે રહ્યા હતા. ત્યારબાદ ૨૦૦૨થી ૨૦૦૪ તેઓ વિરાટનગર અપીલીય બારના અધ્યક્ષ બન્યા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૦૪માં તેમને સિનિયર કાઉન્સેલ તરીકે માન્યતા આપવામાં આવી હતી. તેના પાંચ વર્ષ બાદ ૨૦૦૯માં તેઓ સુપ્રીમ કોર્ટમાં અસ્થાયી જજ તરીકે પસંદગી પામ્યા હતા. જે બાદ ૨૦૧૦માં તેમને સુપ્રીમમાં કાયમી જજ બનાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ તેમણે જજ તરીકે આકરી નિર્ણયો લીધા અને ગુનાખોરીને ડામવા મક્કમ વલણ અપનાવ્યું હતું. તેના કારણે જ તેમની ૨૦૧૬માં નેપાળની સુપ્રીમ કોર્ટના ૨૫મા ચીફ જસ્ટિસ તરીકે પસંદગી કરવામાં આવી હતી.

કાર્કીએ જે મહત્ત્વના ચુકાદા આપ્યા, તેના કારણે ઘણી વખત તેમને સરકાર અને તંત્ર સામે સંઘર્ષમાં ઉતરવાનો વારો આવ્યો હતો. તેમાં હાઈપ્રોફાઈલ ભ્રષ્ટાચાર મુદ્દે અને મહિલાઓની નાગરિકતાના અધિકારો અંગે આપેલા ચુકાદાની આજે પણ નેપાળમાં ચર્ચા થાય છે. ખાસ કરીને તેમણે ૨૦૧૨માં તત્કાલિન સુચના અને પ્રસારણ મંત્રી જય પ્રકાશ ગુપ્તાને દોષિત જાહેર કર્યા હતા. નેપાળના ઈતિહાસમાં પહેલી વખત તેમના ચુકાદાને કારણે ભ્રષ્ટાચારના કેસમાં કોઈ વર્તમાન મંત્રીને જેલમાં ધકેલવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકે કામગીરી કરવા દરમિયાન ભ્રષ્ટાચારનો સખત વિરોધ કર્યો છે અને તેના માટે ઝીરો ટોલરન્સ નીતિ જ અપનાવી હતી. એક સમયે નેપાળી કોંગ્રેસ અને માઓવાદીની કેન્દ્ર સરકારે સાંસદોના ભ્રષ્ટાચાર કેસના ચુકાદામાં પક્ષપાત કરવાનો આરોપ પણ મુક્યો હતો. તેના પગલે તેમની સામે મહાભિયોગની કામગીરી કરવાની પણ માગણી કરવામાં આવી હતી. તે સમયે જનતાએ તેમના માટે વિદ્રોહ કર્યો હતો અને લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટના અન્ય મોટા જજ પણ તેમની તરફેણમાં આવ્યા હતા. જેને કારણે મહાભિયોગની અરજી પાછી ખેંચવામાં આવી હતી. ત્યારબાદ તેઓ થોડા સમય માટે ફરી સીજેઆઈ પદ ઉપર આવ્યા હતા અને પછી નિવૃત્ત થયા હતા. તેમણે શાંતિ મિશનો અને ભ્રષ્ટાચારના કેસ ઉપર વધારે ધ્યાન આપ્યું હતું. તે ઉપરાંત નેપાળી મહિલાઓ અને બાળકોને નાગરિકતા આપવા માટે સક્ષમ બનાવવના પ્રગતિશિલ નિર્ણય પણ તેમના થકી જ લેવાયા હતા. તેઓ તેમની કામગીરીમાં વ્યસ્ત હતા ત્યારે નેપાળ કોંગ્રેસના યુવા અને ક્રાંતિકારી નેતા ગણાતા સુબેદીએ નેપાળના સરકારી પ્લેનનું અપહરણ કરી લીધું. તેઓ પ્લેન હાઈજેક કરીને ભારત લઈ આવ્યા. તેમનું નામ ૧૯૭૩ પ્લેન હાઈજેકિંગ કેસના ગુનેગારોમાં આવવા લાગ્યું હતું. તેઓ પોતાના સાથીઓ જોડે પ્લેન હાઈજેક કરીને ભારતના ફારબિસગંજ એરપોર્ટ ઉપર લઈ આવ્યા હતા. નેપાળ સરકારના આ સરકારી વિમાનમાં ઘણા જાણીતા પેસેન્જર અને ૩૦ લાખ ભારતીય રૂપિયા પણ હતા. તેમની ક્રાંતિ માટે આ ધન પૂરતું હતું. આ દરમિયાન ભારતે આકરું વલણ અપનાવ્યું અને સુબેદી તથા તેમના સાથીઓની ધરપકડ કરાઈ હતી. જે બાદ તમામને ડમડમ સેન્ટ્રલ જેલમાં ધકેલવામાં આવ્યા હતા. તે સમયે ભારત અને નેપાળ વચ્ચે કોઈ રાજકીય જોડાણ કે સંધી થયેલા નહોતા. તેના પગલે સુબેદીને ભારતની જેલમાં જ રાખવામાં આવ્યા હતા. આ દરમિયાન સુશીલા કાર્કી નેપાળના ન્યાયતંત્રના શિખર ઉપર પહોંચી ગયા. તેમણે ક્યારેય સુબેદીની કામગીરીને પોતાના ઉપર હાવી થવા દીધી નહીં અને પોતે ક્યારેય ન્યાયનો રસ્તો છોડયો નહીં. સુબેદીને ૨૦૧૩માં નેપાળ સરકારે પરત બોલાવ્યા અને તેમની દેખરેખ તથા સારવારની જવાબદારી સરકારે ઉપાડી લીધી. તેઓ લોકશાહી માટે વિશેષ સંઘર્ષ કરવાના પ્રતિક તરીકે જાણીતા થઈ ગયા. સુશીલા કાર્કી અને સુબેદીએ નેપાળમાં સામાજિક અને રાજકીય ક્રાંતિ લાવવા માટે પોતાનું ગૃહસ્થ જીવન દાવ ઉપર લગાવી દીધું. તેના પરિણામે જ કદાચ સુશીલા કાર્કીને નેપાળવાસીઓએ દેશના પીએમ બનાવીને તેમનું ઋણ ઉતારવા પ્રયાસ કર્યો હોય, તેમ જણાય રહ્યું છે.

**1952માં વિરાટનગરમાં જન્મેલા સુશીલા કાર્કી નેપાળમાં સામાજિક અને રાજકીય ક્રાંતિના પહેલાથી જ વિચારક છે. નેપાળના પહેલા મહિલા ચીફ જસ્ટીસ બન્યા બાદ ભ્રષ્ટાચાર મુદ્દે ઝીરો ટોલરન્સની નીતિને કારણે આજે તેના લાખો સમર્થકો છે**

# અમેરિકાએ યુક્રેનને શસ્ત્રો મોકલ્યા, અશાંતિ વધવાનું જોખમ

## નાટો દેશના માધ્યમથી યુક્રેનને અમેરિકી સૈન્ય સહાયતા આપી રહયું છે : પેકેજમાં પેટ્રિયેટ મિસાઇલોનો જથ્થો આપશે તો યુધ્ધ વધુ ખુંખાર બનશે

**ન્યૂયોર્ક**

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુધ્ધ દિન પ્રતિદિન વધુને વધુ વકરતું જાય છે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બંને દેશો વચ્ચે યુધ્ધવિરામ કરાવી શકયા નથી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિનની યુધ્ધ લડવાની તૈયારીઓ જોતા અમેરિકાએ યુક્રનને મદદ કરવાનું ચાલું કર્યુ છે. યુક્રેન સરકારની માહિતી અનુસાર અમેરિકાએ શસ્ત્ર સહાય પહોંચાડવાની વ્યવસ્થા શરુ કરી દીધી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત જુલાઈમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનને પેટ્રિયેટ વાયુ રક્ષા પ્રણાલી સહિત શસ્ત્રો મોકલાવીની યોજનાનો ખુલાસો કર્યો હતો જેમાં નાટો દેશોને સામેલ કરવામાં આવ્યા હતા. આમ આ યોજનાનો અમલ થઈ રહયો છે જેમાં નાટો દેશો મહત્વની ભૂમિકામાં આવી ગયા છે. યુક્રેનના વિદેશ મંત્રાલયના પ્રવકતા હ્યોરહી તીહીએ બુધવારે પુષ્ટિ કરી હતી કે અમેરિકાએ નવી વ્યવસ્થા હેઠળ યુક્રેનને પ્રથમ સૈન્ય સહાયતા પેકેજ મળી રહયું છે. નાટો સભ્ય દેશો તરફથી સતત સહયોગ મળશે એવી પણ આશા વ્યકત કરી હતી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેંસ્કીએ સંવાદદાતાઓને જણાવ્યું હતું કે નાટો દ્વારા જે આર્થિક અને શસ્ત્ર પેકેજની મદદ મળી રહી છે જેમાં પેટ્રીયેટ મિસાઈલ પણ હશે. ઝેલેન્સ્કીના નિવેદનના આધારે નિષ્ણાતોનું માનવું છેજે અમેરિકા પેકેજમાં પેટ્રિયેટ મિસાઈલોનો જથ્થો આપશે તો યુધ્ધ વધુ ખુંખાર બનશે.

### પુતિને મારો ભરોસો તોડ્યો, તે સમાધાન માટે તૈયાર નથી : ટ્રમ્પ

બ્રિટનના પ્રવાસે ગયેલા અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટામર સાથેની એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, પુતિને મારો ભરોસો તોડ્યો છે અને તેઓ યુક્રેન સાથે સમાધાન કરવા માટે તૈયાર થતા નથી. તેમણે યુક્રેનમાં શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં પુતિને 'નિરાશ' કર્યા હોવાનો આક્ષેપ કર્યો છે. ટ્રમ્પ-પુતિન વચ્ચેના સંબંધોને જોતા તેમને એવી આશા હતી કે, યુક્રેન યુદ્ધનું સરળતાથી સમાધાન થઈ જશે, જોકે પુતિને તેમનો ભરોસો તોડ્યો છે. રશિયાએ તાજેતરમાં જ પોલેન્ડના નાટો હવાઈ વિસ્તારમાં ડ્રોન મોકલ્યા હતા, ત્યારે આ ઘટના બાદ ટ્રમ્પનું આ નિવેદન સામે આવ્યું છે. ટ્રમ્પે કહ્યું કે, રશિયાની આ કરતૂત પરથી લાગી રહ્યું છે કે, મોસ્કો શાંતિની દિશામાં આગળ વધવા તૈયાર નથી. બ્રિટને જીડીપીનો પાંચ ટકા ખર્ચ સંરક્ષણ પર ખર્ચવાનો સંકલ્પ લીધો છે, જે બદલ અમેરિકન રાષ્ટ્રપ્રમુખે તેમનો આભાર માન્યો છે. આ ખર્ચ નાટો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ સાથે ટ્રમ્પે ફરી દાવો કર્યો છે કે, મારા કાર્યકાળમાં અમેરિકાએ સાત યુદ્ધોનું સમાધાન કર્યું છે.

## ભાગેડૂ લલિત મોદીના ભાઈ સમીરની દિલ્હી એરપોર્ટથી રેપ કેસમાં ધરપકડ

**નવીદિલ્હી**

દક્ષિણ-પૂર્વ જિલ્લાની ન્યૂ ફ્રેન્ડ્સ કોલોની પોલીસ સ્ટેશને ફરાર ઉદ્યોગપતિ લલિત મોદીના ભાઈ, ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સમીર મોદીની દિલ્હીના IGI એરપોર્ટ પરથી ધરપકડ કરી છે. ગુરુવારે જ્યારે તે વિદેશથી પાછા ફરી રહ્યા હતા, ત્યારે તેને દુષ્કર્મ અને અપહરણના ગંભીર આરોપો હેઠળ પકડવામાં આવ્યો છે. આરોપીને સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે તેને એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. એક યુવતીએ 10 સપ્ટેમ્બરના રોજ NFC પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો. પીડિતા ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાની પૂર્વ કર્મચારી હોવાનું કહેવાય છે.

## ગુજરાતના દરિયા કાંઠાના 9 તાલુકાઓની ૩૭ ટકા જમીનમાં ખારાશ વધી : અહેવાલ

**વડોદરા**

ગુજરાતના દરિયા કાંઠાના વિસ્તારોમાં અને ખાસ કરીને ઉત્તર સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં જમીનમાં ખારાશનું અને સોડિયમનું પ્રમાણ વધી રહ્યું છે અને તેના કારણે આ જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. એમ.એસ. યુનિવર્સિટીના અટલ બિહારી વાજપેયી ઈન્સ્ટિટયુટ ઓફ પોલિસી રિસર્ચ એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના અભ્યાસમાં ઉપરોકત જાણકારી સામે આવી છે.ઈન્સ્ટિટયુટના ડાયરેકટર પ્રો.અમિત ધોળકિયાનું કહેવું છે કે, દરિયા કાંઠાના નવ તાલુકાઓમાં ઈન્સ્ટિટયુટ દ્વારા સ્ટડી કરવામાં આવ્યો હતો અને ગુજરાત સરકારના ૨૦૨૩ થી ૨૦૨૫ વચ્ચેના લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે આ નવ તાલુકામાં ખારાશનું પ્રમાણ દરિયા કાંઠાથી પાંચ કિલોમીટરની જમીનમાં અત્યંત વધારે છે.કુલ મળીને આ નવ જિલ્લામાં લેવાયેલા સેમ્પલ અનુસાર ૩૭ ટકા જમીનમાં ખારાશ પ્રસરી છે. જેમાં દ્વારકા તાલુકામાં ૩૫ ટકા અને પોરબંદર તાલુકામાં ૧૯ ટકા જમીન સેલાઈન છે.સેલાઈન અને સોડિયમ એમ બંનેનું પ્રમાણ વધારે હોય તેવી જમીન પણ સૌથી વધારે દ્વારકામાં( ૩૦ ટકા) છે. સૌરાષ્ટ્ર અને કચ્છ એમ કુલ મળીને ૧૧૨૫ કિલોમીટરનો દરિયા કિનારો છે.છેલ્લા કેટલાક દાયકાઓથી ખારાશને પ્રસરતી અટકાવવાના ભાગરુપે ભરતીને નિયંત્રીત કરવા માટે ૧૩ આડબંધ, ૨૯ બંધારા બાંધવામાં આવ્યા છે.

## શનિવારે મોદી લોથલની મુલાકાતે : 4,500 કરોડના પ્રોજેક્ટનું નિરીક્ષણ કરશે

**ભાવનગર**

શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભાવનગરની સાથે લોથલ આવશે. આ દરમિયાન તેઓ લોથલની મુલાકાત લેશે અને 4,500 કરોડના ખર્ચે તૈયાર થતાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટનું નિરીક્ષણ કરી સમીક્ષા બેઠક કરશે. અમદાવાદ જિલ્લાની લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિના મુખ્ય વેપાર કેન્દ્રની સાથે-સાથે ભારતની સમુદ્ર શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક પણ હતું. લોથલમાં ભારતના ભવ્ય દરિયાઈ વારસાને દર્શાવતું 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ' નિર્માણ પામી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જે પાંચ પ્રણો આપ્યાં છે, તેમાંનું એક પ્રણ પ્રાચીન વિરાસતોનું સંવર્ધન કરવાનું છે.

# શરીરને કાયમી સ્વસ્થ રાખવા ગર્ભાવસ્થામાં કાળજી રાખો

સગર્ભાવસ્થા અને બાળકના જન્મ પછી, સ્ત્રીના શરીર અને માનસપટમાં ઘણા ફેરફારો થાય છે. આ સમયગાળા દરમિયાન શારીરિક અને માનસિક સ્વસ્થતા જાળવવા માટે પોસ્ટ ડિલિવરી કેર (પ્રસૂતિ પછીની સંભાળ) ખૂબ જ જરૂરી છે. જો આ સંભાળ યોગ્ય રીતે ન લેવાય, તો માતાને અનેક પ્રકારની શારીરિક અને ભાવનાત્મક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

આમ તો આપણે આ સેગમેન્ટમાં પોસ્ટ પાર્ટમ વિશે વાત કરી જ છે, પણ ડિલિવરી બાદ સ્ત્રીઓએ શું સંભાળ લેવી જોઈએ એ વિશે આજે થોડી વાત કરી લઈએ, કેમ કે ડિલિવરી બાદ મોટેભાગે સ્ત્રીઓ અને ઘરના બાળકની સંભાળમાં લાગી જતાં હોય છે. અલબત્ત પહેલી ડિલિવરી પછી સ્ત્રીની સંભાળ લેવાતી હોય છે પણ બીજું બાળક આવે એ પછી આ કેરની ખાસ જરૂર હોય છે, કેમ કે બીજાં બાળક સમયે મોટાભાગની સ્ત્રીઓને પીયર જવા નથી મળતું, પહેલાં બાળક અને ઘરની જવાબદારીમાં સરખો આરામ પણ નથી થતો એટલે જ પોસ્ટ પાર્ટમની સીચ્યુએશન બીજી ગર્ભાવસ્થા બાદ ખાસ આવતી હોય છે, આનું એક કારણ પૂરતી કાળજીનો અભાવ પણ ખરો.

**એક રીતે સ્ત્રીનો બીજો જન્મ :** ડિલિવરી દરમિયાન થતી શારીરિક અસરોમાંથી શરીરને સાજા થવા માટે સમય અને પોષણની જરૂર હોય છે. જેમાં યોનિમાર્ગમાં થતો દુખાવો, સિઝેરિયન ડિલિવરીનો ઘા, સ્નાયુઓની નબળાઈ અને કમરનો દુખાવો વગેરેનો સમાવેશ થાય છે. યોગ્ય સંભાળ આ બધી સમસ્યાઓમાંથી ઝડપથી બહાર આવવામાં મદદ કરે છે.

**પોષણ :** સ્તનપાન કરાવતી માતાને સામાન્ય કરતાં વધુ પોષણની જરૂર હોય છે. વિટામિન્સ, મિનરલ્સ, પ્રોટીન અને ફાઈબરથી ભરપૂર આહાર માતા અને બાળક બંનેના સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

**ભાવનાત્મક ટેકો :** માતા બન્યા પછીની નવી જવાબદારીઓ, ઊંઘનો અભાવ અને હોર્મોન્સના ફેરફારોને કારણે માતા ભાવનાત્મક રીતે અસ્વસ્થ થઈ શકે છે. પરિવારનો ટેકો અને યોગ્ય માર્ગદર્શન આ પરિસ્થિતિમાં મદદરૂપ થાય છે.

**રોગપ્રતિકારક શક્તિમાં સુધારો :** પ્રસૂતિ પછી નબળી પડેલી રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવા માટે યોગ્ય આરામ અને પોષણ આવશ્યક છે.

### જો પોસ્ટ ડિલિવરી કેર ન મળે તો શું થાય?

જો સ્ત્રીને યોગ્ય પોસ્ટ ડિલિવરી કેર ન મળે, તો તેને ગંભીર શારીરિક અને ભાવનાત્મક સમસ્યાઓ થઈ શકે છે.

**કાયમી શારીરિક નબળાઈ :** શરીરને પૂરતો આરામ અને પોષણ ન મળે નબળાઈ કાયમી બની શકે છે. આનાથી કમરનો દુખાવો, સાંધાનો દુખાવો અને સ્નાયુઓની નબળાઈ જેવી સમસ્યાઓ થઈ શકે છે.

**વાળ ખરવા અને ત્વચાની સમસ્યાઓ :** હોર્મોનલ ફેરફારો અને પોષણના અભાવને કારણે વાળ ખરવા અને ત્વચા શુષ્ક થવી જેવી સમસ્યાઓ વધી શકે છે.

**વધેલું વજન :** ડિલિવરી પછી વજન નિયંત્રિત કરવું મુશ્કેલ બની શકે છે. જો યોગ્ય આહાર અને કસરત ન કરવામાં આવે તો વજન વધી શકે છે, જે ભવિષ્યમાં ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જેવી બીમારીઓનું કારણ બની શકે છે.



**કબજિયાત અને પાઈલ્સ :** પાચનતંત્રની સમસ્યાઓ અને ફાઈબરયુક્ત આહારના અભાવે કબજિયાત અને પાઈલ્સ જેવી સમસ્યાઓ થઈ શકે છે.

**ચેપ :** જો સિઝેરિયન ડિલિવરીના ઘાની કે યોનિમાર્ગની યોગ્ય સંભાળ ન રાખવામાં આવે તો ચેપ લાગી શકે છે, જે ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે.

**પોસ્ટપાર્ટમ ડિપ્રેશન (PPD) :** આ એક ગંભીર માનસિક સ્થિતિ છે, જેમાં માતાને ભારે ઉદાસી, ચિંતા, ગુસ્સો, ચીડિયાપણું, ઊંઘનો અભાવ, ભૂખમાં ફેરફાર અને હતાશા જેવી લાગણીઓ અનુભવાય છે. દુનિયાભરમાં લગભગ 10-20% માતાઓને આ સમસ્યાનો સામનો કરવો પડે છે. જો આ સમસ્યાની સારવાર ન કરવામાં આવે તો તે કાયમી બની શકે છે.

**અપરાધભાવ :** ઘણી માતાઓને એવો અપરાધભાવ થાય છે કે તેઓ તેમના બાળક કે પરિવાર માટે સારી માતા નથી, જેના કારણે તેમનો આત્મવિશ્વાસ ઘટી જાય છે.

**સામાજિક અસર :** નવી જવાબદારીઓ અને સતત થાકને કારણે માતા સામાજિક જીવનથી દૂર થઈ શકે છે, જેનાથી એકલતા અને હતાશાની લાગણીઓ વધી શકે.

ડિલિવરી પછી માતાના આહારમાં પ્રોટીન, કેલ્શિયમ, આયર્ન અને વિટામિન્સથી ભરપૂર ખોરાકનો સમાવેશ કરવો જોઈએ. અહીં કેટલીક પરંપરાગત ગુજરાતી અને અન્ય ફાયદાકારક વાનગીઓની યાદી છે.

**કાટલું પાક અને બત્રીસું વસાણું :** આ ખાસ કરીને સુવાવડ માટે બનાવવામાં આવતી પૌષ્ટિક મીઠાઈઓ છે. તેમાં સૂંઠ, ગંઠોડા, કોપરું, ગોળ, ઘી, બદામ, પિસ્તા અને અન્ય ઔષધીય વનસ્પતિઓનું મિશ્રણ હોય છે. તે શરીરને ગરમાવો આપે છે, કમરના દુખાવામાં રાહત આપે છે અને ધાવણ વધારવામાં મદદ કરે છે.

**શીરો :** ઘઉંના લોટ, સોજી અથવા મગની દાળનો શીરો બનાવીને ખાઈ શકાય છે. તે પચવામાં હલકો અને શક્તિવર્ધક હોય છે.

**દૂધ અને દૂધની બનાવટો :** દૂધ, દહીં, પનીર અને છાશનું સેવન કરવું જોઈએ. તે કેલ્શિયમનો સારો સ્ત્રોત છે, જે હાડકાંને મજબૂત બનાવે છે.

**ખીચડી :** મગની દાળની સાદી અને ઢીલી ખીચડી ઘી સાથે ખાવી ખૂબ જ ફાયદાકારક છે. તે સુપાચ્ય હોય છે અને શરીરને જરૂરી પોષણ પૂરું પાડે છે.

**લીલા પાંદડાવાળા શાકભાજી :** પાલક, મેથી, તાંદળજો અને સરગવાના પાન જેવા શાકભાજી આયર્ન અને અન્ય વિટામિન્સથી ભરપૂર હોય છે.

**ફળો અને સુકો મેવો :** મોસમી અને તાજા ફળો ખાવા જોઈએ. સુકા મેવામાં બદામ, અખરોટ અને ખજૂરનું સેવન કરવાથી શરીરને શક્તિ મળે છે.

**સૂવા મેથીનું પાણી :** સૂવા અને મેથીના દાણાને પાણીમાં ઉકાળીને બનાવવામાં આવેલું આ પીણું પાચન સુધારવામાં અને ધાવણ વધારવામાં ખૂબ જ ફાયદાકારક છે.

**ધાવણ વધારવા માટે ખાસ ખોરાક :** ધાવણ સુધારવા માટે મેથીના દાણા અથવા મેથીની ભાજી ખાવી, સૂવા દાણા પણ ધાવણમાં વધારો કરવા મદદરૂપ થાય છે. લસણ ધાવણ સુધારે છે અને ઓટ્સમાં પણ ફાઈબર, આયર્નની વધુ માત્રા હોવાથી ધાવણ સુધરે છે.

# આસુરી વૃત્તિઓને ડામવાનું પર્વ એટલે નવરાત્રી

આદ્યશક્તિની ઉપાસનાની સાથે સાથે આસુરી વૃત્તિઓ ડામીને દૈવીશક્તિનો સંચાર કરવાનો ઉત્તમ અવસર છે નવરાત્રિ. ચૈત્રી નવરાત્રિ ઉપાસના માટે જ્યારે આસો નવરાત્રિ હર્ષોલ્લાસભરી ઉજવણી માટે પ્રચલિત છે. નવરાત્રિની ઉજવણી આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગરબાની પ્રેક્ટિસની સાથે આ નવ દિવસ લાંબા ચાલતા પર્વના ધાર્મિક માહાત્મ્ય અને સામાજિક પરંપરાઓની ઝાંખી મેળવી લઈએ.

નવરાત્રિ એ અધર્મ અને આસુરી શક્તિ પર વિજય મળ્યો તેની ઉજવણી છે. મહિષાસુર નામનો રાક્ષસ મનુષ્યો અને દેવતાઓને ખૂબ જ કનડતો હતો, કષ્ટ આપતો હતો. તેણે પોતાના સામર્થ્યના જોરે દેવતાઓનું બધું છીનવી લીધું. નિ:સહાય અને ભયભીત બનેલા દેવતાઓ ત્રિદેવ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પાસે ગયા. દેવતાઓની આપવીતી જાણીને ત્રિદેવ મહિષાસુર પર કોપાયમાન થયા અને પોતાના પુણ્યપ્રકોપમાંથી એક દૈવી શક્તિનું નિર્માણ કર્યું. દેવતાઓએ પોતાનાં શસ્ત્રો અને શક્તિઓ તે દેવીને અર્પણ કર્યાં. આ રીતે આ દેવી મહાશક્તિ પ્રગટ થયાં. તેમણે મહિષાસુર સાથે નવ દિવસ યુદ્ધ કરીને તેને હણ્યો. આ ઘટના થકી આસુરી વૃત્તિઓને ડામીને દૈવી શક્તિનો મહિમા પ્રસ્થાપિત કરવામાં આવ્યો. મહિષાસુરના વધ બાદ મનુષ્યો અને દેવતાઓ નિર્ભય બન્યા. ત્યારથી આ નવ દિવસ દરમિયાન મહાશક્તિની આરાધના કરવાનો સિલસિલો શરૂ થયો. જોકે, નવરાત્રિની ઉજવણી પાછળ એવું માનવામાં આવે છે કે રાવણ સામે યુદ્ધ કરવા ગયા તે પહેલાં શ્રીરામે શક્તિની આરાધના કરી હતી અને યુદ્ધમાં વિજય મેળવ્યો હતો ત્યારથી આ તહેવાર ઊજવાય છે.

શક્તિની આરાધના ખૂબ જ મહત્ત્વ ધરાવે છે, તેથી જ તો ઋષિ વિશ્વામિત્રે પણ શક્તિ મેળવવા માટે તપ કર્યું હતું અને ઈન્દ્રએ જેના સ્વર્ગમાં પ્રવેશવાની મનાઈ ફરમાવી હતી તેવા રાજા ત્રિશંકુ માટે નવા સ્વર્ગની રચના કરવા માટે શક્તિ મેળવી હતી.

આપણા ઋષિ-મુનિઓ પણ સતત તપમાં લીન રહેતા હતા. ત્રિદેવ પણ હંમેશાં ધ્યાનમાં મગ્ન રહેતા હતા. વાસ્તવમાં આ બધા જ દૈવી શક્તિ મેળવવા માટે શક્તિની આરાધનામાં લીન રહેતા હતા. માતા શક્તિની એકાવન શક્તિપીઠ આવેલી છે. તંત્ર ચૂડામણિ ગ્રંથમાં એકાવન શક્તિપીઠની વિગત છે. જેમાં જ્વાલામુખી, કામાખ્યા, ત્રિપુરસુંદરી, વારાહી, કાલી, અંબિકા, ભ્રામરી, લલિતા વગેરેનો સમાવેશ થાય છે. એકાવન શક્તિપીઠ પાછળની કથા ખૂબ જ પ્રચલિત છે, જે અનુસાર માતા સતીના શરીરના ટુકડાઓ જે જગ્યાએ પડ્યા તે જગ્યાએ શક્તિપીઠ બની છે. 51 શક્તિપીઠમાં અંબાજીનું વિશેષ મહત્ત્વ છે, કેમ કે સતીના હૃદયનો પાત જ્યાં થયો હતો તે અંબાજી છે. આ સ્થાન અરવલ્લીની પર્વતમાળાઓમાં આવેલું છે.

## ગુજરાતના લોકપ્રિય ગરબા

આસો નવરાત્રિમાં સમગ્ર ગુજરાતમાં રાસ-ગરબા રમવામાં આવે છે. ડીજે અને ઓર્કેસ્ટ્રાના તાલ પર ક્લબ અને પાર્ટીપ્લોટમાં રમાતા ગરબાના આ કલ્ચરમાં પણ પારંપરિક અને શેરી ગરબાનું મહત્ત્વ ઓસર્યું નથી. કેટલીક જગ્યાએ ગરબાના નામે આધુનિક ડાન્સ કરવામાં આવે છે, તો કેટલાંક સ્થાને એક તાળી, બે તાળી, ત્રણ તાળી, દોઢિયું, પોપટિયું, હીંચ, ટીપણી, સનેડો એમ પારંપરિક રીતે ગવાતા ગરબા પણ જોવા મળે છે. ગુજરાતમાં ગવાતા ગરબાનો ઉત્સવ નવરાત્રિ એટલો તો લોકપ્રિય બન્યો છે કે મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ધીરે-ધીરે સમગ્ર ભારતમાં પણ તેની ઉજવણી થાય છે. નવરાત્રિની ઉજવણી આસો સુદ એકમથી લઈને દશેરા સુધી કરવામાં આવે છે.

## દુર્ગાપૂજા

ગુજરાતની નવરાત્રિની જેમ જ બંગાળમાં પણ શક્તિપૂજાનું વિશેષ મહત્ત્વ છે. ગુજરાતમાં ગરબા રમવામાં આવે છે જ્યારે બંગાળમાં મોટા મંડપ બનાવવામાં આવે છે. તેમાં મહિષાસુરમર્દિની માતા દુર્ગા, દેવી સરસ્વતી, પદ્મહસ્તા લક્ષ્મી, ગણેશ અને કાર્તિકેય બિરાજમાન હોય છે. આ બધી જ મૂર્તિઓ જ્ઞાનનું પ્રતીક છે. લક્ષ્મીજી ધન, સરસ્વતી વિદ્યાની, ગણેશજી વિઘ્નોનો વિનાશ કરનારા દેવ અને કાર્તિકેય જીવનમાં વિનયનાં પ્રતીક છે. મહિષાસુર અધર્મ, અન્યાય અને અત્યાચારનું પ્રતીક છે. જ્યારે દુર્ગા અધર્મનો પ્રતિકાર કરનારાં શક્તિ અને ન્યાયનાં પ્રતીક છે. બંગાળમાં દુર્ગાપૂજાની શરૂઆત અંગે અનેક મતમતાંતરો છે. ઈતિહાસમાં ડોકિયું કરીએ તો 1853ની સાલમાં તાહિરપુરના મહારાજા કંસનારાયણે દુર્ગાપૂજાના ઈતિહાસની પ્રથમ વિશાળ પૂજા કરી હતી. આજે બંગાળ, મહારાષ્ટ્ર, ગુજરાત સહિત સમગ્ર ભારતમાં દુર્ગાપૂજાના પંડાલો બનાવવામાં આવે છે.



## નવરાત્રિનો આધુનિક સંદર્ભ

પ્રાચીન ખેતીપ્રધાન ભારતમાં આ સમયગાળા દરમિયાન ખેતરની ઊપજ પાકવાની તૈયારીમાં હોય ત્યારે સર્જન અને વિસર્જનના પ્રતીક તરીકે દેવીનું અનુષ્ઠાન કરીને તેનાં ચરણોમાં ખેતઊપજ ધરવાની પ્રથા હતી. ગરબે ઘૂમવા માટે ગોળાકાર જ પસંદ થાય છે. તેની પાછળ પણ ખગોળશાસ્ત્રીય કારણો રહેલાં છે. પૃથ્વી પોતાની ધરી પર ગોળ ફરે છે. સમગ્ર સૂર્યમાળા પૃથ્વીની ફરતે ગોળ ફરે છે. સૂર્ય અને સૂર્યમાળા સહિતનું સમગ્ર બ્રહ્માંડ ગોળ ઘૂમે છે. ગોળાકારમાં ગતિથી ચોક્કસ ઊર્જા ઉત્પન્ન થાય છે. એ ઊર્જાશક્તિ ગોળાકારમાં જ સંગ્રહાયેલી રહે છે. માટે જ નવરાત્રિનું પર્વ શક્તિની ભક્તિના પર્વ તરીકે ઓળખાય છે. માટીના ગરબાનો ગોળ આકાર, તેનાં છિદ્રો અને અંદર મૂકવામાં આવતો દીવડો એ જીવનનું પ્રતીક છે. ગરબો એ માનવખોળિયાને મળેલી ઉપમા છે અને તેની અંદરનો ઉજાસ એ આત્મા છે.

બ્રહ્માંડનું સંચાલન કરનારા ગ્રહો નવ, પ્રજાને ઉત્પન્ન કરનારા નવ મનુઓ, નવ રત્નો, નવ નિધિઓ, નવ દીપો, નવ નાગ, નવ નાડીઓ અને જીવનના નવ રસ. આ બધામાં નવના અંકનું વિશેષ મહત્ત્વ છે, તેથી નવના આંકને પૂર્ણાંક અથવા મૂળ સંખ્યા માનવામાં આવે છે. આવાં જ કારણોથી હિન્દુ પરંપરામાં નવરાત્રિમાં આદ્યશક્તિનાં નવ સ્વરૂપોની ઉપાસનાનો નવ રાત સુધી મહિમા ગવાયો છે.

## સંકટ દૂર કરતા વિવિધ પાઠ

નવરાત્રિમાં માતા અંબિકાના પૂજન-અર્ચનનું વિશેષ મહત્ત્વ છે. આ નવ દિવસમાં દુર્ગા સપ્તશતી, શ્રી સૂક્ત અને ચંડીપાઠ કરવામાં આવે છે. તેનાથી મા દુર્ગાની કૃપા અને આશીર્વાદ મળે છે. ચંડીપાઠમાં માર્કંડેય મુનિ માતાજીને કહે છે, `હે મા દુર્ગા! દુર્ગાસિ દુર્ગ ભવસાગર નૌરસંગા' અર્થાત્ આપ તો ભવસાગર પાર કરાવનારી `અસંગ' રૂપી નાવ છો, જે ભક્ત તમારી ભક્તિરૂપી નાવમાં બેસી જાય છે તેનો બેડો પાર થઈ જાય છે. જન્મ-મરણના ચક્કરમાંથી છૂટી જાય છે. તેને શિવત્વની પ્રાપ્તિ થાય છે. માતાજીની ઉપાસના માટે ચંડીપાઠમાં અનેક પ્રકારના મંત્રો આપેલા છે. શ્રી સિદ્ધ કુંજીકા સ્તોત્ર કે જે ભગવાન શિવજીએ માતા પાર્વતીજીને કહ્યો હતો. શ્રી સિદ્ધ કુંજીકા સ્તોત્રનો પાઠ કરવાથી શ્રી દુર્ગા સપ્તશતીનો પાઠ કર્યા જેટલું જ ફળ મળે છે.

## ઘટસ્થાપન

શારદીય નવરાત્રિ એ હિંદુ ધર્મનો એક મુખ્ય તહેવાર છે, જે મા દુર્ગાનાં નવ સ્વરૂપોની પૂજા-અર્ચના માટે સમર્પિત છે. આ તહેવારનું સૌથી મહત્ત્વપૂર્ણ અંગ ઘટસ્થાપન છે, જેને કલશ સ્થાપના પણ કહેવામાં આવે છે. નવરાત્રિની શરૂઆત આ વિધિથી જ થાય છે. આ વિધિને નવરાત્રિનો મુખ્ય પાયો માનવામાં આવે છે.

**ઘટસ્થાપનનું મહત્ત્વ :** ઘટસ્થાપન એ શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક છે. શાસ્ત્રો અનુસાર કલશમાં સપ્તસાગર, સપ્તદ્વીપ અને તમામ તીર્થોનો નિવાસ માનવામાં આવે છે. આ કલશમાં મા દુર્ગા સ્વયં નિવાસ કરે છે. માટીના પાત્રમાં જવ વાવવામાં આવે છે, જે સમૃદ્ધિ અને વિકાસનું પ્રતીક છે. જવ જેટલા સારા ઊગે, તેટલી જ પ્રગતિ થાય તેવી માન્યતા છે. આ કલશની સ્થાપના કરવાથી ઘરમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે અને નકારાત્મક શક્તિઓ દૂર રહે છે.

**ઘટસ્થાપનની વિધિ :** ઘટસ્થાપન માટેનું શુભ મુહૂર્ત સૂર્યોદય પછીનો સમય હોય છે. આ વિધિને કરવા માટે નીચે મુજબની સામગ્રી અને ક્રિયાઓ જરૂરી છે:

**સામગ્રી:** એક માટીનો કળશ, લાલ કપડું, શ્રીફળ, આંબાનાં પાન, સોપારી, સિક્કા, ચોખા, માટીનું પાત્ર, સાત પ્રકારનાં અનાજ (જવ, ઘઉ વગેરે) અને મા દુર્ગાની મૂર્તિ.

**વિધિ:** સૌ પ્રથમ સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો પહેરો. પૂજાના સ્થાનને સાફ કરીને ગંગાજળથી પવિત્ર કરો. જમીન પર સ્વચ્છ કપડું પાથરી તેના પર માટીનું પાત્ર મૂકો અને તેમાં સાત પ્રકારનાં અનાજ વાવો. ત્યારબાદ કલશને પાણી, ગંગાજળ, સિક્કા, સોપારી અને ચોખાથી ભરી તેના મુખ પર આંબાનાં પાન અને શ્રીફળ મૂકો. કલશ પર લાલ કપડું બાંધો અને તેને અનાજ વાવેલા પાત્રની ઉપર મૂકો. આસપાસ દીવો અને ધૂપ પ્રગટાવો. અંતમાં મંત્રજાપ દ્વારા મા દુર્ગાનું આહવાન કરો અને નવરાત્રિના નવ દિવસ માટે પૂજા-અર્ચના શરૂ કરો.

# નવરાત્રિએ ઘરમાં લાવો આ 4 વસ્તુઓ, ચમકી ઉઠશે સુતેલુ ભાગ્ય

વૈદિક કેલેન્ડર મુજબ, શારદીય નવરાત્રિ 22 સપ્ટેમ્બર, સોમવારથી શરૂ થાય છે. આ તહેવાર દર વર્ષે અશ્વિન મહિનાના પહેલા દિવસથી નવમી મહિનાના નવમી દિવસ સુધી ઉજવવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન, દેવી દુર્ગા અને તેમના નવ સ્વરૂપોની દરરોજ ભક્તિભાવથી પૂજા કરવામાં આવે છે. ભક્તો તેમના ઇચ્છિત વરદાન મેળવવા માટે નવ દિવસ ઉપવાસ પણ કરે છે. તેમના ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કર્યા પછી, ઘણા ભક્તો નવ દિવસ સુધી દેવી દુર્ગા માટે કઠોર સાધના કરે છે.

### આ વસ્તુઓ ઘરે લાવો

જો તમે મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહ્યા છો અને તમારા બધા પ્રયત્નો છતાં, તમારા જીવનમાં સુખ અને શાંતિનો અભાવ છે, તો શારદીય નવરાત્રિ દરમિયાન ઘરે એક નાનું ત્રિશૂળ લાવો. બીજા દિવસે, સ્નાન અને ધ્યાન કર્યા પછી, તમારા પૂજા સ્થાન પર ત્રિશૂળ મૂકો અને પૂજા કરો. જો તમે ઈચ્છો તો, તમે ત્રિશૂળ પર લાલ ચુંદડી પણ બાંધી શકો છો. પૂજા પછી, તમે તમારા ઘરના મુખ્ય પ્રવેશદ્વાર પર ત્રિશૂળ મૂકી શકો છો. આ તમારા જીવનમાં નકારાત્મકતા દૂર કરશે.

### દેવી દુર્ગાની ચાંદીની મૂર્તિ ઘરે લાવો

શારદીય નવરાત્રિ દરમિયાન, દેવી દુર્ગાની ચાંદીની મૂર્તિ ઘરે લાવવાનું ભૂલશો નહીં. બીજા દિવસે, સ્નાન અને ધ્યાન કર્યા પછી, મૂર્તિ સ્થાપિત કરો અને ભક્તિભાવથી તેની પૂજા કરો. આ ઉપાય સુખ અને સૌભાગ્યમાં વધારો કરે છે.



### નવરાત્રિમાં શંખ લાવવાનું ભૂલશો નહીં

જો તમારા ઘરમાં વાસ્તુ દોષ હોય અથવા પરિવારના સભ્યો વચ્ચે ઝઘડો હોય, તો શારદીય નવરાત્રિ દરમિયાન શંખ લાવવાનું ભૂલશો નહીં. બ્રહ્માંડની દેવી દેવી દુર્ગા એક હાથમાં શંખ ધરાવે છે. ઘરમાં શંખ રાખવાથી સુખ અને સૌભાગ્ય વધે છે, અને વાસ્તુ દોષો પણ દૂર થાય છે. શારદીય નવરાત્રિ દરમિયાન, તમારી દૈનિક પ્રાર્થના દરમિયાન શંખ વગાડવાનું ભૂલશો નહીં.

### નવરાત્રિ દરમિયાન ઘરે ડમરુ લાવો.

તમે વસ્તુદોષથી મુક્તિ મેળવવા માંગતા હો, તો નવરાત્રિ દરમિયાન ઘરે ડમરુ લાવો. બીજા દિવસે તેને તમારા પૂજા સ્થાન પર સ્થાપિત કરો. તમે તેને ત્રિશૂળ સાથે પણ બાંધી શકો છો. પૂજા પછી, આખા ઘરમાં ડમરુ વગાડો. આ ઉપાય ઘરમાં સુખ અને સમૃદ્ધિ લાવે છે.

# ભાજપમાં લેટરવૉર: સરકારની નિષ્ક્રિયતા સામે ધારાસભ્યો મેદાને

## ધારાસભ્યો બેબાક બોલ સાથે સરકાર વિરોધી નિવેદન
## સરકાર અને સંગઠન વચ્ચે સમન્વય જ નથી




**ગાંધીનગર :** ગુજરાતમાં અંદરખાને રાજકીય સ્થિતિ સખળડખળ રહી છે. સરકારની નિષ્ક્રિયતાને લીધે પ્રજાના કામો થતાં નથી જેના કારણે ખુદ ભાજપના ધારાસભ્યો જ બરોબરના અકળાયાં છે. આ જોતા શાસકપક્ષના ધારાસભ્યોએ રજૂઆતના નામે પત્ર લખીને સરકારની આબરૂ ધૂળધાણી કરવા માંડી છે. લેટરવોર બરાબર જામ્યો છે ત્યારે સ્થિતિ એટલી હદે નાજુક છે કે, ધારાસભ્યોના બેબાક બોલ સામે આજે સરકાર કે પક્ષ એક હરફ ઉચ્ચારી શકે તેમ નથી. ભાજપ અને સરકાર વચ્ચે સમન્વય રહ્યો નથી તેવુ ચિત્ર ઉપસ્યુ છે એકાદ બે નહીં, અત્યાર સુધ સુધીમાં કેટલાંય ધારાસભ્યો સરકારની નિષ્ક્રિયતા ઉજાગર કરતાં પત્ર લખી ચૂક્યાં છે.

### કયા ધારાસભ્ય શું બોલ્યા ?

- કુમાર કાનાણી: સુરતમાં ખાડી પુરની સમસ્યાની ઉકેલ નહીં આવે તો નાછૂટકે આંદોલનમાં જોડાવવુ પડશે.
- સંજય કોરડિયા: કોઈ અધિકારી કામ માટે રૂપિયા માંગે તો મારી પાસે આવજો.
- યોગેશ પટેલ: જિલ્લા કલેક્ટર કચેરીઓ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ છે, સરકારનું નિયંત્રણ જ નથી.
- કેતન ઈનામદાર: વિધવા બહેનોની જમીનમાં બોગસ ખેડૂતો ઘૂસ્યાં છે, છતાં તંત્ર તમાશો જુએ છે.
- ડી.કે. સ્વામી: સ્થાનિક હોસ્પિટલમાં દર્દીઓને ગુણવત્તાસભર સારવાર જ મળતી નથી.
- જે.વી.કાકડિયા: વન વિભાગની નિષ્ક્રિયતાને લીધે બાળસિંહોના મૃત્યુ થયાં.
- હિરા સોલંકી: સિંહના મૃત્યુ માટે વન વિભાગના અધિકારી જ જવાબદાર છે
- મનુભાઈ પટેલ: ગરીબ કારીગરો પાસે લૂંટારા દાદાગીરીથી રૂપિયા ઉઘરાવે છે ત્યારે તંત્ર ચૂપ છે.
- અભેસિહ તડવી: સરકારી હોસ્પિટલોમાં એક્સ રે મશીનો ધૂળ ખાય છે, આરોગ્ય વિભાગ ડીંગો હાંકે છે.

**મંત્રી-ધારાસભ્યોને કોઈની સાડાબારી નથી**

મંત્રી-ધારાસભ્યો જ ભાજપ પક્ષનું સન્માન જાળવવા તૈયાર નથી. જેમ કે, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે એવું જાહેરમાં કહ્યું કે, 'કાઢી મેલે તો, કાઢી મેલે'

- અરુણસિંહ રાણા: ભાજપે ભલે સસ્પેન્ડ કર્યાં, મને કોઈ ફરક પડતો નથી
- જવાહર ચાવડા: કમળ સ્ટીકર ફાડી કહ્યું કે, ભાજપનો જિલ્લા પ્રમુખ વસૂલીખોર અને હપ્તાખોર છે
- કનુ ડાભી: ભાજપમાં પક્ષપલટુઓનું જ માન, પક્ષના કાર્યકરોની અવગણના

# બોલો, અમદાવાદમાં 5 મહિનામાં 50 હત્યા છતાં ક્રાઈમ કંટ્રોલ હોવાનો પોલીસ કમિશનરનો દાવો

## મોટા ગુનામાં સીસીટીવી મદદરૂપ, લૂંટના 98 ટકા ગુના ડીટેક્ટ થયા

**અમદાવાદ**

શહેરમાં ગુનાખોરી વધી છે, જેમાં હત્યાના બનાવ સૌથી વધુ વધ્યા છે. અમદાવાદ પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં શહેર પોલીસના અધિકારીઓની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. શહેરમાં છેલ્લા 5 મહિનામાં હત્યાના 50 બનાવ બન્યા છે છતાં પોલીસ કમિશનરે દાવો કર્યો હતો કે ક્રાઈમ કંટ્રોલમાં છે. છેલ્લાં 3 વર્ષની સરખામણીમાં ક્રાઈમ ઓછો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસે ગુનાખોરીનો ડેટા જાહેર કર્યો હતો, પરંતુ હત્યાનો ડેટા જાહેર કર્યો ન હતો.

શહેર પોલીસ કમિશનર જી.એસ મલિકે જણાવ્યું હતું કે, છેલ્લાં 3 વર્ષમાં ક્રાઈમમાં ઘટાડો થયો છે. અમદાવાદને સેફેસ્ટ સિટી જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં કોઈ એવું વાતાવરણ પણ નથી. ક્રાઈમ કંટ્રોલમાં છે. લૂંટના ગુના 98 ટકાથી વધુ ડિટેકટ થયા છે. ધાડના ગુના 100 ટકા ડિટેકટ થયા છે. ઘરફોડ ચોરી 56.71 ટકા ડિટેક્ટ થઈ છે.

શહેરમાં સીસીટીવીનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જેમાં ખાનગી લોકો સાથે મળીને 27 હજારથી વધુ સીસીટીવી જાહેરમાં લગાવ્યા છે, જેની ફીડ પોલીસ સ્ટેશન અને કંટ્રોલ રૂમમાં મળે છે. મોટા ગુનામાં સીસીટીવી મદદરૂપ છે. સીસીટીવી કેમેરાની મદદથી ગુના ઉકેલી શકાય છે. શહેરમાં વધુમાં વધુ સીસીટીવી લગાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

# તાલુકા-જિલ્લા પ્રમુખોના ઘરે રોકાશે રાહુલ ગાંધી : ચૂંટણી જીતવા પ્લાન

## રાહુલ ગાંધી તાલુકાના પ્રમુખના ઘરે જમશે અને રોકાણ કરશે

**અમદાવાદ**

ગુજરાતમાં કોંગ્રેસને મજબુત કરવા ખુદ રાહુલ ગાંધીએ કમાન સંભાળી છે. થોડા સમય પહેલાં તેમણે સંસદમાં પણ પડકાર ફેંક્યો હતો કે, હવે ગુજરાત લઈને જ ઝંપીશું. તેના ભાગરૂપે આગામી સમયમાં ખુદ રાહુલ ગાંધી ગુજરાતમાં દરેક વિધાનસભા બેઠકદીઠ બે-બેદિવસ રોકાવાનો પ્રોગ્રામ બનાવી રહ્યા છે. મહિનામાં બેથી ત્રણવાર તેમની ગુજરાતની મુલાકાત રહેશે.એઆઈસીસીના માર્ગદર્શન હેઠળ 10 દિવસની પ્રશિક્ષણ શિબિર જૂનાગઢમાં ચાલી રહી છે. શિબિરમાં આવેલા રાહુલ ગાંધીએ જિલ્લા અને મહાનગરોના પ્રમુખોને સંબોધન કર્યું હતું અને તેમાં સ્પષ્ટતા કરી હતી કે, હવે તે આગામી 18 તારીખે પરત ફરે ત્યારે પ્રોગ્રામ તૈયાર થઈ જશે. ગુજરાતના તમામ વિધાનસભા મતવિસ્તાર એક દિવસ સુધી રાહુલ ગાંધી રોકોણ કરશે. જેમાં હોટલોને બદલે જિલ્લા, તાલુકાના પ્રમુખના ઘરે જમશે અને ત્યાં જ રોકાશે. બે દિવસના કાર્યક્રમમાં તાલુકા-જિલ્લા પંચાયતના હારેલા-જીતેલા સભ્ય, પૂર્વ ધારાસભ્યો સહિતનાઓને મળી જે-તે બેઠકનો તાગ મેળવશે.

# લવમૈરેજ કરનારનો પતિ ફરાર, આર્થિક ભીંસમાં મુકાયેલી મહિલા સ્યુસાઇડ કરવા જતાં બચાવી

**અમદાવાદ**

બાળકને લઈ આપઘાત કરવા નીકળેલી અમદાવાદની મહિલાને વડોદરા પોલીસે છેલ્લી ઘડીએ બચાવી લીધી હતી. અમદાવાદના સોલા વિસ્તારમાં રહેતી અને નવ વર્ષ પહેલાં પ્રેમ લગ્ન કરનાર મીરાલી નામની મહિલાને બે સંતાન હતા. પરંતુ બીજું સંતાન જન્મે તે પહેલા બે વર્ષ પહેલા પતિ તેને છોડીને ચાલ્યો ગયો હતો. આર્થિક સંકડામણ અનુભવતી મહિલાને તેનો જેઠ તેમજ બહેન મદદ કરતા હતા. જેઠે જમીનમાં મહિલાનું નામ ચડાવવા માટે પણ ખાતરી આપી હતી. પરંતુ પતિ મળતો નહીં હોવાથી જમીનમાં મહિલાનું નામ ચડતું ન હતું અને હવે જેઠ જમીનમાં નામ દાખલ કરવા માટે ઈનકાર કરી રહ્યા છે. જેથી મહિલા માટે બંને સંતાનો સાથે જીવવાનું દુષ્કર બનતા ગઈકાલે તેની બહેનને સુસાઇડ કરવા જઉ છું તેઓ મેસેજ કરીને બસમાં નીકળી ગઈ હતી.

મહિલાની બહેને તરત જ સોલા પોલીસનો સંપર્ક કરતાં તેમણે મહિલાનો મોબાઈલનું લોકેશન કઢાવ્યું હતું. જેમાં તે વાસદ બ્રિજ પાસેથી પસાર થતી હોવાનું જણાઈ આવ્યું હતું. અમદાવાદ પોલીસે વડોદરા પોલીસને જાણ કરતા સયાજીગંજ પોલીસ બસ ડેપો પર ગોઠવાઈ ગઈ હતી અને પોલીસે આપેલા વર્ણન મુજબની મહિલાને શોધી કાઢી હતી. મહિલાનું પોલીસે મહિલાનું કાઉન્સેલિંગ કરી બાળકોના ભવિષ્ય માટે સલાહ આપી અમદાવાદ પોલીસને સુરક્ષિત રીતે સોંપી હતી.

# ડીજેનું ધ્વનિ પ્રદૂષણ છતાં પોલીસ પગલાં ન લે તે દુર્ભાગ્ય : હાઇકોર્ટની કડક ટિપ્પણી

**ગાંધીનગર**

ધ્વનિ પ્રદૂષણને નાથવા અંગે ખુદ સુપ્રીમકોર્ટે 2005માં મહત્ત્વનો ચુકાદો આપ્યો હતું. તેમ છતાં આ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું જાહેરનામું, નોઈસ પોલ્યુશન કંટ્રોલ રેગ્યુલેશન સહિતની જોગવાઈઓ હોવા છતાં ધ્વનિ પ્રદૂષણનું ભયાનક બેકાબૂ પબ્લિક ન્યુસન્સ ચાલુ રહેતા હાઈકોર્ટમાં થયેલી કન્ટેમ્ટ પિટિશનની સુનાવણી સોમવારે હાથ ધરાઈ હતી. સોમવારે (15 સપ્ટેમ્બર) જસ્ટિસ એ.એસ સુપહીયા અને જસ્ટિસ એલ. એસ. પીરઝદાની ખંડપીઠે ધ્વનિ પ્રદૂષણના ન્યુસન્સ અને તેને મર્યાદિત રાખવામાં સત્તાધીશોની નિષ્ફળતાને લઈને ભારે નારાજગી વ્યક્ત કરી હતી. ખાસ કરીને હાઈકોર્ટે સુપ્રીમકોર્ટના ચુકાદા અને સત્તાધીશો દ્વારા જાહેર માર્ગદર્શિકાઓનું કડકાઈથી પાલન કરાવવા સરકારને નિર્દેશ કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ગંભીર ટકોર કરી હતી કે, રસ્તાઓ પર 20-20 ફૂટ ઊંચા ડીજે અને વધુ પડતા અવાજ(ઘોંઘાટ) હોય અને છતાં પોલીસ-દ્વારા પગલાં ન લેવાય તે દુર્ભાગ્યપૂર્ણ કહી શકાય. ડીજેનું ભયંકર ન્યૂસન્સ તમારું માથું ફાડી નાખે છે, જે અસહનીય હોય છે. હાઈકોર્ટે પોલીસ અને સંબંધિત સત્તાધીશોને ધ્વનિ પ્રદૂષણ મામલે કડક કાર્યવાહી કરવા પણ તાકીદ કરી હતી. ફરી એકવાર પુનરોચ્ચાર કર્યો હતો કે, ધ્વનિ પ્રદૂષણની સમસ્યા ગંભીર અને જનમાનસ પર અસર કરનારી છે.

# બનાસકાંઠાના માનીબેને ૨૦૨૪-૨૫માં ૧.૯૪ કરોડનું દૂધ વેચ્યું

**બનાસકાંઠા**

મહિલાઓ આત્મનિર્ભર બનીને સમાજને પ્રેરણા આપી રહી છે. આવી જ એક સાફલ્યગાથા બનાસકાંઠાના માનીબેનની છે જેમણે વર્ષ ૨૦૨૪-૨૫માં ?૧ કરોડ ૯૪ લાખનું દૂધ ભરાવીને બનાસકાંઠા જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વર્ષે તેઓ ?૩ કરોડનું દૂધ વેચવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તૈયારી કરી રહ્યાં છે. કાંકરેજ તાલુકાના કસરા ગામે રહેતા ૬૫ વર્ષીય માનુબેન જેસુંગભાઈ ચૌધરી સ્થાનિક ધી પટેલવાસ (કસરા) દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં દરરોજ ૧૧૦૦ લિટર દૂધ ભરાવે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં તેમણે ૩,૪૭,૧૮૦ લીટર દૂધ ભરાવ્યું હતું જેનું મૂલ્ય રૂ.૧,૯૪,૦૫,૦૪૭ થાય છે.

# અમદાવાદ પ્લેન ક્રેશ : બોઈંગ-હનીવેલ પર USમાં કેસ

## ડિઝાઈન અને વિમાનની સ્વીચમાં ખામીથી ઊભા થનારા જોખમની જાણ છતાં બેદરકારીનો આરોપ

**અમદાવાદ**

જૂન, ૨૦૨૫માં બનેલી એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ની ભયાનક દુર્ઘટનામાં ૨૬૦થી વધુ લોકોનાં મોત થયા હતા. આ ઘટના માત્ર એક દુર્ઘટના નહોતી, પરંતુ સુરક્ષા પ્રણાલીઓમાં રહેલી ખામીઓનો ચોંકાવનારો ૫ પુરાવો હતી, જેને લીધે મૃતકોના પરિવારોએ હવે અમેરિકા સ્થિત વિમાન નિર્માતા કંપની 'બોઈંગ' અને વિમાનના પાટ્ર્સ બનાવતી કંપની 'હનીવેલ' સામે કાનૂની મુકદ્દમો દાખલ કર્યો છે. પરિવારોના દાવા અનુસાર વિમાનના ઈંધણ સ્વીચોમાં ખામી રહેલી હતી. પ્રારંભિક તપાસમાં પણ જાણવા મળ્યું હતું કે, સ્વીચ "રન'થી 'કટ-ઓફ' સ્થિતિમાં ખસી જતાં એન્જિનને જરૂરી ઈંધણ મળ્યું નહીં. પરિણામે વિમાનને મળતો થ્રસ્ટ બંધ થઈ ગયો અને વિમાન ધરાશાયી થઈ ગયું. આમ વિમાનની ડિઝાઈનમાં રહેલી ખામીને લીધે આ ઘાતક દુર્ઘટના સર્જાઈ હતી.

૨૦૧૮માં અમેરિકાની FAA (ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન)એ ઓપરેટરોને ઈંધણ સ્વીચના લોકીંગ મિકેનિઝમનું નિરીક્ષણ કરવાની સલાહ આપી હતી. પરંતુ, આ સલાહને ફરજિયાત બનાવવામાં આવી નહોતી. તેથી મૃતકોના પરિવારો આક્ષેપ કરે છે કે બોઈંગ અને હનીવેલે જોખમ જાણ્યા છતાં જરૂરી ફેરફાર કર્યા નહીં. એવું કહેવામાં આવે છે કે કંપનીઓએ ન તો એરલાઈન્સને પુરતી ચેતવણી આપી હતી, ન તો વિકલ્પ રૂપે નવા પાટ્ર્સ ઉપલબ્ધ કરાવ્યા હતા. કોર્ટ કેસ કરનાર પરિવારોનું કહેવું છે કે, બોઈંગ અને હનીવેલે વ્યવસાયિક લાભને પ્રાથમિકતા આપીને મુસાફરોની સલામતી સાથે સમાધાનકારી વલણ અપનાવ્યું હતું. સલામતીના મુદ્દે ગંભીર પગલાં ભરવાના બદલે તેમણે માત્ર એક આછીપાતળી સલાહ આપી દીધી હતી. તેમની આવી કોર્પોરેટ બેદરકારી હવે કાનૂની પડકાર રૂપે તેમના સામે ઊભી થઈ છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં બોઈંગ સામે અનેક વિવાદ ઊભા થયા છે– જેમ કે ૭૩૭ મેક્સના ક્રેશ બનાવો. હવે એર ઈન્ડિયાના ૭૮૭ ડ્રીમલાઈનર ક્રેશથી આ કંપની પર ફરી આંગળીઓ ઊઠી રહી છે.

# ઉત્તરાખંડમાં ભારે વરસાદથી તબાહી, 17 લોકોના મોત, 16 ગુમ

## ઘણા વિસ્તારોમાં નુકસાન, મુખ્યમંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી, ચમોલીમાં પણ આભ ફાટતાં 6 મકાનો વહી ગયા હતા, 3 લોકો ગુમ

**દહેરાદૂન**

ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાથી ભયંકર તબાહી મચી છે. રાજધાની દેહરાદૂન સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં સોમવાર રાતથી બુધવાર સુધી પડેલા ભારે વરસાદથી નદીઓ અને નાળાં છલકાયા છે, જેના કારણે ઘણા ઘરો, રસ્તાઓ અને પુલ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ કુદરતી આફતમાં અત્યાર સુધીમાં 17 લોકોના મોત થયા છે અને 16 લોકો હજુ પણ લાપતા છે. રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર સૌથી વધુ નુકસાન દેહરાદૂન જિલ્લામાં થયું છે, જ્યાં 13 લોકોએ જીવ ગુમાવ્યા છે. આ ઉપરાંત નૈનીતાલ અને પિથૌરાગઢમાં પણ એક-એકનું મોત થયું હોવાનો અહેવાલ સામે આવ્યો છે.

અધિકારીઓએ કહ્યું કે, મૃતકોના પીડિત પરિવારને ઉત્તર પ્રદેશ સરકાર વળતર આપશે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવારજનોને બે-બે લાખ રૂપિયાની મદદ કરવાની અને મૃતદેહોના સન્માનજનક ગામ સુધી પહોંચાડવાની



જાહેરાત કરી છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી છે અને રાહત-બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

બુધવારે મોડી રાત્રે ઉત્તરાખંડના ચમોલીમાં વાદળ ફાટવાથી બે ગામડા કુંત્રી અને ધૂર્મામાં ભારે વિનાશ સર્જાયો હતો. આ ઘટનામાં પાંચ લોકો ગુમ થયાના અહેવાલ છે, જેમાંથી બેને બચાવ ટીમો દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા અને ત્રણની શોધખોળ હજુ ચાલુ છે. અકસ્માતની માહિતી મળતાં જ તબીબી ટીમો, NDRF અને SDRF ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, નગર પંચાયત નંદનગરના વોર્ડ કુંત્રી લગાપાલીમાં ભારે વરસાદને કારણે કાટમાળ ધસી આવતા છ મકાનો સંપૂર્ણપણે નુકસાન પામ્યા હતા. આ વિનાશક આફતમાં પાંચ લોકો ગુમ થયાના અહેવાલ હતા જેમાંથી બેને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. ધૂર્મા ગામમાં પણ વાદળ ફાટવાની ઘટના બની હતી જ્યાં પાંચ ઘરોને નુકસાન થયું હતું. તપાસમાં પશુધનનું નુકસાન થયાનું પણ સામે આવ્યું છે. સ્થાનિક વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન ટીમો તાત્કાલિક રાહત અને બચાવ કામગીરીમાં લાગી ગઈ હતી. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) ની એક ટીમ નંદપ્રયાગ પહોંચી ગઈ હતી અને NDRFની એક ટીમ ગોચરથી નંદપ્રયાગ માટે રવાના થઈ ગઈ હતી.

# ઓરિસ્સામાં પ્રાર્થના પછી વિદ્યાર્થી પગે નહીં લાગતાં શિક્ષકે માર માર્યો

**ઓરિસ્સા**

આ ઘટના ગત ગુરુવારની છે. જ્યારે સ્કૂલમાં નિયમિત સવારની પ્રાર્થના સભા યોજાયા બાદ પરંપરા મુજબ બાળકો તેમના શિક્ષકોના પગ સ્પર્શ કરીને આશીર્વાદ મેળવે છે. જોકે, શિક્ષિકા કાર સભામાં મોડા પહોંચ્યા હતા, અને તેઓ સભામાં પહોંચ્યા ત્યાં સુધીમાં વિદ્યાર્થીઓ અહીં તહી વિખેરાઈ ગયા હતા. ત્યારે ગુસ્સામાં આવીને કારે વિદ્યાર્થીઓને પરત બોલાવ્યા અને તેમને લાઈનમાં ઉભા કર્યા અને લાકડીથી માર માર્યો હતો. આ હુમલામાં એક છોકરાનો હાથ તૂટી ગયો હતો, જ્યારે એક છોકરી બેભાન થઈ ગઈ હતી. હાલમાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. શાળા વ્યવસ્થાપન સમિતિ, મુખ્ય શિક્ષક પૂર્ણચંદ્ર ઓઝા, તાલુકા શિક્ષણાધિકારી બિપ્લબ કાર અને અન્ય અધિકારીઓ સાથે તાત્કાલિક શાળામાં પહોંચી અને પુષ્ટિ કરી કે શિક્ષિકાએ વિદ્યાર્થીઓને શારીરિક સજા આપી હતી. જે કાયદા દ્વારા પ્રતિબંધિત છે. તપાસ બાદ, શિક્ષણ વિભાગે સુકાંતિ કારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે અને કડક કાર્યવાહીની બાયેધરી આપી છે.

# આંદામાન-નિકોબારમાં બેંક કૌભાંડ મામલે ઈડીની કાર્યવાહી, પૂર્વ સાંસદ સહિત 3 લોકોની ધરપકડ

## કોર્ટે કુલદીપ રાય શર્મા અને કે. કૈલાવનનને 8 દિવસ માટે ઇડી કસ્ટડીમાં મોકલી દીધા

**આંદામાન-નિકોબાર**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ બુધવારે આંદામાન અને નિકોબાર ટાપુઓના ભૂતપૂર્વ સાંસદ અને કોંગ્રેસના નેતા કુલદીપ રાય શર્મા અને અન્ય બે લોકોની કથિત સહકારી બેંક લોન "છેતરપિંડી" સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી છે. કોલકાતા ઝોનના ઈડીએ આંદામાન અને નિકોબાર સ્ટેટ કોઓપરેટિવ બેંક સાથે સંકળાયેલા એક મોટા બેન્ક કૌભાંડના સંબંધમાં 3 વ્યક્તિઓની ધરપકડ કરી છે.

જેમાં કુલદીપ રાય શર્મા, કે મુરુગન, મેનેજિંગ ડિરેક્ટર, ANSCBL અને કે કૈલાવનન, લોન ઓફિસર, ANSCBLનો સમાવેશ થાય છે. 17 સપ્ટેમ્બર, 2025ના રોજ, PMLA 2002 હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી. એક ખાસ કોર્ટે કુલદીપ રાય શર્મા અને કે. કૈલાવનનને 8 દિવસ માટે ઈડી કસ્ટડીમાં મોકલી દીધા. આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ઈડીની આ પહેલી મોટી કાર્યવાહી છે. ઈડીએ આંદામાન પોલીસની ગુના અને આર્થિક ગુના શાખામાં નોંધાયેલી FIRના આધારે તપાસ શરૂ કરી. એવો આરોપ છે કે બેન્ક અધિકારીઓ અને ખાનગી વ્યક્તિઓએ શેલ કંપનીઓ બનાવવા અને બેન્ક પાસેથી મોટી લોન મેળવવા માટે મિલીભગત કરી હતી. બેન્કના નિયમોનું ઉલ્લંઘન કરીને અને 100થી વધુ નકલી લોન ખાતા ખોલીને, બેન્કને આશરે 500 કરોડનું નુકસાન થયું છે.

# GSTમાં ઘટાડાથી અર્થતંત્રમાં 2,00,000 કરોડ રૂપિયા ઠલવાશે, કેન્દ્રીય નાણામંત્રીનો મોટો દાવો

## 22 સપ્ટેમ્બરથી નવા દરો અમલમાં આવશે : અમુક કંપનીઓએ ભાવ ઘટાડી દીધા

**નવી દિલ્હી**

જીએસટીમાં કરાયેલા ઘટાડાથી અર્થતંત્રમાં બે લાખ કરોડ રૂપિયા ઠલવાશે અને તેના કારણે લોકો પાસે વધુ રોકડ ઉપલબ્ધ બનશે. જો જીએસટીમાં ઘટાડો કરાયો ન હોત તો આ રકમ ટેક્સ ચુકવવામાં જતી રહેતી તેમ કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે એક નિવેદનમાં જણાવ્યું છે.

જીએસટીમાં ઘટાડા અંગે આયોજિત એક કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે જીએસટીમાં સુધારા પછી 12 ટકા જીએસટી સ્લેબમાં આવતી 99 ટકા વસ્તુઓ પર પાંચ ટકા ટેક્સ લાગશે. 28 ટકા સ્લેબમાં આવતી 90 ટકા વસ્તુઓ 18 ટકા સ્લેબમાં આવી જશે.




તેમણે જણાવ્યું હતું કે નવા જીએસટી માળખામાં ફક્ત બે જ સ્લેબ (5 ટકા અને 18 ટકા) રાખવામાં આવ્યા છે. આ ટેક્સ ઘટાડાને કારણે ભારતીય અર્થતંત્રમાં બે લાખ કરોડ રૂપિયા ઠલવાશે. જેના કારણે લોકો પાસે વધુ રોકડ આવશે.

# ભારત અમેરિકા પાસેથી ખરીદશે 6 P-8I એરક્રાફ્ટ, દિલ્હીમાં બેઠક શરૂ

**નવી દિલ્હી**

ભારતીય નૌકાદળની શક્તિ વધારવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતીય નૌકાદળને વધુ 6 P-8I મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ આપવાની તૈયારીઓ શરૂ કરી લેવાઈ છે. આ માટે અમેરિકી સંરક્ષણ વિભાગનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ દિલ્હી પહોંચી ગયું છે અને આ ડીલને અંતિમ સ્વરૂપ આપવા બેઠકનો દોર શરૂ કરી દીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ડીલ ચાર બિલિયન ડૉલર (અંદાજે 33,320 કરોડ રૂપિયા)ની છે, જેના પર ત્રણથી ચાર દિવસમાં સંરક્ષણ મંત્રાલયમાં બેઠકોનો દોર ચાલશે. આ ડીલથી ભારતીય નૌકાદળની સર્વેલન્સ ક્ષમતામાં અનેકગણો વધારો થશે.

16થી 19 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી આ બેઠકોમાં અમેરિકાના સંરક્ષણ વિભાગ અને બોઈંગ કંપનીના પ્રતિનિધિઓ સામેલ છે. અમેરિકી પ્રતિનિધિમંડળમાં નેવી ઈન્ટરનેશનલ પ્રોગ્રામ્સ ઓફિસ (NIPO) અને ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સી (DSCA)ના અધિકારીઓનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ વૈશ્વિક સંરક્ષણ ભાગીદારી અને સૈન્ય હથિયારોના વેચાણનું સંચાલન કરે છે. આ ડીલથી બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સંબંધો વધુ મજબૂત

# ભગવાન વિષ્ણુ મુદ્દે સીજેઆઈ ગવઈએ સ્પષ્ટતા કરવી પડી, હું તમામ ધર્મનું સન્માન કરું છું

**નવી દિલ્હી**

ખજૂરાહોના પ્રસિદ્ધ જાવરી મંદિરમાં ભગવાન વિષ્ણુની ખંડિત મૂર્તિના સમારકામ માટે નોંધવામાં આવેલી અપીલ પર સુનાવણી કરતાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બી.આર. ગવઈએ એક ટિપ્પણી કરી હતી. જેને લઈને સોશિયલ મીડિયા પર વિવાદ સર્જાયો હતો. વિશ્વ હિન્દુ પરિષદ જેવા સંગઠને ચીફ જસ્ટિસને સલાહ પણ આપી હતી કે, વાણી પર સંયમ રાખવો જોઈએ. આ મામલે વિવાદ વધતાં અંતે ચીફ જસ્ટિસે સ્પષ્ટતા કરવી પડી છે. ચીફ જસ્ટિસ બીઆર ગવઈએ સ્પષ્ટતા આપી છે કે, મારૂ નિવેદન સોશિયલ મીડિયા પર ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે. કોઈએ મને બીજા દિવસે જણાવ્યું કે, મારી ટિપ્પણી સોશિયલ મીડિયા પર શેર થઈ રહી છે. હું તમામ ધર્મોનું સન્માન કરુ છું.

# કેરળમાં 'મગજ ખાઈ જતી અમીબા'ના કારણે ફફડાટ, 19ના મોત, 61 કેસો

## મગજને ચેપ લાગતાં શરીરને તરત જ અસર થાય છે

**તિરુવનથપુરમ**

કેરળમાં એક ભયાનક બિમારી ફેલાઈ રહી છે, જેના નાના બાળકથી લઈને વૃદ્ધો ઝપેટમાં આવી રહ્યા છે. આ બિમારીનું નામ 'પ્રાઈમરી અમીબિક મેનિન્જોએન્સેફાલાઈટિસ' (PAM) છે, જેના કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આ બિમારીને સામાન્ય રીતે 'મગજ ખાઈ જતી અમીબા' તરીકે ઓળખવામાં આવે છે. આ એક મગજનો ચેપ છે, જે નેગલેરિયા ફાઉલેરી નામના અમીબાથી થાય છે અને તેનો મૃત્યુદર ઘણો ઊંચો છે. આ વર્ષે કેરળમાં PAMના 61 કેસ નોંધાયા છે, જેમાં 19 લોકોનાં મૃત્યુ થયાં છે. આ આંકડાએ આરોગ્ય અધિકારીઓને દોડતા કરી દીધા છે. આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે કહ્યું કે, અમારું રાજ્ય એક ગંભીર જાહેર આરોગ્ય પડકારનો સામનો કરી રહ્યું છે. આમ તો આ ચેપ અગાઉ કોઝિકોડ અને મલપ્પુરમ જેવા જિલ્લાઓ પૂરતો મર્યાદિત હતો, જોકે હવે તે રાજ્યભરમાં ફેલાઈ રહ્યો છે.

# આ નવું ભારત છે, દુશ્મનને ઘરમાં ઘુસી ફટકારે છે : MPમાં પીએમ મોદીએ રેલીને સંબોધી

**ધાર**

નરેન્દ્ર મોદી ૭૫ વર્ષના થયા હતા, ૧૭મીએ બુધવારે તેમના જન્મ દિવસે વિશ્વભરના દેશોના વડાઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જ્યારે નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશના ધારમાં રેલીને સંબોધી હતી, જેમાં તેમણે પાકિસ્તાન પર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે આ નવુ ભારત છે જે પરમાણુની ધમકીથી ડરતું નથી અને દુશ્મનના ઘરમાં ઘુસીને હુમલો કરે છે. મોદીએ પોતાના જન્મ દિવસે દેશવાસીઓને સ્વદેશી વસ્તુઓ ખરીદવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું હતું કે જે પણ દુકાનોમાં ભારતમાં બનેલી વસ્તુઓ એટલે કે સ્વદેશી વસ્તુઓનું વેચાણ થતું હોય ત્યાં ગર્વ સે કહો યહ સ્વદેશી હૈના બોર્ડ લગાવવા જોઈએ. મોદીના જન્મ દિવસની ઉજવણી માટે સરકારો દ્વારા જાહેર કાર્યક્રમો શરૂ કરાયા હતા.

# નેલ્લોરમાં ટ્રક-કાર વચ્ચે ટક્કર : એક જ પરિવારના 7 લોકોના મોત

## ટ્રક ડ્રાઈવર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો, મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ દુઃખદ માર્ગ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો હતો

**અમરાવતી**

આંધ્રપ્રદેશના નેલ્લોર જિલ્લામાંથી એક દુખદ સમાચાર સામે આવ્યા હતા. બુધવારે રેતી ભરેલા ટ્રક અને કાર વચ્ચે થયેલી ટક્કરમાં એક જ પરિવારના સાત સભ્યોના મોત થયા હતા. આ દુઃખદ અકસ્માતે સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો હતો. એક જ પરિવારના સાત લોકોના મોતથી સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો.

આ ઘટના નેલ્લોર જિલ્લાના સંગમ મંડલ નજીક બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પરિવાર આત્મકુર સરકારી હોસ્પિટલ જઈ રહ્યો હતો જ્યાં તેમના સંબંધીઓને હોસ્પિટલમાં દાખલ



કરવામાં આવ્યા હતા, ત્યારે સામેથી આવતી રેતી ભરેલી ટ્રક કાબુ ગુમાવ્યો અને કાર સાથે અથડાઈ ગઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે કાર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. આ અકસ્માતની ઘટનામાં સાતેય મુસાફરો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. મૃતકોમાં 15 વર્ષની એક છોકરીનો પણ સમાવેશ થાય છે. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે તમામ લોકોના ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતા.

ટ્રક ડ્રાઈવર અકસ્માત બાદ ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. પોલીસ તેની શોધ કરી રહી છે. ઘટનાની માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને કેસ નોંધ્યો છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે બધા મૃતકો નેલ્લોર શહેરના રહેવાસી હતા અને સંબંધીઓને મળવા હોસ્પિટલ જઈ રહ્યા હતા.

આ દરમિયાન મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ દુઃખદ માર્ગ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો. તેમણે અધિકારીઓને શોકગ્રસ્ત પરિવારોને સંપૂર્ણ સહાય અને સહાય પૂરી પાડવા નિર્દેશ આપ્યો. ચંદ્રબાબુએ અકસ્માતની વિગતવાર તપાસના આદેશ પણ આપ્યા અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો.

વાય.એસ.આર.સી.પી.ના વડા વાય. એસ. જગન મોહન રેડ્ડીએ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો. રેડ્ડીએ વાય. એસ.આર.સી.પી. દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, "આ અકસ્માતે મને ખૂબ જ દુઃખ પહોંચાડ્યું છે અને હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું." તેમણે અધિકારીઓને ભવિષ્યમાં આવા અકસ્માતો અટકાવવા માટે તમામ જરૂરી સાવચેતીભર્યા પગલાં લેવા અપીલ કરી હતી.

# બિહારમાં 243 બેઠક પર શંકરાચાર્ય ઉતારશે 'ગૌભક્ત' ઉમેદવાર, રાજકીય પક્ષો ટેન્શનમાં

**પટના**

સનાતન ધર્મ અને ગૌ રક્ષા મુદ્દે ફરી એકવાર વિવાદ સર્જાયો છે. આ વિવાદ વચ્ચે જ્યોતિષ પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી રાજકારણમાં ઝંપલાવી રહ્યા છે. તેમણે જાહેરાત કરી છે કે, તેમની આગેવાની હેઠળ બિહારની તમામ 243 વિધાનસભા બેઠક પર ગૌ ભક્ત ઉમેદવારને ચૂંટણીના મેદાનમાં ઉતારશે. તેમણે આ જાહેરાત ગૌ મતદાતા સંકલ્પ યાત્રા દરમિયાન કરી હતી. તેમણે ફારબિસગંજના લક્ષ્મી નારાયણ ઠાકુરવાડીમાં ગૌ રક્ષકો અને સનાતન ભક્તોની ભીડ વચ્ચે સ્પષ્ટ જાહેરાત કરી હતી કે, ગાયનું સંરક્ષણ જ સનાતન ધર્મ અને ભારતીય સમાજની વાસ્તવિક રક્ષા છે. વર્તમાન રાજકીય પક્ષ માત્ર વેશભૂષામાં સનાતની હોવાનું નાટક કરે છે. પરંતુ વાસ્તવમાં તેમના કાર્યોમાં ગૌ માતા કે સનાતન ધર્મની ચિંતા જોવા મળતી નથી. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે જણાવ્યું હતું કે, મેં રાષ્ટ્રીય પક્ષો સાથે મુલાકાત લીધી છે, અને સંસદમાં 'ગૌ માતાને રાષ્ટ્ર માતા' જાહેર કરવાની માગ કરી છે, પરંતુ અત્યાર સુધી કોઈ પક્ષે સ્પષ્ટ સમર્થન આપ્યું નથી.

# કર્ણાટકમાં હથિયારધારી લૂંટારા SBI બેંકમાંથી 58 કિલો સોનું, 8 કરોડ રોકડની લૂંટ કરી ફરાર

## લૂંટારાઓએ સ્ટાફ-ગ્રાહકોને બંધક બનાવ્યા, 20 કિલોગ્રામના 398 પેકેટ ચોરાયા

**બેંગ્લોર**

કર્ણાટકના વિજયપુરા જિલ્લાના ચદચન કસ્બામાં આવેલી SBI બેંકમાં મંગળવારે ધોળા દિવસે હથિયારબંધ લૂંટારૂઓએ મોટી લૂંટ કરી હતી. પ્રાથમિક અહેવાલ મુજબ લૂંટારાઓ 58 કિલો સોનું અને આઠ કરોડ રૂપિયા રોકડની લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસના જણાવ્યા મુજબ, ત્રણ લૂંટારૂઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને બંધક બનાવીને આ ઘટનાને





અંજામ આપ્યો હતો

શાખા પ્રબંધક તારકેશ્વરની ફરિયાદ મુજબ, ત્રણ લૂંટારૂઓ બેંકમાં કરન્ટ ખાતું ખોલવાના બહાને પ્રવેશ્યા હતા. તેમની પાસે બંદૂક અને ચાકૂ હતા, જેનાથી તેઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને ધમકાવ્યા હતા. તેઓએ કર્મચારીઓ અને ગ્રાહકોને પ્લાસ્ટિક ટેગથી બાંધી દીધા હતા અને લોકર ખોલવા માટે મજબૂર કર્યા હતા.

લૂંટારૂઓ 425 સોનાના પેકેટોમાંથી લગભગ 20 કિલોગ્રામના 398 પેકેટ ચોરી ગયા હતા. આ ઉપરાંત, તેઓએ 1.04 કરોડ રૂપિયાની રોકડ પણ લૂંટી કરી છે. પોલીસે કહ્યું કે, લૂંટારૂઓ એક વાહનમાં ભાગી ગયા છે.

# USથી લુધિયાણામાં લગ્ન કરવા આવેલી 69 વર્ષની દુલ્હનની મંગતર દ્વારા જ હત્યા

## લાશને નાળામાં ફેંકી દેવાયા બાદ હાડપિંજર અને મહિલાનો ફોન મળ્યા

**લુધિયાણા**

પંજાબના લુધિયાણામાં બનેલી એક સનસનીખેજ ઘટનાએ તમામને હચમચાવી મૂક્યા છે. અમેરિકાથી આવેલી 69 વર્ષીય એનઆરઆઈ રૂપિન્દર કૌર પંધેરની હત્યા કરી દેવામાં આવી હતી. લુધિયાણા નજીક ઘુંગરાણા ગામના એક નાળામાંથી તેનું હાડપિંજર મળી આવ્યું હતું. અહીં આવ્યા પછી રૂપિન્દર રહસ્યમય રીતે ગાયબ થઈ ગઈ હતી. હવે પોલીસે આ હત્યાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ઘટના



સ્થળેથી મહિલાનો ક્ષતિગ્રસ્ત આઈફોન પણ મળી આવ્યો છે, જેને આરોપીએ પુરાવાનો નાશ કરવા માટે ત્યાં ફેંકી દીધો હતો. તપાસમાં ખુલાસો થયો છે કે, રૂપિંદરની હત્યા તેના મંગેતરે કરાવી હતી, જે ઈંગ્લેન્ડમાં રહે છે. લુધિયાણા ડીસીપીએ જણાવ્યું કે, આ હત્યાનું કાવતરું રૂપિંદર કૌરના 67 વર્ષીય મંગેતર ચરણજીત સિંહ ગ્રેવાલે ઘડ્યું હતું. ચરણજીત યુકેમાં રહે છે. તેણે લગ્ન ન કરવા માટે રૂપિન્દરને રસ્તામાંથી હટાવવાનું કાવતરું ઘડ્યું. તેણે તેના પરિચિત સુખજીત સિંહને તેની સોપારી આપી. સુખજીત સિંહ કિલા રાયપુરના કોર્ટ સંકુલમાં ટાઈપિસ્ટનું કામ કરે છે. પૂછપરછ દરમિયાન સુખજીતે પોલીસ સમક્ષ કબૂલાત કરી કે, મેં રૂપિંદરની હત્યા કરી હતી.

# દુષ્કર્મના આરોપમાં લલિત મોદીના ભાઈ સમીરની દિલ્હી એરપોર્ટથી ધરપકડ કરાઈ

**નવી દિલ્હી**

દક્ષિણ-પૂર્વ જિલ્લાની NFC પોલીસ સ્ટેશને ફરાર ઉદ્યોગપતિ લલિત મોદીના ભાઈ, ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સમીર મોદીની દિલ્હીના IGI એરપોર્ટ પરથી ધરપકડ કરી છે. ગુરુવારે જ્યારે તે વિદેશથી પાછા ફરી રહ્યા હતા, ત્યારે તેને દુષ્કર્મ અને અપહરણના ગંભીર આરોપો હેઠળ પકડવામાં આવ્યો છે. આરોપીને સાકેત કોર્ટમાં રજૂ કરતાં જ્યાં કોર્ટે તેને એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે.

એક યુવતીએ 10 સપ્ટેમ્બરના રોજ NFC પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો. પીડિતા ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાની પૂર્વ કર્મચારી હોવાનું કહેવાય છે અને તે લગભગ છ વર્ષ પહેલાં કંપનીમાં કામ કરતી હતી. બીજી તરફ સમીર મોદીના વકીલોએ આ આક્ષેપોને બ્લેકમેલિંગ અને પૈસા પડાવવાનો પ્રયાસ ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે પીડિતાએ કથિત રીતે સમાધાન માટે 50 કરોડની માંગણી કરી હતી. જોકે, દિલ્હી પોલીસ હાલ આ કેસની દરેક બાજુથી તપાસ કરી રહી છે. આ હાઈ-પ્રોફાઈલ કેસમાં પોલીસની વધુ તપાસ ચાલુ છે. સમીર મોદીની ધરપકડ બાદ આ મામલે રાજકીય અને વ્યવસાયિક વર્તુળોમાં પણ ચર્ચા શરૂ થઈ છે.

# ભાજપના અનિલ વિજેએ સો. મીડિયા પ્રોફાઈલથી 'મંત્રી' શબ્દ હટાવતાં પક્ષમાં ખળભળાટ

**નવી દિલ્હી**

હરિયાણાના પરિવહન મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અનિલ વિજે તાજેતરમાં પોતાના X એકાઉન્ટ પરથી 'મિનિસ્ટર' શબ્દ હટાવીને 'અનિલ વિજ અંબાલા કેન્ટ, હરિયાણા, ઈન્ડિયા' લખ્યું છે. તેમના આ પગલાથી હરિયાણાના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે. એવું માનવામાં આવે છે કે આ ફેરફાર કોઈ આંતરિક રાજકીય ગણતરી અથવા ભવિષ્યની રણનીતિનો ભાગ હોઈ શકે છે. જોકે, અનિલ વિજે આ અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરી નથી. આ પહેલા તેઓ પોતાની પ્રોફાઈલમાં મંત્રી તરીકેની ઓળખ પ્રમુખતાથી દર્શાવતા હતા, પરંતુ હવે તેમણે પોતાના ક્ષેત્રીય જોડાણને વધુ મહત્ત્વ આપ્યું છે. આ બદલાવને લઈને સોશિયલ મીડિયા પર વિવિધ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે.

# દેશભરમાં છેલ્લા 18 મહિનામાં 500 ઠાર, 2000 નક્સલીઓનું સરન્ડર

**રાંચી**

દેશભરમાં સુરક્ષા દળો દ્વારા સતત અને સઘન કાર્યવાહી હાથ ધરાતાં ચાર દાયકા સુધી હથિયારોની તાકાત પર ક્રાંતિનો દાવો કરનારા નક્સલવાદી જૂથે હથિયાર ફેંક્યા છે. છેલ્લા 18 માસમાં 500થી વધુ માઓવાદીઓ માર્યા ગયા છે. જેમાં 13 કેન્દ્રીય સમિતિ સ્તરના ટોચના નેતા પણ સામેલ છે. માત્ર છત્તીસગઢમાં જ ટોચના કમાન્ડર બસવ રાજુ, ચલપતિ, સુધાકર, અને મોડેમ બાલકૃષ્ણ ઠાર થયા છે. આશરે 2,000 કેડર અને સમર્થકોએ આત્મસમર્પણ કર્યું છે. આ દબાણ વચ્ચે માઓવાદી જૂથે પ્રથમ વખત હથિયાર મૂકી શાંતિ વાર્તા કરવાની પહેલ કરી છે.

કેન્દ્ર સરકારના નક્સલવાદ ખતમ કરવાના મિશન પર સુરક્ષા દળો દ્વારા મોટાપાયે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માઓવાદી જૂથના વડાઓ ઠાર થયા બાદ 15 ઑગસ્ટ, 2025ના રોજ માઓવાદી જૂથ અભયના નામથી એક પત્ર મળ્યો હતો. જેમાં માઓવાદી જૂથે સંઘર્ષ વિરામની જાહેરાત કરતાં કહ્યું હતું કે, અમે લોકશાહી પ્રક્રિયામાં સામેલ થઈ જનતાની સમસ્યાઓનો ઉકેલ ઇચ્છીએ છીએ. આ પત્રમાં જૂથના સત્તાવાર ફેસબુક એકાઉન્ટ, ઈમેઈલ એકાઉન્ટ અને અભયની તસવીર જાહેર કરવામાં આવી હતી.

# વિશાખાપટ્ટનમમાં એર ઈન્ડિયા એક્સપ્રેસના વિમાન સાથે પક્ષી અથડાતાં ઈમરજન્સી લેન્ડિંગ

**નવી દિલ્હી**

વિશાખાપટ્ટનમથી હૈદરાબાદ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં ગુરુવારે એક મોટી દુર્ઘટના ટળી છે. પ્લેને ટેક ઓફ કર્યાના થોડી મિનિટો પછી વિમાનના એન્જિનમાં ટેકનિકલ સમસ્યા આવી અને જેના કારણે પાઈલટે ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું છે. વિમાનમાં 103 મુસાફરો સવાર હતા અને તે તમામ લોકો સુરક્ષિત છે. વિશાખાપટ્ટનમ એરપોર્ટના ડિરેક્ટરે જણાવ્યું કે એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ IX 2658 બપોરે 2:38 વાગ્યે ઉડાન ભરી હતી. ટેક ઓફ કર્યાની થોડી મિનિટો પછી, વિમાનમાં એન્જિનમાં ખામી સર્જાઈ હતી. મુસાફરોની સલામતીને પ્રાથમિકતા આપતા પાયલોટે ફ્લાઈટ રદ કરીને વિશાખાપટ્ટનમ પાછા ફરવાનો નિર્ણય લીધો હતો.

# પેન્સિલવેનિયામાં અંધાધૂંધ ગોળીબારમાં ત્રણ પોલીસકર્મીના મોત, શંકાસ્પદનું એન્કાઉન્ટર

## ઘાયલ થયેલા બે અધિકારીઓને હેલિકોપ્ટર દ્વારા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા

**વોશિંગ્ટન**

અમેરિકાના પેન્સિલવેનિયામાં પોલીસ અને એક બંદૂકધારી વચ્ચે થયેલી અથડામણમાં ત્રણ પોલીસ અધિકારીઓ શહીદ મૃત્યુ પામ્યા છે, જ્યારે અન્ય બે ઘાયલ થયા છે. આ ઘટના કોડોરસ ટાઉનશીપમાં બની હતી.



રાજ્ય પોલીસ કમિશનરે જણાવ્યું કે, 'પોલીસે ઘરેલુ ઝઘડાની તપાસ માટે કાર્યવાહી હાથ ધરી હતી, તે દરમિયાન અચાનક બંદૂકધારીએ પોલીસ પર ગોળીબાર શરૂ કરી દીધો. પોલીસે પણ જવાબી કાર્યવાહી કરી જેમાં બંદૂકધારી માર્યો ગયો.'

ઘાયલ થયેલા બે અધિકારીઓને હેલિકોપ્ટર દ્વારા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમની હાલત ગંભીર છે. અધિકારીઓએ હુમલાખોરની ઓળખ જાહેર કરી નથી, કે ન તો મૃત્યુ પામેલા પોલીસ અધિકારીઓ કઈ એજન્સીના હતા તે જણાવ્યું છે. એટર્ની જનરલ પામેલા બોન્ડીએ આ ઘટનાની નિંદા કરી છે અને તેને સમાજ માટે શ્રાપ ગણાવી છે. તેમણે કહ્યું કે અધિકારીઓ આ મામલાની તપાસ કરી રહ્યા છે. અગાઉ પણ પોલીસ પર હુમલા થયા છે.

# પાકિસ્તાન-સાઉદી વચ્ચે મોટી ડીલ, કોઈ એક પર હુમલો બંને ઉપર હુમલો ગણાશે

**દુબઈ**

ઈઝરાયલે કતાર પર હુમલો કર્યો છે ત્યારથી સમગ્ર મુસ્લિમ દેશોમાં ફફડાટની સ્થિતિ જોવા મળી રહી છે. આ દરમિયાન ઈઝરાયલ સામે કાર્યવાહી કરવી એ પણ તેમની સામે એક મોટો પડકાર છે. મુસ્લિમ દેશો એકજૂટ થઈ NATO જેવી સેના ઊભી કરવાના પ્રયાસો કરી રહ્યા છે. આ દિશામાં સાઉદી અરબ પાકિસ્તાને સાથે મળીને એક મોટું પગલું ભર્યું છે. પાકિસ્તાન અને સાઉદી અરબે એક મહત્ત્વપૂર્ણ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા. જે કરારનું નામ સ્ટ્રેટજિક મ્યુચ્યુઅલ ડિફેન્સ એગ્રીમેન્ટ રખાયું છે. આ ડીલ હેઠળ નક્કી થયું છે કે જો કોઈ એક દેશ પર હુમલો થશે તો તે બંને દેશો પર હુમલો ગણાશે. આ સમજૂતી પાક. પીએમ શાહબાઝ શરીફની સાઉદીની યાત્રા દરમિયાન થઈ હતી. સાઉદી અરબમાં અલ યમામા પેલેસ ખાતે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું. પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર પાકિસ્તાની પીએમઓ અનુસાર એક નિવેદન જાહેર કરાયું હતું. જેમાં કહેવાયું હતું કે આ સમજૂતી બંને દેશોની લગભગ આઠ દાયકા જૂની ભાગીદારી પર આધારિત છે જેને ભાઈચારા, ઈસ્લામિક એકજૂટતા અને સંયુક્ત વ્યૂહાત્મક હીતોએ મજબૂત બનાવ્યા છે.

**યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો મોટો નિર્ણય**

# એન્ટિફાને આતંકી સંગઠન જાહેર કર્યું કહ્યું, જે મદદ કરશે એને છોડીશું નહીં

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 18 સપ્ટેમ્બર, 2025ના રોજ 'એન્ટિફા'ને મુખ્ય આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ જાહેરાત તેમણે તેમના નજીકના સહયોગી અને રાજકીય કાર્યકર ચાર્લી કિર્કની હત્યાના થોડા દિવસો બાદ કરી.

ટ્રમ્પે કહ્યું કે, 'મને મારા તમામ અમેરિકન દેશભક્તોને એ જણાવતા આનંદ થાય છે કે હું 'એન્ટિફા'ને એક બિમાર, ખતરનાક અને કટ્ટરપંથી ડાબેરી આફત માનું છું અને તેથી તેને એક મુખ્ય આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરી રહ્યો છું.' 'એન્ટિફા'ને આર્થિક મદદ કરનારાઓ સામે ઉચ્ચ સ્તરીય તપાસ થશે, કોઈ પણ દોષિતને છોડાશે નહીં. 'એન્ટિફા' (એન્ટિ-ફાસિસ્ટ) એ ડાબેરી જૂથોનું એક છૂટુંછવાયું નેટવર્ક છે. વ્હાઈટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલરે આ અઠવાડિયાની શરૂઆતમાં કહ્યું હતું કે ચાર્લી કિર્કે તેમને મોકલેલા છેલ્લા મેસેજમાં હિંસા ફેલાવનારા ડાબેરી જૂથો સામે કાર્યવાહી કરવાની અપીલ કરી હતી.

# યુનાઈટેડ સ્ટેટ્સમાં BAPS-અક્ષરધામની રચના અંગે તપાસ બંધ કરવાના નિર્ણયનું સ્વાગત કરાયું

**ન્યુ યોર્ક**

યુનાઈટેડ સ્ટેટ્સમાં યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને ન્યુ જર્સી ડિસ્ટ્રિક્ટ માટે યુનાઈટેડ સ્ટેટ્સ એટર્ની ઓફિસ દ્વારા BAPS અને BAPS સ્વામિનારાયણ અક્ષરધામની રચનાની તપાસ બંધ કરવાના નિર્ણયનું BAPS સ્વામિનારાયણ સંસ્થા સ્વાગત કરે છે. સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, તપાસનો અંત લાવવાનો યુનાઈટેડ સ્ટેટ્સ સરકારનો નિર્ણય અમારી સંસ્થાના શરૂઆતથી જ રહેલા મંતવ્યોના સમર્થનમાં એક સ્પષ્ટ અને શક્તિશાળી સંદેશ આપે છે કે, BAPS સ્વામિનારાયણ અક્ષરધામ - શાંતિ, સેવા અને ભક્તિનું સ્થળ છે. હજારો ભક્તોના પ્રેમ, સમર્પણ અને સ્વયંસેવકોની સેવા દ્વારા બનાવવામાં આવ્યું હતું. યુનાઈટેડ સ્ટેટ્સમાં હિન્દુ સમુદાય ધાર્મિક પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. અમેરિકાને મહાન બનાવતા મૂલ્યોનું સમર્થન કરે છે. BAPS સ્વામિનારાયણ અક્ષરધામ એક એવા કાયમી પ્રતીક તરીકે ઊભું છે કે જે સમુદાય તરીકે યુનાઈટેડ સ્ટેટ્સના તાણાવાણાનો એક અભિન્ન ભાગ બની ગયો છે. સંસ્થાએ વધુમાં જણાવ્યું છે કે, આપણા આધ્યાત્મિક ઉપદેશોએ લાંબા સમયથી ભાર મૂક્યો છે કે, પ્રતિકૂળતાનો સામનો કરતી વખતે શ્રદ્ધા જાળવી રાખવી જોઈએ. થોડો સમય સમુદાય માટે પડકારજનક રહ્યો, પરંતુ ભગવાન સ્વામિનારાયણની કૃપા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આપણે નવી શક્તિ અને ઊંડી શ્રદ્ધા સાથે ઉભરી આવ્યા છીએ. સંસ્થાએ અંતે કહ્યું કે, BAPS સ્વામિનારાયણ અક્ષરધામની મુલાકાત લેવા અને આ પવિત્ર સ્થાનના દરેક ખૂણામાં ફેલાયેલી કલા, પરંપરાઓ, ભક્તિ અને સેવાની ભાવનાનો અનુભવ કરવા માટે હાર્દિક આમંત્રણ આપીએ છીએ.

# ભારત માટે ખુલશે યુરોપના દ્વાર, EUની મોટી જાહેરાત, 2025ના અંત સુધીમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ

**લંડન**

યુરોપિયન યુનિયન (EU)એ ભારત સાથે દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડવા માટે એક નવો વ્યૂહાત્મક એજન્ડા પ્રસ્તાવિત કર્યો. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને આ અંગે જણાવ્યું હતું કે, યુરોપ પહેલેથી જ ભારતનો સૌથી મોટો બિઝનેસ પાર્ટનર દેશ છે અને અમે આ વર્ષના અંત સુધીમાં અમારા મુક્ત વેપાર કરાર (FTA) ને અંતિમ સ્વરૂપ આપવા માટે પ્રતિબદ્ધ છીએ. યુરોપ વ્યવસાય માટે ખુલ્લું છે. અમે ભારત સાથે અમારા સહિયારા ભવિષ્યમાં રોકાણ કરવા તૈયાર છીએ.



આ પ્રસંગે ઉર્સુલા વોન ડેર લેયેને કહ્યું કે હવે સમય છે કે વિશ્વસનીય ભાગીદારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે અને સહિયારા હિતો અને સામાન્ય મૂલ્યો દ્વારા સંચાલિત ભાગીદારીને બમણી કરવામાં આવે. અમારી નવી EU-ભારત વ્યૂહરચના સાથે અમે અમારા સંબંધોને આગલા સ્તર પર લઈ જઈ રહ્યા છીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 2024-2029 માટે તેની રાજકીય માર્ગદર્શિકામાં જાહેર કરાયેલા આ પહેલનો હેતુ દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ, વિસ્તૃત અને વધુ સારી રીતે સંકલન કરવાનો છે, બંને ભાગીદારો માટે સમૃદ્ધિ અને સુરક્ષા વધારવાનો છે અને મુખ્ય વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં મદદ કરવાનો છે. અમે સંરક્ષણ ક્ષેત્રમાં અમારા ઔદ્યોગિક સહયોગને વધુ ગાઢ બનાવી રહ્યા છીએ. યુરોપ પહેલેથી જ ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે, અમે વર્ષના અંત સુધીમાં અમારા મુક્ત વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે પ્રતિબદ્ધ છીએ.

# ઇઝરાયેલે ગાઝાનો કચ્ચરઘાણ કાઢ્યો ચાર લાખ લોકો શહેર છોડીને ભાગ્યા

## ઈઝરાયેલે છેલ્લા બે દિવસમાં 150 સ્થળે હુમલા કર્યા

**ગાઝા**

ગાઝાપટ્ટીના ગાઝા શહેરમાં ઈઝરાયેલના જમીન આક્રમણનો જબરદસ્ત ખૌફ છે. તેના આક્રમણના ડરથી દસ લાખની વસ્તીવાળા ગાઝા શહેરમાં ચાર લાખથી પણ વધુ લોકો શહેર છોડીને ભાગ્યા છે. આમ ગાઝાની ૪૦ ટકા વસ્તી પલાયન કરી ચૂકી છે. જો કે યુએનના જણાવ્યા મુજબ હજી પણ ત્રણ લાખથી વધુ લોકો ગાઝામાં ફસાયેલા છે. જો કે આ આંકડો હજી પણ વધારે હોઈ શકે છે.

ઈઝરાયેલના આદેશ મુજબ મોટાભાગના ગાઝાવાસીઓ દક્ષિણની બાજુએ આવેલા કેમ્પમાં ભાગી રહ્યા છે. ઈઝરાયેલનું આ ઓપરેશન પૂરું થતાં મોટાભાગની ગાઝાપટ્ટી તેના અંકુશમાં આવી જશે. ઈઝરાયેલના ડિફેન્સે તાજેતરમાં જારી કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે તેણે છેલ્લા બે દિવસમાં ગાઝાના ૧૫૦ જેટલા સ્થળો પર હુમલા કર્યા છે. આ હુમલામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ના મોત થયા છે. ઈઝરાયેલના લશ્કરનું કહેવું છે કે તેણે આ હુમલામાં હમાસે ખોદેલી સુરંગોને લક્ષ્યાંક બનાવી છે.

# ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂયોર્ક ટાઈમ્સ સામે 15 અબજ ડોલરનો બદનક્ષીનો કેસ દાખલ કર્યો

**વોશિંગ્ટન**

ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ન્યૂયોર્ક ટાઈમ્સ પર ૧૫ અબજ ડોલરનો બદનક્ષીનો કેસ દાખલ કર્યો છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર આ અખબારને અમેરિકાના ઈતિહાસનું સૌથી ખરાબ અને સૌથી વિકૃત અખબાર ગણાવ્યું છે. ટ્રમ્પે વધુમાં અખબારને રેડિકલ લેફ્ટ ડેમોક્રેટ પાર્ટીનું સત્તાવાર મુખપત્ર ગણાવ્યું છે. ટ્રમ્પે ન્યૂયોર્ક ટાઈમ્સ અખબાર ઉપરાંત તેના ચાર પત્રકારો સામે પણ બદનક્ષીનો કેસ દાખલ કર્યો છે. કોર્ટના દસ્તાવેજો પરથી આ માહિતી મળી છે. ફ્લોરિડા સ્થિત અમેરિકન જિલ્લા કોર્ટમાં દાખલ કરવામાં આવેલા કેસમાં અખબારના બે પત્રકારો દ્વારા લખવામાં આવેલા અને ૨૦૨૪ની ચૂંટણી પહેલા પ્રકાશિત અનેક લેખો અને એક પુસ્તકનો ઉલ્લેખ કર્યો છે.

# PM મોદીના જન્મદિવસે વિશ્વની સૌથી ઊંચી બિલ્ડીંગ બુર્જ ખલીફાને રોશનીથી શણગારાઈ

**દુબઈ**

PM નરેન્દ્ર મોદી 17 સપ્ટેમ્બર 2025એ 75મો જન્મદિવસ ઉજવાયો હતો. વિદેશમાંથી પણ વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છાઓ મળી રહી છે. ખાસ વાત એ છે કે દુબઈના બુર્જ ખલીફા બિલ્ડીંગ પર પીએમના ફોટો જોવા મળ્યા છે. દુનિયાની સૌથી ઉંચી બિલ્ડીંગ બુર્જ ખલીફાને વડાપ્રધાન મોદીના નામથી શણગારવામાં આવ્યું છે. બિલ્ડિંગ તેમની તસ્વીરોથી જગમગી ઉઠી છે. સાથે જ તેમને જન્મદિવસ વિશ કરવામાં આવ્યો છે. આ સિવાય બિલ્ડીંગને તિરંગાના રંગમાં પણ શણગારવામાં આવી છે.




# ટ્રમ્પે દેશના ભાગલા પાડી દીધા, ચાર્લી કર્કની હત્યા મુદ્દે ઓબામાએ અમેરિકન પ્રમુખને ઘેર્યા

**લંડન**

ચાર્લી કર્કની હત્યા બાદ અમેરિકામાં રાજકારણ ગરમાયું છે. પૂર્વ પ્રમુખ બરાક ઓબામાની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે, ચાર્લી કર્કની હત્યા બાદ સંયુક્ત રાજ્ય અમેરિકા 'એક મહત્ત્વપૂર્ણ મોડ' પર છે અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લોકોને એકજૂઠ કરવાના બદલે દેશના ભાગલા પાડી દીધા છે. એક અહેવાલ પ્રમાણે મંગળવારે રાત્રે જેફરસન એજ્યુકેશન સોસાયટી દ્વારા આયોજિત પેન્સિલવેનિયાના એરીમાં એક કાર્યક્રમ દરમિયાન ઓબામાએ કહ્યું કે, 'એમાં કોઈ શંકા નથી કે, આપણી લોકશાહી વ્યવસ્થાનો મુખ્ય આધાર એ છે કે આપણે અસંમત થવામાં સક્ષમ બનવું જોઈએ અને ક્યારેક-ક્યારેક હિંસાનો સહારો લીધા વિના વાસ્તવમાં વિવાદાસ્પદ ચર્ચાઓ કરવી જોઈએ.'

# એશિયા કપ : 21મીએ ફરી ભારત-પાકિસ્તાન વચ્ચે ટક્કર

## સુપર 4 માટે ગ્રુપ Aમાંથી ભારત-પાકિસ્તાન અને ગ્રુપ Bમાંથી શ્રીલંકા-બાંગ્લાદેશ ક્વોલિફાય થયું

પાકિસ્તાન અને યુએઈ વચ્ચે બુધવારે (17મી સપ્ટેમ્બર) રમાયેલી એશિયા કપની 10મી મેચમાં પાકિસ્તાને 41 રનથી જીત મેળવી હતી. આ જીત સાથે પાકિસ્તાન સુપર ફોર માટે ક્વોલિફાય થઈ ગયું છે, જ્યારે યુએઈની સફર હવે પૂરી થઈ ગઈ છે. ભારતીય ટીમ અને પાકિસ્તાન ગ્રુપ Aમાંથી ક્વોલિફાય થઈ ગયા છે. આનાથી ભારત અને પાકિસ્તાન વચ્ચે બીજી ટક્કરનો માર્ગ મોકળો થઈ ગયો છે. બંને ટીમો વચ્ચે આગામી મેચ રવિવાર (21મી સપ્ટેમ્બર)ના રોજ દુબઈમાં રમાશે.




આ વખતે એશિયા કપમાં આઠ ટીમોએ ભાગ લીધો હતો. આ ટીમોને બે અલગ-અલગ ગ્રુપમાં વહેંચવામાં આવી હતી. દરેક ગ્રુપમાંથી કુલ ચાર ટીમોને સુપર ફોર માટે પસંદ કરવાની હતી. ગ્રુપ Aમાં ભારત, પાકિસ્તાન, યુએઈ અને ઓમાનનો સમાવેશ થતો હતો. ભારત તેની બંને શરૂઆતની મેચ જીતીને સુપર ફોર માટે ક્વોલિફાય થઈ ગયું હતું. ઓમાન પહેલાથી જ બહાર થઈ ગયું છે. પાકિસ્તાન અને યુએઈ પ્લેઓફ માટે જોરદાર સ્પર્ધામાં હતા. જોકે, પાકિસ્તાન આ મેચ જીતી ગયું છે અને હવે તેનો સામનો ભારત સાથે થશે. એશિયા કપ 2025માં ભારત અને પાકિસ્તાનની સફર પર નજર કરીએ તો ભારતીય ટીમે યુએઈ સામે પોતાના અભિયાનની શરૂઆત કરી હતી. સૂર્ય કુમારની આગેવાની હેઠળ આ મેચ મોટા અંતરથી જીતી હતી. બીજી મેચમાં ભારતે પાકિસ્તાનને 7 વિકેટથી હરાવ્યું હતું. ભારતીય ટીમ શુક્રવારે ઓમાન સામે પોતાનો અંતિમ ગ્રુપ સ્ટેજ મેચ રમશે. બીજી તરફ પાકિસ્તાને ઓમાન સામેની મેચ જીતીને પોતાના અભિયાનની શરૂઆત કરી હતી. પાકિસ્તાન બીજી મેચ હારી ગયું હતું, જ્યારે પાકિસ્તાને યુએઈ સામે ત્રીજી મેચ જીતી હતી. આ દરમિયાન યુએઈને આ ટુર્નામેન્ટમાં બે હાર અને એક જીત મળી છે, જ્યારે ઓમાન અત્યાર સુધી બંને મેચ હારી ગયું છે.

### શ્રીલંકાની 6 વિકેટે જીત, કુસલ મેન્ડિસની ધમાકેદાર અડધી સદી

સુપર 4 ક્વોલિફાઈંગ મેચમાં શ્રીલંકાએ અફઘાનિસ્તાનને 6 વિકેટથી હરાવ્યું. આ સાથે રાશિદ ખાનની આગેવાની હેઠળની અફઘાનિસ્તાન સુપર 4 ની રેસમાંથી બહાર થઈ ગઈ છે. શ્રીલંકાની જીતથી બાંગ્લાદેશ પણ સુપર 4 માટે ક્વોલિફાય થયું. શ્રીલંકાના ઓપનિંગ બેટ્સમેન કુસલ મેન્ડિસ મેચનો હીરો રહ્યો. આ શક્તિશાળી બેટ્સમેને અફઘાનિસ્તાનના મોહમ્મદ નબીની તોફાની ઈનિંગને બગાડી નાખી. શ્રીલંકાએ એશિયા કપમાં લીગ સ્ટેજની ત્રણેય મેચ જીતી હતી અને ગ્રુપ Bમાં સૌથી વધુ 6 પોઈન્ટ મેળવ્યા હતા. અફઘાનિસ્તાનની જીત બાંગ્લાદેશને સુપર 4માંથી બહાર કરી દેત, પરંતુ શ્રીલંકાની જીતથી અફઘાનિસ્તાન બહાર થઈ ગયું છે અને બાંગ્લાદેશ સુપર 4માં પહોંચી ગયું છે.

### એશિયા કપમાં 'નો હેન્ડશેક' વિવાદમાં પાકિસ્તાનનું નાટક: પહેલા બોયકોટની ધમકી અને પછી મેચ રમવા રાજી

પાકિસ્તાને એશિયા કપનો બહિષ્કાર કરવાની ધમકી આપી હતી. જે બાદ મેચ થશે કે નહીં તેને લઈને અસમંજસની સ્થિતિ પેદા થઈ હતી. જોકે PCB અને ICCના અધિકારીઓની બેઠક બાદ પાકિસ્તાનની ટીમ મેચ રમવા માટે રાજી થઈ હતી. PCBએ પાકિસ્તાનના ખેલાડીઓને આદેશ આપ્યા હતા કે તેઓ હોટલમાં જ રહે અને તેમને જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી સ્ટેડિયમ માટે રવાના થાય નહીં. જોકે એક કલાકના વિલંબ બાદ ખેલાડીઓ સ્ટેડિયમ માટે રવાના થઈ ગયા હતા.

### નકવીના હાથથી ટ્રોફી નહીં લઉં', એશિયા કપ ફાઈનલ પહેલા સૂર્યકુમાર યાદવની શરત

એશિયા કપમાં પાકિસ્તાન સાથે મેચ રમ્યા છતાં તેની અકલ ઠેકાણ રાખવામાં માહિર ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે નવી શરત મુકી છે. ભારત - પાકિસ્તાન મેચ દરમિયાન મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટે આ ટુર્નમિન્ટમાં બાકી રહેલી દરેક મેચમાંથી હટાવી લેવામાં આવ્યા પછી પાકિસ્તાન રાહતનો શ્વાસ લઈ રહ્યું છે. ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવે એશિયન ક્રિકેટ કાઉન્સિસ (ACC)ને સ્પષ્ટ કહી દીધુ કે, જો ભારતીય ટીમ 28 સપ્ટેમ્બરે યોજાનારી ટુર્નમિન્ટમાં ફાઈનલમાં પહોંચે છે અને તે આ ટાઈટલ જીતી લે છે તો, આ ટાઈટલ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવીના હાથે નહી સ્વીકારે.



## વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ : નીરજ અને સચિન મેડલ ચૂક્યા, કેશોર્ન વોલકોટ જીત્યો ગોલ્ડ મેડલ

**નવીદિલ્હી**

બે વખતના ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાનું વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં નિરાશાજનક પ્રદર્શન રહ્યું હતું, તેને પાંચમા પ્રયાસમાં ફાઉલ કર્યો અને ટોપ-3માં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યો. ત્રિનિદાદ અને ટોબેગોના કેશોર્ન વોલકોટએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં 88.16 મીટરના બેસ્ટ થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો. એન્ડરસન પીટર્સે 87.38 મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો અને યુનાઈટેડ સ્ટેટ્સના કર્ટિસ



થોમ્પસન 86.67 મીટરના થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. ભારતના નીરજ ચોપરા અને સચિન યાદવ મેડલ જીતી શક્યા નહીં. ફાઈનલ પછી નીરજ આઠમા અને સચિન યાદવ ચોથા સ્થાને રહ્યો. પાકિસ્તાનના પેરિસ ઓલિમ્પિક ચેમ્પિયન અરશદ નદીમ પણ સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા અને ચોથા રાઉન્ડમાં બહાર થઈ ગયો. ટીમ ઈન્ડિયાના ભાલાધારી ખેલાડી નીરજ ચોપરાનું વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની ફાઈનલમાં નિરાશાજનક પ્રદર્શન રહ્યું હશે, પરંતુ ટીમના સાથી સચિન યાદવે તેના થ્રોથી ફેન્સને ઈમ્પ્રેસ કર્યા. જુલિયન વેબરે તેના છઠ્ઠા પ્રયાસમાં 84.67 મીટર ફેંક્યો અને મેડલની દોડમાંથી બહાર થઈ ગયો.

ભારતના સચિન યાદવે છઠ્ઠા રાઉન્ડમાં 80.95 મીટર ફેંક્યો અને 86.26 મીટરના તેના બેસ્ટ થ્રો સાથે ચોથા સ્થાને રહ્યો.

## ચીનમાં ભારતનો ડંકો : વર્લ્ડ સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં પહેલીવાર ગોલ્ડ જીત્યો

**નવીદિલ્હી**

ભારતીય સ્પીડ સ્કેટર આનંદકુમાર વેલકુમારે ચીનમાં બેઈદાઈહેમાં સ્પીડ સ્કેટિંગ વિશ્વ ચેમ્પિયનશિપમાં પહેલો ગોલ્ડ મેડલ મેળવી ઈતિહાસ રચ્યો છે. આ રમતમાં પહેલી વાર રોઈ ભારતીય ખેલાડીએ ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મેળવી છે. 22 વર્ષના આનંદકુમારે પુરુષોની સીનિયર 1000 મીટર સ્પ્રિન્ટ સ્પર્ધામાં 1:24.924ના સમયમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જણાવી દઈએ કે અગાઉ પર આનંદકુમાર વેલકુમારે 500 મીટર સ્પ્રિન્ટ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સ્કેટિંગ સ્પર્ધામાં આ મેડલ ભારતનો પહેલો સીનિયર વિશ્વ ચેમ્પિયનશિપ મેડલ હતો. આ જીત બાદ ભારતે જુનિયર વર્ગમાં પણ જીત



હાંસલ કરી છે. જ્યાં કૃષ શર્માએ 1000 મીટર સ્પ્રિન્ટ સ્પર્ધામાં જીત મેળવી હતી. વેલકુમારની જીત ભારત માટે એક નવી સીમાચિહ્નરૂપ છે જેણે વિશ્વ સ્કેટિંગમાં ભારતની પ્રતિષ્ઠાને સતત ઉચી રાખી છે. આ વર્ષની શરૂઆતમાં વેલકુમારે ચેંગદૂમાં આયોજિત વિશ્વ રમતમાં 1000 મીટરની સ્પ્રિન્ટ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## ઈંગ્લેન્ડમાં ધમાકેદાર પરફોર્મન્સ બદલ સિરાજ 'ICC પ્લેયર ઓફ ધ મંથ' બન્યો

**નવીદિલ્હી**

ઓવલ ટેસ્ટમાં ધૂઆંધાર બોલિંગથી ઈંગ્લેન્ડના બેટ્સમેનને હંફાવનારા ભારતીય ખેલાડી મોહમ્મદ સિરાજ આઈસીસી મેન્સ પ્લેયર ઓફ ધ મંથ બન્યો છે. ઓગસ્ટમાં બંને ઈનિંગમાં 21.11ની એવરેજ પર નવ વિકેટ ઝડપી લેનારા સિરાજે ટેસ્ટમાં ભારતને જીત અપાવવાની સાથે મેચ ડ્રો કરવામાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું હતું. ફાઈનલ ટેસ્ટમાં તેણે 5 વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ એન્ડરસન તેંદુલકર ટ્રોફીમાં સિરાજે ઉમદા બોલિંગ સાથે ભારતીય ટીમને જીત બે મેચમાં જીત અપાવી હતી. કુલ પાંચ ટેસ્ટ મેચની સીરિઝમાં તેણે 185.3 ઓવર બોલિંગ કરી હતી. જેમાં 23 વિકેટ ઝડપી હતી. સિરાજે પહેલી



ઈનિંગમાં ચાર, બીજી ઈનિંગમાં પાંચ વિકેટ ઝડપી હતી. ઓવલ ટેસ્ટમાં 2-2થી મેચ ડ્રો કરવામાં સફળતા મેળવી હતી. જેમાં તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. સિરાજે આ બહુમાન બદલ સોશિયલ મીડિયા પોસ્ટ કરી આભાર વ્યક્ત કર્યો હતો. તેણે કહ્યું કે, 'મને ગર્વ છે કે હું કેટલાક મહત્વપૂર્ણ સ્પેલ સાથે યોગદાન આપી શક્યો, ખાસ કરીને નિર્ણાયક ક્ષણોમાં.

## ICC રેન્કિંગ : દુનિયાનો નંબર વન બોલર બન્યો વરુણ ચક્રવર્તી, બુમરાહ-બિશ્નોઈના રેકોર્ડની કરી બરાબરી

**દુબઈ**

એશિયા કપ 2025માં ટીમ ઈન્ડિયા માટે રમી રહેલા ભારતીય ટીમના સ્પિનર બોલર વરુણ ચક્રવર્તીને લઈને એક સારા સમાચાર સામે આવ્યા છે. વરુણ ચક્રવર્તી દુનિયાનો નંબર વન T-20 બોલર બની ગયો છે. વરુણ ત્રીજો એવો ભારતીય બોલર છે જે T20I બોલિંગ રેન્કિંગમાં પ્રથમ સ્થાને છે. તેને આ સિદ્ધિ એશિયા કપમાં UAE સામેની ભારતીય ટીમની પહેલી મેચમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ પ્રાપ્ત થઈ છે. તેની પહેલા જસપ્રીત બુમરાહ અને રવિ બિશ્નોઈએ આ કમાલ કર્યું



હતું. વરુણ ચક્રવર્તી સિવાય માત્ર રવિ બિશ્નોઈ T20I રેન્કિંગમાં ટોપ 10માં જગ્યા બનાવનાર ભારતીય ખેલાડી છે. T20I માં રવિ હવે 8માં નંબર પર છે અને અક્ષર પટેલ 12માં નંબરે છે. T20Iની રેન્કિંગમાં પહેલા સ્થાને આવવુ વરુણ ચક્રવર્તી માટે એક મોટી ઉપલબ્ધિ છે. તે તમિલનાડુનો પહેલા ખેલાડી છે જે T-20માં નંબર બોલર છે. વરુણ ચક્રવર્તીની T20 કારકિર્દીની વાત કરીએ તો આ ખેલાડીએ અત્યાર સુધી કમાલનું પ્રદર્શન કર્યું છે. 34 વર્ષના આ બોલરે 2021માં T20 આંતરરાષ્ટ્રીયમાં ડેબ્યૂ કર્યું હતું. આ ખેલાડીએ અત્યાર સુધી 20 T20I મેચ રમી છે અને તેણે 35 વિકેટ હાસિલ કર્યા છે. વરુણની T20માં ઈકોનોમી રેટ માત્ર 6.83 છે અને તે 2 વાર T20 માં પાંચ વિકેટ હાસિલ કરી ચૂક્યો છે. વરુણ ચક્રવર્તી એશિયા કપમાં પણ ટીમ ઈન્ડિયા માટે ટ્રમ્પ કાર્ડ છે. તેણે બંને મેચોમાં બે વિકેટ હાંસલ કરી છે, પણ તેની ઈકોનોમી રેટ સારી છે.









# ગ્રેસડેલ-ડંકનવુડ્સ સિનિયર્સ ગ્રૂપ દ્વારા નોર્થ યોર્કમાં યાદગાર આઉટડોર પિકનિક : પ્રકૃતિની મધુરતા વચ્ચે આહલાદક આનંદની અનુભૂતિ

## ભજન, ગીત-સંગીત, રમતો જેવી પ્રવૃત્તિઓ પણ યોજાઇ, હાસ્યની કૃતિએ સભ્યોને વધુ આનંદીત બનાવ્યા

ગ્રેસડેલ : ગ્રેસડેલ-ડંકનવુડ્સ સિનિયર્સ ગ્રૂપ દ્વારા એક સુંદર અને યાદગાર આઉટડોર પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરેક સભ્ય માટે આનંદ અને ઉલ્લાસથી ભરેલું રહ્યું હતુ. આ પિકનિક વિશેષ રૂપે પ્રકૃતિની મધુરતા વચ્ચે યોજાઈ અને સૌએ ખુબ જ આનંદદાયક વાતાવરણનો અનુભવ કર્યો હતો. આ પ્રસંગે પરંપરાગત ગુજરાતી ભોજનમાં ઊંધીયું અને ક્રિસ્પી, મધુર જલેબી બનાવવામાં આવી હતી, જેને આરોગીને દરેક લોકોએ ખૂબ જ માણી હતી. ઉપરાંત ગરમા ગરમ ગોટા, ચા અને ઠંડા પીણાંની પણ સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગને વધુ ખાસ બનાવવા માટે NYGC ગ્રૂપના પ્રમુખ પ્રજ્ઞેશ પટેલ અને ઉપપ્રમુખ ચેતન અમીનને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને વધુ ઉર્જાવાન અને સમૃદ્ધ બનાવ્યો હતો. બંને મહેમાનો દ્વારા સિનિયર ગ્રૂપના પ્રવૃત્તિઓની પ્રશંસા કરવામાં આવી હતી અને તેઓએ ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું મહત્વ સમજાવ્યું હતુ. પિકનિક દરમિયાન ભજન, ગીત-સંગીત, રમતો જેવી પ્રવૃત્તિઓ પણ યોજાઈ હતી. કેટલાક સભ્યો દ્વારા હાસ્ય પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતુ, જેના કારણે દરેક જણનું મન મુકાયું અને હસીને લોટપોટ થઈ ગયા હતા. આ પિકનિક ગ્રેસડેલ સિનિયર્સ ગ્રૂપનું આ સમરમાં આયોજિત ચોથું સફળ અને યાદગાર ઈવેન્ટ રહી હતી. આવા કાર્યક્રમો દ્વારા સભ્યો વચ્ચેના સંબંધો મજબૂત બને છે અને જીવનમાં ખુશીઓના પલોને ઉજવી શકાય છે. આયોજન કરવા બદલ ગ્રૂપના સંચાલકો અને સ્વયંસેવકોનો પિકનિકમાં ભાગ લેનાતા તમામે આભાર માન્યો હતો.

**ગુજરાતી ભોજનમાં ઉંધીયું અને જલેબી તથા નાસ્તામાં ગરમ ગોટા અને ચા પીરસાયા**

# નવી હાઉસિંગ એજન્સી શરૂ કરવા કાર્નેની જાહેરાત, નવા પ્રોજેક્ટ્સ માટે ભંડોળ ફાળવ્યું

## એજન્સી ફેડરલ હાઉસિંગ કાર્યક્રમોનું નિરીક્ષણ કરશે, 6 સ્થળોની પસંદગી કરાઈ

**ટોરોન્ટો**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ રવિવારે બપોરે બિલ્ડ કેનેડા હોમ્સ શરૂ કરવાની જાહેરાત કરી હતી, જે ફેડરલ સરકારની નવી એજન્સી છે. આ એજન્સી ફેડરલ હાઉસિંગ કાર્યક્રમોનું નિરીક્ષણ કરશે. આ એજન્સી લિબરલ્સના ચૂંટણી વચનનો ભાગ હતી, જે હાઉસિંગ બાંધકામને બમણું કરશે. સરકાર બિલ્ડ કેનેડા હોમ્સને ફેડરલ સ્તરે શરૂ કરાયેલા નવા સસ્તા હાઉસિંગ કાર્યક્રમોનું નિરીક્ષણ કરવા માટે એક કેન્દ્રિય એજન્સી તરીકે રજૂ કરી રહી છે. વડાપ્રધાને એવી પણ જાહેરાત કરી હતી કે, ટોરોન્ટોના ભૂતપૂર્વ સિટી કાઉન્સિલર એના બૈલો બિલ્ડ કેનેડા હોમ્સના સીઈઓ હશે. કાર્નેએ જણાવ્યું હતું કે, નવી એજન્સી માટે ૧૩ બિલિયન ડોલર ફાળવવામાં આવ્યા છે, જે દેશભરમાં શરૂઆતના છ સ્થળો પર ૪,૦૦૦ મોડ્યુલર ઘરોના નિર્માણ માટે ભંડોળ પૂરું પાડવામાં મદદ કરશે. જેની ક્ષમતા ૪૫,૦૦૦ સુધી વધારવામાં આવશે.

શરૂઆતના છ સ્થળો ઓટાવા, એડમોન્ટન, વિનીપેગ, ટોરોન્ટો, લોંગ્યુઈલ, ક્વિબેક અને ડાર્ટમાઉથ, એન.એસ.માં છે. પૃષ્ઠભૂમિ પર બોલતા સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર તે ૪,૦૦૦ ઘરોનું બાંધકામ આવતા વર્ષે શરૂ થવાની ધારણા છે. પોઈલીવરે તેમના બે ઝુંબેશના વચનોમાં ફેરફાર કરીને કહ્યું કે, સરકારે ઘર નિર્માણમાં ફરીથી રોકાણ કરાયેલા નાણાં પર મૂડી લાભ કર નાબૂદ કરવો જોઈએ અને $ 1.3 મિલિયનથી ઓછી કિંમતના ઘરોની ખરીદી પર પાંચ ટકા ફેડરલ વેચાણ કર નાબૂદ કરવો જોઈએ. કેનેડા મોરગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશન (CMHC) ના આ મહિનાની શરૂઆતમાં પ્રકાશિત થયેલા એક અહેવાલમાં જણાવાયું હતું કે, આ વર્ષના પ્રથમ છ મહિનામાં એકંદર હાઉસિંગ શરૂઆત સર્વકાલીન ઉચ્ચતમ સ્તરની નજીક હતી. તેણે કહ્યું હતું કે, ટોરોન્ટો 30 વર્ષમાં તેની સૌથી ઓછી વાર્ષિક હાઉસિંગ શરૂઆત માટે ગતિશીલ છે અને 2024ની તુલનામાં વાનકુવરમાં બાંધકામમાં મંદીનો અહેવાલ આપ્યો છે.

# ડ્રાઈવિંગ લાઇસન્સ પર ફરજિયાત 'નાગરિકતા માર્ક્સ' ધરાવતો આલ્બર્ટા પહેલો પ્રાંત બનશે

**આલ્બર્ટા**

આલ્બર્ટાની સરકારે સોમવારે જાહેરાત કરી હતી કે, ડ્રાઈવિંગ લાઈસન્સ અને ઓળખ કાર્ડમાં "કેનેડિયન નાગરિકતા માર્કર્સ" હશે. પ્રીમિયર ડેનિયલ સ્મિથે પત્રકારોને જણાવ્યું હતું કે, ફરજિયાત ફેરફાર, જે કેનેડામાં તેના પ્રકારનો પ્રથમ છે, તે 2026ના અંતમાં લાગુ થશે. ડ્રાઈવિંગ લાઈસન્સ પર નાગરિકતાની માહિતી ઉમેરવાથી આલ્બર્ટાના લોકો વિદ્યાર્થી સહાય, આરોગ્ય લાભો અને અપંગતા સહાય જેવી ભંડોળ અને સેવાઓ માટે વધુ અસરકારક રીતે અરજી કરી શકશે. આ ફેરફારનો અર્થ એ છે કે, જ્યારે આલ્બર્ટાના લોકોને તેમની ઓળખ અને તેમની નાગરિકતા બંને સાબિત કરવાની જરૂર હોય, ત્યારે તેઓ એક જ દસ્તાવેજ સાથે આમ કરી શકશે. આ ફેરફાર "આપણા લોકશાહીનું રક્ષણ કરવા વિશે પણ છે. આ ફેરફાર ચૂંટણીની અખંડિતતા અને સુરક્ષા જાળવવામાં મદદ કરશે. સ્મિથે કહ્યું કે, આલ્બર્ટામાં રહેતા કાયમી રહેવાસીઓ અને બિન-નાગરિકોના કાર્ડ ઉપર કોઈ માર્કર પ્રદર્શિત થશે નહીં. પ્રાંત અનુસાર ડ્રાઈવિંગ લાઈસન્સ માટે અરજી કરતી વખતે અથવા રિન્યુ કરતી વખતે આલ્બર્ટાના લોકોએ નાગરિકતા અથવા ઈમિગ્રેશન સ્થિતિનો પુરાવો પ્રદાન કરવાની જરૂર પડશે. તેમણે ડ્રાઈવિંગ લાયસન્સ પર નાગરિકતાનો દરજ્જો દર્શાવવા અથવા તેનો અભાવ હોવા અંગેની ગોપનીયતાની ચિંતાઓ તરફ ધ્યાન દોર્યું હતુ.

**વિવિધ યોજનાના લાભ માટે સરળતાથી અરજી કરવામાં મદદ મળવાની આશા**

# કાર્ને સરકાર ઓક્ટોબર કે નવેમ્બરમાં પહેલું બજેટ રજૂ કરવાની વેતરણમાં

## રૂઢિચુસ્ત નેતા પિયર પોઇલીવરે બજેટમાં વિલંબ કરવા બદલ લિબરલ્સની ટીકા કરી

ઓન્ટેરિયો : લિબરલ સરકાર નવેમ્બરની શરૂઆતમાં વડા પ્રધાન માર્ક કાર્નેના નેતૃત્તવ હેઠળનું પહેલું ફેડરલ બજેટ રજૂ કરશે. મંગળવારે પ્રશ્નકાળ દરમિયાન, નાણામંત્રી ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેને જણાવ્યું હતું કે, ફેડરલ નાણાકીય બજેટ 4 નવેમ્બરે રજૂ કરવામાં આવશે.

નવેમ્બરની શરૂઆતની તારીખ સરકારે શરૂઆતમાં સૂચવ્યા કરતા મોડી છે. કાર્નેએ મે મહિનામાં કહ્યું હતું કે બજેટ ઓક્ટોબરમાં આવશે.

જો કે, ગત સોમવારે સવારે સરકારી ગૃહના નેતા સ્ટીવન મેકકિનને સંકેત આપ્યો હતો કે, લિબરલ્સના પાનખર એજન્ડા રજૂ કરતી એક પત્રકાર પરિષદ દરમિયાન બજેટ આવતા મહિને રજૂ કરવામાં આવશે. નાણામંત્રી શેમ્પેને, ઓક્ટોબરમાં બજેટ રજૂ કરશે. હું શું અપેક્ષા રાખવી તેની વિગતોમાં જઈશ નહીં. વડાપ્રધાન અને નાણામંત્રી બંનેએ આ બજેટના મહત્ત્વ પર ભાર મૂક્યો છે. લિબરલ્સે સંકેત આપ્યો છે કે, તેઓ 2026-27 નાણાકીય વર્ષ માટે સરકારી કાર્યકારી ખર્ચમાં 7.5 ટકા, પછીના વર્ષે 10 ટકા અને 2028-29માં 15 ટકાનો ઘટાડો કરવાનો ઈરાદો ધરાવે છે. ડિસેમ્બરથી જનતાની ફેડરલ નાણાકીય વ્યવસ્થા પર નજર નથી, જ્યારે ખાધ $61.9 બિલિયન અંદાજવામાં આવી હતી. શેમ્પેને મંગળવારે પત્રકારોને જણાવ્યું હતું કે, લિબરલ્સ સરકારના ઓપરેશનલ બજેટ અને મૂડી રોકાણો વચ્ચે તફાવત કરશે- જે દર્શાવે છે કે તેઓ બાદમાં વધારો કરતી વખતે પહેલામાં બચત શોધવાનું વિચારી રહ્યા છે. બજેટ પસાર કરવા લિબરલ્સને લઘુમતી સંસદમાં ઓછામાં ઓછા એક અન્ય પક્ષના સમર્થનની જરૂર પડશે. બજેટ પણ વિશ્વાસ મત છે, જેનો અર્થ એ છે કે જો તે પસાર નહીં થાય તો તે પડી જશે. રૂઢિચુસ્ત નેતા પિયર પોઈલીવરે બજેટમાં વિલંબ કરવા બદલ લિબરલ્સની ટીકા કરી અને સરકારને "આ બેદરકારીભર્યા લિબરલ ખર્ચને ઉલટાવી દેવા" હાકલ કરી હતી.

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!




Welcome to this charming East End Hi-Ranch home, perfectly situated within walking distance to schools, shopping, and all essential amenities! This spacious and well-maintained home features 5 bedrooms, 2 full bathrooms, and the potential for a 6th bedroom in the lower level ideal for growing families, those seeking additional space or for an investment. On the main floor, you'll find: A bright and open living room flowing seamlessly into the dining area, An updated kitchen with plenty of cabinetry, counter space, and direct access to the back deck. Step outside to enjoy the deck, perfect for entertaining or relaxing, plus a storage shed included with the home. Three well-sized bedrooms, including a primary bedroom with cheater-door access to the 5-piece main bathroom featuring a double vanity. The fully finished lower level offers, Two additional bedrooms, A large family room with a cozy electric fireplace, A multi-purpose office/workshop (which can easily be converted into a 6th bedroom), A laundry room, storage room, and a utility closet. You can easily turn the basement into a rental suite for an extra income. This home has lots to offer, you won't be disappointed.




Live upstairs and rent the basement for an extra income. Thousands spent $$$ on this two- bedroom Legal basement 2 bedroom apartment with an ensuite laundry. Three good-sized bedrooms on the main floor, renovated bathroom. The updated kitchen has a new backsplash, breakfast bar, and stainless steel appliances. No carpet. There is a large double-sized driveway for multiple car parking. It is close to all amenities, such as schools, colleges, parks, transit, Hwy 401, and much more. Near Fanshawe College and Western University.




Ready to move in! Recently spent top $$$ on renovations. Spacious 2 bedrooms, 1 washroom. Freshly painted, new flooring, light fixtures. Easy access to transit, Hwy 400 and 401. Very family oriented neighborhood. Situated in a prime location, you'll be in close proximity to schools, parks, Humber River hospital and library as well as the renowned Yorkdale Shopping Centre & Lawrence Square Shopping Centre. Enjoy the convenience of having Home Depot, Walmart, Metro and Yorkdale Mall just a quick 10-minute drive away, ensuring unmatched shopping accessibility. Additionally, with TTC stops a mere 3-minute walk away, commuting becomes a seamless experience. Seize the opportunity- this spacious unit is perfect for first-time homebuyers, offering generous space, a super location.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
**D: (647) 501-6786 | D: (647) 308-2941**
**F : (416) 298-8303 | P: (647) 666-8676**


Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

---

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

**Mechanical Engineer (Ahmedabad, India)**

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

**SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner**

**36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M**
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

**• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)**
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

**• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)**
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

**17 Room Motel in Huntsville - $2.5M**
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

**• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD**

- 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
- 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
- Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K

Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

**21 Room Motel in Gravenhurst - $1.7M**
100% occupancy by longterm customers living for many years – Selling AS IS – Buyer to assume all customers on closing

**12 Room Motel in Blind River - $1,050,000**
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

**17 Room Motel near Chatham - $1.7M**
With 2 BR fully renovated house, One Man Opertion and operating costs are under $40K

**Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario**
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

**15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M**
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

**10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000**
Nicely renovated, year round buniness

**Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100**

# હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

## Chapel Ridge
*Funeral Home & Cremation Centre*

## North Toronto
*Crematorium Inc.*

*in partnership with*

Chapel Ridge FUNERAL HOME & CREMATION CENTRE

North Toronto CREMATORIUM



**Vilo** Licensed Funeral Director (416) 993-0826

**Harjinder** Licensed Funeral Director (647) 966-0093

**Christeen** Licensed Funeral Director (416) 258-6759

**Kirti** Licensed Funeral Preplanner (416) 417-0182

**Complete Funeral Package Pricing $4895.00** *Includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga



Everything in one Place!



2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com